## Current Affairs August-2019

### 1. August 2019

**(૧) પરમજીત સિંહ – ભારતીય સેનાના નવા DGMO**

– લેફ્ટનેન્ટ જનરલ પરમજીતસિંહને ભારતીય સેનાના નવા DGMO ડાયરેક્ટર જનરલ ઓફ મિલીટ્રી ઓપરેશન) નિયુક્ત કરવામાં આવ્યા.

– તેઓ ૧૫ ઓક્ટોમ્બરથી અનિલ ચૌહાણનું સ્થાન લેશે.

– હાલ લેફ્ટનેન્ટ જનરલ પરમજીત સિંહ નગરોટા બેસ્ટ XVI કોર્પ્સ માં જનરલ કમાંડિંગ ઓફિસર તરીકે સેવા આપે છે

– DGMO તરીકે તેઓ જમ્મુ કશ્મીર ખાતે Loc માં ભારતીય સેનાનું નેતૃત્વ કરશે.

– તેઓ તમિલનાડુના વેલિંગ્ટન ખાતે આવેલ ડિફેન્સ સર્વિસ સ્ટાફ અને મહુ ખાતે આવેલ આર્મી વાર કોલેજના વિદ્યાર્થી છે.

– તેઓ વર્ષ ૧૯૮૨માં ભારતીય સેનામાં જોડાયા હતા.

**(૨) પૂર્વ કેન્દ્રિયમંત્રી જયપાલ રેડ્ડીનું નિધન :**

– પૂર્વ કેન્દ્રિય મંત્રી અને કોંગ્રેસના વરિષ્ઠનેતા જયપાલ રેડ્ડીનું ૨૮ જુલાઇ ૨૦૧૯ના રોજ નિધન થયું.

– તેમનો જન્મ ૧૬ જાન્યુઆરી ૧૯૪૨ના રોજ તેલંગાણાના મદ્બુલ ખાતે થયો હતો.

– તેઓ વર્ષ ૨૦૦૪માં મિયાર્લગુડા લોકસભા બેઠક પરથી ચૂંટાઇ આપ્યા હતા.

– તેઓ પ્રથમ યુપીએ સરકારમાં કેન્દ્રીય સૂચના અને પ્રસારણ મંત્રી તથા શહેરી વિકાસ મંત્રી રહ્યા હતા.

– બીજી યુપીએ સરકારમાં તેઓ વર્ષ ૨૦૧૨ થી ૨૦૧૪ સુધી કેન્દ્રીય વિજ્ઞાન અને ટેકનોલોજિ મંત્રી રહ્યા હતા.

**(૩) સુપ્રિમ કોર્ટમાં જજોની સંખ્યામાં ૧૦ ટકા વધારાને મંજૂરી – કેન્દ્રિય કેબિનેટ :**

– કેન્દ્રીય કેબિનેટ દ્વારા સુપ્રીમ કોર્ટમાં જજોની સંખ્યામાં ૧૦ ટકા વધારાને મંજૂરી આપવામાં આવી.

– કેબિનેટની મંજૂરી બાદ હવે આ પ્રસ્તાવને સંસદમાં બિલ સ્વરૂપે રજૂ કરવામાં આવશે.

– આ મંજૂરી બાદ સુપ્રીમ કોર્ટમાં ચીફ જસ્ટિસ સિવાય અન્ય જજોની સંખ્યા ૩૩ હશે. જે પહેલા ૩૦ હતી.

– કેન્દ્ર સરકાર દ્વારા ધ સુપ્રીમ કોર્ટ (નંબર ઓફ જજ) અમેન્ડમેન્ટ બિલ ૨૦૦૮ અંતર્ગત અગાઉ વર્ષ ૨૦૦૮માં સુપ્રીમ કોર્ટમાં જજોની સંખ્યા ૨૬ થી વધારીને ૩૧ કરવામાં આવી હતી.

– જે હાલમાં પણ લાગુ થયેલ છે.

**સુપ્રીમ કોર્ટ**

– સ્થાપના – ૧ ઓક્ટોબર ૧૯૩૫ (અંગ્રેજો દ્વારા ફેડરલ કોર્ટ ઓફ ઇન્ડિયા

– સ્વતંત્રતા બાદ સુપ્રીમ કોર્ટ ઓફ ઇન્ડિયા તરીકે ૨૮ જાન્યુઆરી ૧૯૫૦ થી કાર્યરત છે.

– સુપ્રીમ કોર્ટની સ્થાપના અનુચ્છેદ ૧૨૪ અંતર્ગત કરવામાં આવી છે.

– સુપ્રીમ કોર્ટ બંધારણના વાલી તરીકે કાર્ય કરે છે.

– સુપ્રીમ કોર્ટનું આદર્શ વાક્ય ‘ય તો ધર્મસ્તતો જય’ છે.

– ચીફ જસ્ટિફ ઓફ ઇન્ડિયા – રંજન ગોગોઇ (૪૬માં)

**(૪) Indian Air force a cut above ભારતીય વાયુસેના**

– તાજેતરમાં ભારતીય વાયુસેના દ્વારા યુદ્ધ આધારિત મોબાઇલ ગેમ લોન્ચ કરવામાં આવી.

– આ ગેમનું લોન્ચિંગ નવી દિલ્લી ખાતે ભારતીય વાયુસેનાના વડા એર ચીફ માર્શલ બી.એસ. ધનોવા દ્વારા કરવામાં આવ્યું છે.

– આ જેમનું નામ Indian Air force a cut above રાખવામાં આવ્યું છે.

– આ ગેમ દેશના યુવાનોને ભારતીય વાયુસેનામાં જોડાવા માટે પ્રોત્સાહિત કરવાના ઉદ્દેશ્યથી લોન્ચ કરવામાં આવી છે.

– આ ગેમ એન્ડ્રોઇડ અને આઇઓએસ સિસ્ટમ પર ઉપલબ્ધ કરવામાં આવી છે.

– ભારતીય વાયુસેનાની સ્થાપના ૮ ઓક્ટોબર ૧૯૩૨ના રોજ થઇ હતી.

**(૫) AH-64E અપાચે ગાર્જિયન ફાઇટર હેલિકોપ્ટરની પ્રથમ બેચ ભારત પહોંચી .**

– તાજેતરમાં અમેરિકાની એરસ્પેસ કંપની બોઇંગ દ્વારા ભારતીય વાયુસેનાને સોંપેલ AH-64E અપાચે ગાર્જિયન ફાઇટર હેલિકોપ્ટરની પ્રથમ બેચ ભારત પહોંચી.

– આ હેલિકોપ્ટરને ચલાવવા માટે પાઇલટે અમેરિકાના અલબામા ખાતેના ફોર્ટ એરબેઝમાં ટ્રેનિંગ લીધી હતી.

– અપાચે ગાર્જિયન ફાઇટર હેલિકોપ્ટર માટે ભારત અને અમેરીકા વચ્ચે સપ્ટેમ્બર ૨૦૧૫માં આ ડીલ થઇ હતી.

– માર્ચ ૨૦૨૦ સુધીમાં ભારતીય વાયુસેનામાં કુલ ૨૨ અપાચે ગાર્જિયન ફાઇટર હેલિકોપ્ટર સામેલ કરવામાં આવશે.

**AH-64E અપાચે ગાર્જિયન ફાઇટર હેલિકોપ્ટર :**

– એન્જિન – બે ટર્બો શેફ્ટ એન્જિન તેનાથી રાત્રે ઉડાન સરળ બને છે.

– સ્પીડ ૩૬૫/ પ્રતિ કલાક

– હથિયાર – હેલિફાયર અને સ્ટ્રિંગર મિસાઇલ લાગેલી છે.

– વજન ૫૧૬૫ કિલોગ્રામ છે.

– આ હેલિકોપ્ટર હુમલા સિવાય યુદ્ધના વિસ્તારની તસવીર લેવામાં સક્ષમ છે.

– અમેરિકાએ અપાચે હેલિકોપ્ટરનો ઉપયોગ પનામા, અફઘાનિસ્તાન, ઇરાકના યુદ્ધમાં કર્યો હતો.

– તેનો ઉપયોગ આતંકી ઓસામા બિન લાદેનને ખતમ કરવા માટે કર્યો હતો.

– આ હેલિકોપ્ટરે પ્રથમ ઉડાન વર્ષ ૧૯૭૫માં ભરી હતી. તેને અમેરિકન સેનામાં વર્ષ ૧૯૮૬માં સામેલ કરવામાં આવ્યું હતું.

– હાલ આ હેલિકોપ્ટર અમેરિકા, ઇઝરાયલ, મિસ્ર, નેધરલેન્ડ, જાપાન, સિંગાપોર અને યુએઇની પાસે છે.

પ્રશ્નો :

(૧) તાજેતરમાં ભારતીય સેનાના નવા DGMO (ડાયરેક્ટ જનરલ ઓફ મિલીટ્રી ઓપરેશન) તરીકે કોને નિયુક્ત કરવામાં આવ્યા ?

– લેફ્ટનેન્ટ જનરલ પરમજીત સિંહને

(૨) લેફ્ટનેન્ટ જનરલ પરમજીત સિંહ ભારતીય સેનાના નવા DGMO તરીકે કોનું સ્થાન લેશે ?

– અનિલ ચૌહાણ

(૩) તાજેતરમાં અવસાન પામેલ જયપાલ રેડ્ડી ક્યાં રાજ્યના છે ?

– તમિલનાડુ

Vivekanand Academy Gandhinagar

(૪) કેન્દ્રીય કેબિનેટ દ્વારા સુપ્રીમ કોર્ટમાં જજોની સંખ્યામાં કેટલા ટકાના વધારાને મંજૂરી આપવામાં આવી ?
– ૧૦ ટકા
(૫) કેન્દ્ર સરકાર દ્વારા ધ સુપ્રીમ કોર્ટ (નંબર ઓફ જજ) અમેન્ડમેન્ટ બિલ ૨૦૦૮ અંતર્ગત સુપ્રીમ કોર્ટમાં જજોની સંખ્યા ૨૬ થી વધારીને કેટલી કરવામાં આવી હતી જે હાલમાં પણ લાગુ થયેલ છે ?
– ૩૧
(૬) સુપ્રીમ કોર્ટનું આદર્શ વાક્ય જણાવો ?
– 'ય તો ધર્મસ્તતો જય'
(૭) તાજેતરમાં ભારતીય વાયુસેના દ્વારા યુદ્ધ આધારિત મોબાઇલ ગેમ લોન્ચ કરવામાં આવી તેનું નામ જણાવો ?
– Indian Air force a cut above
(૮) ભારતીય વાયુસેનાએ AH-64 E અપાચે ગાર્જિયન ફાઇટર હેલિકોપ્ટરની ખરીદી કયાં દેશ પાસેથી કરી ?
– અમેરિકા

## 2. August 2019

**(૧) ગાંધીનગર સ્થાપના દિન :**
– ગુજરાત રાજ્યના પાટનગર ગાંધીનગરનો આજે ૫૫ મો સ્થાપના દિન
– ૧૬ માર્ચ ૧૯૬૦ના રોજ ગાંધીનગર શહેરની સ્થાપના કરવાની જાહેરાત કરવામાં આવી હતી.
– ગાંધીનગરની સ્થાપના ૨ ઓગસ્ટ ૧૯૬૫ના રોજ પ્રથમ ઇમારતની પ્રથમ ઇંટ મૂકી કરવામાં આવી હતી.
– આ શહેરને ગાંધીનગર નામ રાષ્ટ્રપિતા મહાત્મા ગાંધીની યાદમાં રાખવામાં આવ્યું હતું.
– આ શહેર સાબરમતી નદીના કિનારે આવેલ છે.
– ગાંધીનગરનું નગર આયોજન ફ્રેન્ચ શિલ્પી લીકાબુર્શીયર (ચંદીગઢના નિર્માતા) ના શિષ્ય પ્રકાશ એમ. આપ્ટે. બાલકૃષ્ણ દોશી અને હરગોવિંદ મેવાડા દ્વારા કરવામાં આવ્યું હતું.
– ૧ મે ૧૯૭૦ના રોજ ગાંધીનગર પાટનગર તરીકે સ્થળાંતર કરવામાં આવ્યું હતું. (હિતેન્દ્ર દેસાઇના સમયે)

**(૨) પિંગલી વેંકૈયા – જન્મજયંતિ :**
– સ્વતંત્રતા સેનાની અને ભારતના રાષ્ટ્રીય ધ્વજના ડિઝાઇનર પિંગલી વેંકૈયાની આજે જન્મ જયંતિ.
– તેમનો જન્મ ૨ ઓગસ્ટ ૧૮૭૬ના રોજ આંધ્રપ્રદેશના કૃષ્ણા જિલ્લા ખાતે થયો હતો.
– ગાંધીવાદી સિદ્ધાંત ધરાવતા પિંગલી વેંકૈયા ભાષાવિદ્, ભૂગર્ભ શાસ્ત્રી અને લેખક હતા.
– દેશ આઝાદ થયા બાદ બંધારણ સભામાં પંડિત જવાહરલાલ નહેરૂએ ૨૨ જુલાઇ ૧૯૪૭ના રોજ વર્તમાન ત્રિરંગા ધ્વજને રાષ્ટ્રીય ધ્વજ તરીકે જાહેર કર્યો હતો.
– ત્રિરંગા ધ્વજમાં ત્રણ રંગ છે ઉપર કેસરી, વચ્ચે સફેદ અને નીચે લીલો.
– સફેદ રંગના પટ્ટામાં બ્લૂ રંગથી બનેલું અશોકચક્ર છે, જેમાં ૨૪ રેખા હતી જે ધર્મ અને કાયદાનું પ્રતિનિધિત્વ કરતી હતી. આ અશોક ચક્ર સારનાથના સિંહાકૃતિવાળા અશોક સ્તંભમાંથી લેવામાં આવેલ છે. અશોક ચક્રનો વ્યાસ સફેદ પટ્ટાની પહોળાનાં ૩/૪ ભાગ જેટલો હોય છે.
– રાષ્ટ્રીય ધ્વજ ત્રિરંગાનું સ્વરૂપ આજે પણ મોજુદ છે. તેના પિંગલી વેંકૈયાએ ડિઝાઇન કર્યો છે. રાષ્ટ્રધ્વજની લંબાઇ – પહોળાઇનું પ્રમાણ ૩:૨ છે.

**(૩) પ્રથમ એશિયન યોગા ચેમ્પિયનશીપ :**
– તાજેતરમાં બાંગ્લાદેશના ઢાકા ખાતે પ્રથમ એશિયન યોગા ચેમ્પિયનશીપનું આયોજન કરવામાં આવ્યું હતું.
– આ ચેમ્પિયનશીપ ભારત સહિત કુલ આઠ દેશોએ ભાગ લીધો હતો.
– આ ચેમ્પિયનશીપ ભારત ૨૨ ગોલ્ડ, ૪ સિલ્વર અને ૨ બ્રોન્ઝ સાથે પ્રથમ સ્થાને રહ્યું હતું.
– આ ચેમ્પિયનશીપ ગુજરાતનાં ગીર સોમનાથ જિલ્લાની વતની ભારતીએ ૪ મેડલ જીત્યા હતા. જેમાં ૨ ગોલ્ડ એક સિલ્વર અને એક બ્રોન્ઝનો સમાવેશ થાય છે.

**(૪) ઇનોવેટિંગ ફોર ક્લીન એર – બેંગ્લોર :**
– તાજેતરમાં ભારત અને યુનાઇટેડ કિંગડમ દ્વારા બેંગ્લોર ખાતે બે વાર્ષિય સંયુક્ત પહેલની શરૂઆત કરવામાં આવી.
– આ પહેલને ઇનોવેટિંગ ફોર ક્લીન એર નામ આપવામાં આવ્યું છે.
– આ પહેલ અંતર્ગત હવાની ગુણવત્તાને સુધારવા માટે મહત્વપૂર્ણ પગલાઓ લેવામાં આવશે.
– આ પહેલ અંતર્ગત ઇલેક્ટ્રીક વાહનો નવીનીકરણ ઉર્જા વગેરેને પ્રોત્સાહન આપવામાં આવશે.

**(૫) ઇસરોની ટેકનિકલ સંપર્ક શાખાની સ્થાપનાને મંજૂરી – કેન્દ્રીય કેબિનેટ :**
– તાજેતરમાં કેન્દ્રીય મંત્રીમંડળ દ્વારા રશિયાની રાજધાની મોસ્કો ખાતે ઇસરોની ટેકનિકલ સંપર્ક શાખાની સ્થાપના માટે મંજૂરી આપવામાં આવી.
– આ શાખાની સ્થાપના વર્ષ ૨૦૨૨ના મિશન ગગનયાનમાં રશિયાની ભાગીદારી અને ભારત રશિયા વચ્ચેના અંતરિક્ષ સહયોગ સંબંધોમાં વધારો કરવાના હેતુથી કરવામાં આવશે.
– મોસ્કો ખાતે ઇસરોની આ છઠ્ઠી શાખા ટેકનિકલ સંપર્ક શાખા બનશે.
– માસ્કો પહેલા ઇસરો દ્વારા વોશિંગ્ટન અને પેરિસ ખાતે પોતાની ટેકનિકલ સંપર્ક શાખાની સ્થાપના કરવામાં આવી હતી.

ઇસરો :
ઇંડિયન સ્પેસ રિસર્ચ ઓર્ગેનાઇઝેશન
સ્થાપના : વર્ષ ૧૯૬૯માં
સ્થાપક : વિક્રમ સારાભાઇ
મુખ્યાલય : બેંગ્લોર
વર્તમાન ચેરમેન : કે. સીવાન

**(૬) ફ્લિપકાર્ટ 'સમર્થ'**
– તાજેતરમાં જાણીતી ઇ કોમર્સ કંપની ફ્લિપકાર્ટ દ્વારા પોતાના નવા પ્લેટફોર્મ 'સમર્થ'ની શરૂઆત કરવામાં આવી.
– આ પ્લેટફોર્મની શરૂઆત ભારતીય શિલ્પકારોને પ્રોત્સાહન આપવાના હેતુથી કરવામાં આવી છે.
– આ પ્લેટફોર્મને રાજ્ય કક્ષાના નાણાં અને કોર્પોરેટ બાબતોના મંત્રી અનુરાગ ઠાકુર અને ફ્લિપકાર્ટના સીઇઓ કલ્યાણ કૃષ્ણમૂર્તિ દ્વારા લોન્ચ કરવામાં આવ્યું.
– ભારતીય શિલ્પકારોને 'સમર્થ' પ્લેટફોર્મ સાથે જોડવા માટે ફ્લિપકાર્ટ દ્વારા ૫ એનજીઓની મદદ લેવામાં આવી છે.
– 'સમર્થ' પ્લેટફોર્મ દ્વારા શિલ્પકારો પોતાની કૃતિઓ ફ્લિપકાર્ટના માધ્યમથી વહેચી શકશે.
– ફ્લિપકાર્ટની સ્થાપના વર્ષ ૨૦૦૭માં થઇ હતી.
– તેનું વડુમથક બેંગ્લોર ખાતે આવેલ છે.
– ફ્લિપકાર્ટના સ્થાપક – સચિન બંસલ અને બિન્ની બંસલ

**(૭) QS બેસ્ટ સ્ટેડન્ટ્સ સિટીઝ રેંકિંગ :**

- તાજેતરમાં QS બેસ્ટ સ્ટુડન્ટ્સ સિરીઝ રેંકિંગ જાહેર કરવામાં આવ્યું.
- આ રેંકિંગ બ્રિટનની એજ્યુકેશનલ કંપની Quacquarelli Symonds દ્વારા તૈયાર કરવામાં આવ્યું છે
- આ રેંકિંગમાં વિશ્વના ૧૨૦ શહેરોને ૬ મૂલ્યાંકન શ્રેણીઓના આધારે સ્થાન આપવામાં આવ્યું છે.
- આ રેકિંગમાં લંડન સતત બીજી વખત વિદ્યાર્થી માટે સૌથી સારૂ શહેર બન્યું.
- આ રેકિંગમાં ટોક્યો અને મેલબોર્ન અનુક્રમે બીજા અને ત્રીજા સ્થાને છે.
- આ રેંકિંગમાં ભારતના બેંગ્લોરને ૮૧મું સ્થાન મળ્યું છે. બેંગ્લોર વિદ્યાર્થી માટે ભારતનું સૌથી બેસ્ટ શહેર બન્યું છે.
- આ રેંકિંગમાં અન્ય ભારતના શહેરોમાં મુંબઇ (૮૫માં સ્થાને) દિલ્લી (૧૧૩ માં સ્થાને) ચેન્નાઇ (૧૧૫માં સ્થાને) નો સમાવેશ થાય છે.

**(૮) ચર્ચિત વ્યક્તિત્વ – વી.જી. સિદ્ધાર્થ :**

- તાજેતરમાં કર્ણાટકના ઉદ્યોગ સાહસિક અને 'કાફે કૉફી ડે' ના ચેરમેન તેમજ મેનેજિંગ ડાયરેક્ટર વી.જી. સિદ્ધાર્થનું નિધન થયું.
- તેઓ દેશની જાણીતી કાફે ચેન 'કાફે કૉફી ડે' ના સ્થાપક હતા.
- વી.જી. સિદ્ધાર્થનો જન્મ વર્ષ ૧૯૫૯માં કર્ણાટકના ચિકમંગલૂર ખાતે થયો હતો.
- તેમણે વર્ષ ૧૯૯૩માં ABC નામની કૉફી ટ્રેડિંગ કંપનીની સ્થાપના કરી હતી.
- તેઓએ પોતાના પ્રથમ 'કાફે કૉફી ડે' ની સ્થાપના વર્ષ ૧૯૯૬માં કર્ણાટક ખાતે કરી હતી હાલ દેશ અને દુનિયામાં 'કાફે કૉફી ડે' ૧૫૦૦ થી વધુ આઉટકેટ્સ ધરાવે છે.
- હાલ તેમના સ્થાને 'કાફે કૉફી ડે' ના કાર્યકારી ચેરમેન તરીકે એસ.વી. રંગનાથનની નિમણૂક કરવામાં આવી છે.

પ્રશ્નો :

(૧) તાજેતરમાં ગાંધીનગરનો કેટલામો સ્થાપના દિન મનાવવામાં આવ્યો ?
- ૫૫ મો

(૨) ગાંધીનગરનું નગર આયોજન કોના દ્વારા કરવામાં આવ્યું હતું ?
- પ્રકાશ એમ. આપ્ટે બાલકૃષ્ણ દોશ અને હરગોવિંદ મેવાડા દ્વારા

(૩) પિંગલી વેકૈયા જન્મ ક્યાં થયો હતો ?
- આંધ્રપ્રદેશના કૃષ્ણા જિલ્લા ખાતે

(૪) તાજેતરમાં પ્રથમ એશિયન યોગા ચેમ્પિયનશીપનું આયોજન કરવામાં આવ્યું હતું ?
- બાંગ્લાદેશના ઢાકા ખાતે

(૫) તાજેતરમાં ભારત અને યુનાઇટેડ કિંગડમ દ્વારા બે વાર્ષિય સંયુક્ત પહેલ ઇનોવેટિંગ ફોર ક્લીન એરની શરૂઆત કરવામાં આવી ?
- બેંગ્લોર ખાતે

(૬) તાજેતરમાં કેન્દ્રીય મંત્રીમંડળ દ્વારા કયાં ઇસરોની ટેકનિકલ સંપર્ક શાખાની સ્થાપના માટે મંજૂરી આપવામાં આવી ?
- રશિયાની રાજધાની મોસ્કો ખાતે

(૭) તાજેતરમાં કઇ ઇ કોમર્સ કંપનીએ ભારતીય શિલ્પકારોને પ્રોત્સાહન આપવાના હેતુથી 'સમર્થ' નામના પ્લેટફોર્મથી શરૂઆત કરવામાં આવી ?
- ફ્લિપકાર્ટ

(૮) તાજેતરમાં જાહેર થયેલ QS બેસ્ટ સ્ટુડન્ટ્સ સિટીઝ રેંકિંગમાં કયું શહેર પ્રથમ સ્થાને રહ્યું ?
- લંડન

(૯) તાજેતરમાં જાહેર થયેલ QS બેસ્ટ સ્ટુડન્ટ્સ સિટીઝ રેંકિંગમાં ભારતનું કયું શહેર ભારતમાં પ્રથમ સ્થાને રહ્યું ?
- બેંગ્લોર

(૧૦) દેશની જાણીતી કાફે ચેન 'કાફે કૉફી ડે' ના સ્થાપકનું નામ જણાવો ?
- વી.જી. સિદ્ધાર્થ

## 3. August 2019

**(૧) કવિ મૈથિલીશરણ જન્મજયંતિ :**

- કવિ મૈથિલીશરણ ગુપ્તની આજે જન્મજયંતિ છે.
- તેમનો જન્મ ૩ ઓગસ્ટ, ૧૮૮૬ના રોજ ચિરગાંવમાં (ઝાંસી) થયો હતો.
- તેમણે ૧૨ વર્ષની વયે જ કવિતા લખવાનું શરૂ કર્યુ હતું.
- મૈથિલીશરણ ગુપ્તે વર્ષ ૧૯૧૨માં રચેલ 'ભારત ભારતીય' ના ત્રણ ખંડોમાં દેશના ભૂતકાળ, વર્તમાન અને ભવિષ્ય રેખાંકિત કર્યું છે.
- મહાત્મા ગાંધીએ તેમને રાષ્ટ્ર કવિ તરીકે નવાજ્યા હતા.
- ભારત સરકાર દ્વારા તેમને વર્ષ ૧૯૫૪માં પદ્મભૂષણથી નવાજવામાં આવ્યા હતા.
- તેમની પ્રખ્યાત કૃતિઓ – પંચવટી, યશોધરા, સાકેત

**(૨) રેમન મેંગ્સેસ એવોર્ડ –૨૦૧૯**

- તાજેતરમાં ફિલિપાઇન્સના રેમન મેગ્સેસે એવોર્ડના વિજેતાની જાહેરાત કરવામાં આવી.
- આ સન્માન માટે કુલ પાંચ વ્યક્તિઓને એનાયત કરવામાં આવશે.
- ભારતના એનડીટીવીના પત્રકાર રવીશ કુમારને વર્ષ ૨૦૧૯નો રેમન મેગ્સેસે એવોર્ડ એનાયત કરવામાં આવશે.
- ભારતના કોઇ પત્રકારને આ સન્માન ૧૧ વર્ષ પછી મળ્યું છે. અગાઉ વર્ષ ૨૦૦૭માં પી.સાંઇનાથને ગ્રામીણ પત્રકારત્વ માટે રેમન મેગ્સેસે એવોર્ડ એનાયત કરવામાં આવ્યો હતો.
- રેમન મેગ્સેસે એવોર્ડ – ૨૦૧૯ રવીશ કુમાર ઉપરાંત ફિલિપાઇન્સના સંગીતકાર રેમન્ડો પૂજેન્તા, મ્યાનમારના પત્રકાર કે. સીવાન, થાઇલેન્ડના અનંગખાના નિલપીજીત અને દક્ષિણ કોરિયાના કીમ જોંગનો સમાવેશ થાય છે.
- રેમન મેગ્સેસે એવોર્ડ ૨૦૧૯ ફિલિપાઇન્સની રાજધાની મનીલા ખાતે સપ્ટેમ્બર ૨૦૧૯માં એનાયત કરવામાં આવશે.

**રેમન મેગ્સેસે એવોર્ડ :**

- રેમન મેગ્સેસે એવોર્ડ એશિયાનું સૌથી મોટું સન્માન છે. તેને એશિયાના નોબેલ તરીકે ઓળખવામાં આવે છે.
- આ એવોર્ડની શરૂઆત વર્ષ ૧૯૫૭માં રૉકફેલર બ્રધર્સ અને ફિલિપાઇન્સ સરકાર દ્વારા કરવામાં આવી હતી.
- આ એવોર્ડ ફીલીપાઇન્સના સાતમા રાષ્ટ્રપતિ રેમન મેગ્સેસની યાદમાં આપવામાં આવે છે.
- આ એવોર્ડ દર વર્ષે એશિયાઇ દેશોમાં ઉત્કૃષ્ટ યોગદાન આપનાર વ્યક્તિને આપવામાં આવે છે.
- આ વર્ષે ૬૧મો રેમન મેગ્સેસે એવોર્ડ આપવામાં આવશે. હાલ સુધીમાં એશિયાના ૩૩૦ લોકોને આ સન્માનથી સન્માનીત કરવામાં આવી ચૂક્યા છે.
- વર્ષ ૨૦૧૮માં ભારતના ભરત વાટવાની અને સોનમ વાંગચુકને આ સન્માન આપવામાં આવ્યું હતું.

- રેમન મેગ્સેસે એવોર્ડ જીતનાર પ્રથમ ભારતીય – વિનોબા ભાવે (વર્ષ– ૧૯૫૮માં)

**(૩) વિશ્વ સ્તનપાન સપ્તાહ :**

- તાજેતરમાં ભારત સહિત વિશ્વના ૧૨૦ દેશોમાં સ્તનપાનને પ્રોત્સાહન આપવાના હેતુથી વિશ્વ સ્તનપાન સપ્તાહનું આયોજન કરવામાં આવ્યું.
- ૧ ઓગસ્ટ થી ૭ ઓગસ્ટ ૨૦૧૯ સુધી મનાવવામાં આવનાર આ સપ્તાહનું ભારતમાં આયોજન કેન્દ્રીય મહિલા અને બાલ વિકાસ મંત્રાલય દ્વારા કરવામાં આવ્યું છે.
- કેન્દ્રીય મહિલા અને બાલ વિકાસ મંત્રાલયના ખાદ્ય અને પોષણ બોર્ડ દ્વારા સપ્તાહની ઉજવણી 'Empower Parents. Enable Breastdeeding' થીમ પર કરવામાં આવી રહી છે.
- વિશ્વ સ્તનપાન સપ્તાહનું આયોજન વર્ષ ૧૯૯૧ થી દર વર્ષે કરવામાં આવે છે.
- વર્તમાન કેન્દ્રીય મહિલા અને બાલ વિકાસ મંત્રી – સ્મૃતિ ઇરાની

**(૪) એક દેશ – એક રેશન કાર્ડ :**

- તાજેતરમાં રાષ્ટ્રીય ખાદ્ય સુરક્ષાને પ્રોત્સાહન આપવાના હેતુથી કેન્દ્ર સરકાર દ્વારા 'એક દેશ– એક રેશન કાર્ડ યોજનાની જાહેરાત કરવામાં આવી હતી.
- આ યોજના દેશના ચાર રાજ્યો તેલંગાણા આંધ્રપ્રદેશ, મહારાષ્ટ્ર અને ગુજરાતમાં પાયલોટ પ્રોજેક્ટ તરીકે શરૂ કરવામાં આવી.
- આ યોજના ૩૦ જૂન ૨૦૨૦ સુધીમાં સમગ્ર દેશમાં લાગુ કરવામાં આવશે.
- યોજના માટે દેશના તમામ રેશન કાર્ડાને આધાર કાર્ડ સાથે જોડવામાં આવશે.
- યોજના લાગુ થયા બાદ દેશના કોઇપણ સ્થળેથી કોઇપણ વિતરણ દુકાનેથી લાભાર્થી અન્ન મેળવી કશે.
- યોજનાને લાગુ કરવા માટે અન્ન વિતરણ પ્રથાને Point of sale Machine સાથે જોડવામાં આવશે.
- હાલ દેશના ૧૦ રાજ્યોમાં અન્નનું વિતરણ સંપૂર્ણ રીતને Point of sale Machine થી કરવામાં આવે છે.
- જેમાં ગુજરાત, રાજસ્થાન, ત્રિપુરા, હરિયાણા, તેલંગાણા, કેરળ, આંધ્રપ્રદેશ, ઝારખંડ, મહારાષ્ટ્ર, કર્ણાટકનો સમાવેશ થાય છે.
- ઉપરોક્ત તમામ રાજ્યોમાં રેશનની દુકાન ઇન્ટરનેટ સાથે જોડાયેલ છે.
- વર્તમાન કેન્દ્રીય ગ્રાહક બાબતો, ખાદ્ય અને જાહેર વિતરણ મંત્રી – રામ વિલાસ પાસવાન

**(૫) ભાષા મુખર્જી મિસ ઇંગ્લેન્ડ – ૨૦૧૯**

- તાજેતરમાં ભારતીય મૂળના બ્રિટિશ ડૉક્ટર ભાષા મુખર્જીએ મિસ ઇંગ્લેન્ડ ૨૦૧૯નો ખિતાબ જીત્યો.
- ભાષા મુખર્જીનો જન્મ ભારતમાં થયો છે.
- હવે તે મિસ વર્લ્ડ ૨૦૧૯ ઇવેન્ટમાં ઇંગ્લેન્ડનું પ્રતિનિધિત્વ કરશે. આ ઇવેન્ટનું આયોજન ૧૪ ડિસેમ્બરના રોજ લંડન ખાતે કરવામાં આવશે.

**(૬) કેન્દ્ર સરકાર દ્વારા Kabilનામના પ્લેટફોર્મની શરૂઆત**

- તાજેતરમાં કેન્દ્ર સરકાર દ્વારા Kabil નામના પ્લેટફોર્મની શરૂઆત કરવામાં આવી.
- આ પ્લેટફોર્મની સ્થાપના દેશના ખનીજ મંત્રાલય માટે દેશની સુનિશ્ચિત ખનીજ ખાણોને પ્રોત્સાહન આપવાના હેતુથી કરવામાં આવી છે.
- આ પ્લેટફોર્મની સ્થાપના કેન્દ્ર સરકારની ત્રણ સાર્વજનિક કંપની નેશનલ એલ્યુમિનિયમ કંપની લિમિટેડ, હિન્દુસ્તાન કૉપર લિમિટેડ અને મિનરલ એક્સપ્લોરેશન કંપની દ્વારા કરવામાં આવી છે.
- KABIL - Khanij Bidesh India Ltd.

પ્રશ્નો :

(૧) કવિ મૈથિલીશરણ ગુપ્તનો જન્મ ક્યાં થયો હતો ?
- ચિરગાંવમાં (ઝાંસી)

(૨) કવિ મૈથિલીશરણ ગુપ્તને કોણે રાષ્ટ્ર કવિ તરીકે નવાજ્યા હતા ?
- મહાત્મા ગાંધી

(૩) ક્યા ભારતીયને વર્ષ ૨૦૧૯નો રેમન મેગ્સેસ એવોર્ડ એનાયત કરવામાં આવશે.
- રવીશ કુમાર

(૪) ફિલિપાઇન્સની રાજધાની જણાવો ?
- મનીલા

(૫) રેમન મેગ્સેસે એવોર્ડની શરૂઆત ક્યાં અને કોના દ્વારા કરવામાં આવી હતી ?
- વર્ષ ૧૯૫૭માં રૉકફેલર બ્રધર્સ અને ફિલિપાઇન્સ સરકાર દ્વારા

(૬) રેમન મેગ્સેસે એવોર્ડ જીતનાર પ્રથમ ભારતીય ?
- વિનોબા ભાવે (વર્ષ ૧૯૫૮માં)

(૭) વિશ્વ સ્તનપાન સપ્તાહનું આયોજન ક્યારે કરવામાં આવે છે.
- ૧ ઓગસ્ટ થી ૭ ઓગસ્ટ દરમ્યાન

(૮) વર્તમાન કેન્દ્રીય મહિલા અને બાલ વિકાસ મંત્રી ?
- સ્મૃતિ ઇરાની

(૯) તાજેતરમાં દેશના ક્યાં રાજ્યમાં પાયલોટ પ્રોજેક્ટ તરીકે 'એક દેશ – એક રેશન કાર્ડ' યોજનાની શરૂઆત કરવામાં આવી ?
- દેશના ચાર રાજ્યોમાં – તેલંગાણા, આંધ્રપ્રદેશ, મહારાષ્ટ્ર અને ગુજરાત

(૧૦) વર્તમાન કેન્દ્રીય ગ્રાહક બાબતો, ખાદ્ય અને જાહેર વિતરણ મંત્રી ?
- રામ વિલાસ પાસવાન

(૧૧) તાજેતરમાં કોણે મિસ ઇંગ્લેન્ડ ૨૦૧૯નો ખિતાબ જીત્યો ?
- ભાષા મુખર્જીએ

(૧૨) તાજેતરમાં કેન્દ્ર સરકાર દ્વારા KABIL નામના પ્લેટફોર્મનું પુરૂનામ જણાવો ?
- Khanij Bidesh India Ltd.

## 4. August 2019

**(૧) 'નેશનલ ઑર્ડર ઓફ મેરીટ' સન્માન – રામનાથ કોવિંદ**

- તાજેતરમાં ભારતીય રાષ્ટ્રપતિ રામનાથ કોવિંદને ગિની દેશના સર્વોચ્ચ સન્માન 'નેશનલ ઑર્ડર ઓફ મેરીટ' થી સન્માનીત કરવામાં આવ્યા.
- રાષ્ટ્રપતિના તાજેતરમાં ગિની પ્રવાસમાં દરમ્યાન આ સન્માન તેને આપવામાં આવ્યું.
- રાષ્ટ્રપતિશ્રીને આ સન્માન ભારત અને ગિની વચ્ચે વિકાસ અને સંબંધોમાં વધારો કરવાના યોગદાન બદલ આપવામાં આવ્યું.

- ગિની પશ્ચિમ આફ્રિકામાં આવેલ એક દેશ છે. તેની રાજધાની કોનાક્રી છે.
- ગિનીના રાષ્ટ્રપતિ અલ્ફા કાંડે છે, તેના પ્રધાનમંત્રી કાસ્સુરી કોફાના છે.
- રામનાથ કોવિંદ દેશના ૧૪માં રાષ્ટ્રપતિ તરીકે જુલાઇ ૨૦૧૭ થી સેવામાં છે.
- તેમનો જન્મ ૧ ઓક્ટોબર ૧૯૪૫ના રોજ ઉત્તર પ્રદેશમાં થયો હતો.

**(૨) ૭૦ મો વન મહોત્સવ :**

- તાજેતરમાં અમદાવાદના આદિનગર પાસે આવેલ ઓઢવ ખાતે રાજ્યના મુખ્યમંત્રીશ્રી વિજયભાઇ રૂપાણી દ્વારા રાજ્યના ૭૦માં વન મહોત્સવની ઉજવણી અંતર્ગત જડેશ્વર વનનું લોકાર્પણ કરવામાં આવ્યું.
- આ પ્રસંગે મુખ્યમંત્રી વિજય રૂપાણી દ્વારા 'ગ્રીન ગુજરાત' મોબાઇલ એપ્લીકેશન લોન્ચ કરવામાં આવી.
- જેમાં નજીકની નર્સરીના સ્થાન અને ત્યાંના વિવિધ રોપાની માહીતી પ્રદાન કરશે.
- જડેશ્વર વન ૫ હેક્ટરમાં ફેલાયેલ છે.
- વર્ષ ૨૦૧૮ના રોજ રાજ્ય સરકાર દ્વારા કચ્છના ભૂજ ખાતે સરસપૂર ગામે આવેલ રૂદ્રમાતા ડેમ સાઇટ પર ૬૯માં વન મહોત્સવની ઉજવણીના ભાગ રૂપે 'રક્ષક વન' નું નિર્માણ કરવામાં આવ્યું હતું.
- વર્ષ ૨૦૦૪ થી રાજ્ય સરકાર દ્વારા રાજ્યના વિવિધ જિલ્લાઓમાં વૃક્ષ આવરણ અને જૈવિક વિવિધતામાં વધારો કરવાના પ્રયાસરૂપે વિવિધ સાંસ્કૃતિક વન બનાવવામાં આવે છે.
- જનભાગીદારીથી ગુજરાત સરકારના વન વિભાગ દ્વારા ૧૮ સાંસ્કૃતિક વનો બનાવવામાં આવ્યા છે. જડેશ્વર વન રાજ્યનું ૧૯ મું સાંસ્કૃતિક વન છે.
- ગુજરાત રાજ્યના વન મંત્રી – ગણપતસિંહ વસાવા

| વન | સ્થાન | નિર્માણ વર્ષ |
|---|---|---|
| પુનિત વન | ગાંધીનગર | ૨૦૦૪ |
| માંગલ્ય વન | અંબાજી | ૨૦૦૫ |
| તીર્થંકર વન | તારંગા | ૨૦૦૬ |
| હરિહર વન | સોમનાથ | ૨૦૦૭ |
| ભક્તિ વન | ચોટીલા | ૨૦૦૮ |
| શ્યામળ વન | શામળાજી | ૨૦૦૯ |
| પાવન વન | પાલિતાણા | ૨૦૧૦ |
| વિરાસત વન | પાવાગઢ | ૨૦૧૧ |
| ગોવિંદ ગુરૂ સ્મૃતિવન | માનગઢ (મહીસાગર) | ૨૦૧૨ |
| નાગેશ | નાગેશ્વર (દ્વારકા) | ૨૦૧૩ |
| શક્તિ વન | કાગવડ (જેતપુર) | ૨૦૧૪ |
| જાનકી વન | વાસંદા (નવસારી) | ૨૦૧૫ |
| આમ્ર વન | ધરમપુર (વલસાડ) | ૨૦૧૬ |
| એક્તા વન | બારડોલી (સુરત) | ૨૦૧૬ |
| મહીસાગર વન | વહેળાની ખાડી (આણંદ) | ૨૦૧૬ |
| શહીદ વન | ભૂચર મોરી (ધ્રોલ જામનગર) | ૨૦૧૬ |
| વિરંજલી વન | પાદદઢવાવ (સાબરકાંઠા) | ૨૦૧૭ |
| રક્ષક વન | રૂદ્રમાતા ડેમ (કચ્છ) | ૨૦૧૮ |
| જડેશ્વર વન | ઓઢવ (અમદાવાદ) | ૨૦૧૯ |

**(૩) વહાલી દીકરી યોજના :**

- તાજેતરમાં રાજકોટ ખાતેથી રાજ્યના મુખ્યમંત્રીશ્રી વિજય રૂપાણી દ્વારા 'વહાલી દીકરી યોજના ' નો રાજ્ય વ્યાપી પ્રારંભ કરવામાં આવ્યો.
- રાજ્ય સરકાર દ્વારા રાજ્યની દીકરીઓની સામાજિક અને આર્થિક સ્થિતિમાં સુધારો કરવા કન્યા કેળવણીનો પ્રોત્સાહન અને દીકરીઓના જન્મદરમાં વધારો કરવાના અને શાળાઓમાં દીકરીઓનો ડ્રોપ આઉટ દર ઘટે તેવા હેતુથી આ યોજનાનો પ્રારંભ કરવામાં આવ્યો છે.
- આ યોજનાનો લાભ રાજ્યના પરિવારોના પ્રથમ બે બાળકો પૈકીની દીકરીઓને મળશે.
- જે પરિવારની વાર્ષિક આવક બે લાખ સુધીની હશે તેવા પરિવારને આ યોજનાનો લાભ મળશે.
- દીકરીના પહેલા ધોરણમાં પ્રવેશ વખતે રાજ્ય સરકાર દ્વારા ૪૦૦૦ રૂપિયાની સહાય આપવામાં આવશે.
- આ યોજના અંતર્ગત દીકરી નવમાં ધોરણમાં આવશે. ત્યારે ૬૦૦૦ રૂપિયાની સહાય આપવામાં આવશે.
- યોજના અંતર્ગત દીકરીને ૧૮ વર્ષની ઉંમરે ૧ લાખ રૂપિયાની સહાય ઉચ્ચ શિક્ષણ અને લગ્ન પ્રસંગે અન્ય નાણાકીય જોગવાઇ કરવામાં આવશે.
- આ યોજના માટે રાજ્ય સરકાર દ્વારા ૧૩૩ કરોડ રૂપિયા ફાળવવામાં આવ્યા છે.

**(૩) જે.ડી. બક્ષી દ્વારા લેખિત પુસ્તકનું વિમોચન :**

- તાજેતરમાં ભારતીય સેનાના નિવૃત્ત મેજર જનરલ જે.ડી. બક્ષી દ્વારા લેખિત પુસ્તક 'સરસ્વતી સવિલાઇઝેશન– અ પૈરાડાઇસ શિફ્ટ ઇન એશિયંટ ઇંડિયન હિસ્ટ્રી' નું વિમોચન કરવામાં આવ્યું.
- આ પુસ્તક સરસ્વતી નદીના ઇતિહાસ અને ભારતના ઇતિહાસ પર પ્રકાશ પાળે છે.
- ભારતીય સેનાના નિવૃત્ત મેજર જનરલ જે.ડી. બક્ષીનું પુરૂનામ ગગનદીપ બક્ષી છે.
- તેઓ ભારતીય સેનામાં જમ્મુ કાશ્મીર રાઇફલમાં તેનાત હતા.
- કારગિલ યુદ્ધ દરમ્યાન તેમને વિશિષ્ટ સેવા મેડલથી સન્માનીત કરવામાં આવ્યા છે.

પ્રશ્નો :

(૧) તાજેતરમાં ભારતીય રાષ્ટ્રપતિ રામનાથ કોવિંદને કયા દેશના સર્વોચ્ચ સન્માન ' નેશનલ ઑડર ઓફ મેરીટ' થી સન્માનીત ?
- ગિની

(૨) તાજેતરમાં રાજ્યના મુખ્યમંત્રીશ્રી વિજયભાઇ રૂપાણી દ્વારા રાજ્યના ૭૦ માં વન મહોત્સવની ઉજવણી અંતર્ગત કયાં સ્થળે જડેશ્વર વનનું લોકાર્પણ કરવામાં આવ્યું ?
- અમદાવાદના આદિનગર પાસે આવેલ ઓઢવ ખાતે

(૩) વર્ષ ૨૦૧૮ના રોજ રાજ્ય સરકાર દ્વારા કચ્છના ભૂજ ખાતે સરસપૂર ગામે આવેલ રૂદ્રમાતા ડેમ સાઇટ પર ૬૯માં વન મહોત્સવની ઉજવણીના ભાગ રૂપે કયા વનનું નિર્માણ કરવામાં આવ્યું હતું ?
- રક્ષક વન

(૪) રાજ્ય સરકાર દ્વારા વન મહોત્સવની ઉજવણીના ભાગરૂપે વર્ષ ૨૦૦૪માં કયા વનનું નિર્માણ કરવામાં આવ્યું હતું ?
- પુનિત વન

(૫) તાજેતરમાં મુખ્યમંત્રીશ્રી વિજય રૂપાણી દ્વારા 'વહાલી દીકરી યોજના' નો રાજ્ય વ્યાપી પ્રારંભ ક્યાથી કરવામાં આવ્યો ?
- રાજકોટ

(૬) તાજેતરમાં ભારતીય સેનાના નિવૃત્ત મેજર જનરલ જે.ડી. બક્ષી દ્વારા લેખિત પુસ્તક ક્યાંનું વિમોચન કરવામાં આવ્યું ?
– 'સરસ્વતી સિવિલાઇઝેશન – અ પૈરાડાઇસ શિફ્ટ ઇન એશિયંટ ઇંડિયન હિસ્ટ્રી'

## 5. August 2019

**(૧) ગુજરાત રાજ્ય માર્ગ સલામતી પરિતોષિક – ૨૦૧૮–૧૯**
– તાજેતરમાં ગાંધીનગર ખાતે ગુજરાત રાજ્ય માર્ગ સલામતી પરિતોષિક ૨૦૧૮–૧૯ એનાયત કરવામાં આવ્યા.
– રાજ્ય સરકાર દ્વારા આ પરિતોષિક ૪ કેટેગરીમાં આપવામાં આવે છે.
– આ ૪ કેટેગરીમાં સ્વૈચ્છિક વ્યક્તિ, સ્વૈચ્છિક સંસ્થા, શૈક્ષણિક સંસ્થાઓ અને સરકારી વિભાગોનો સમાવેશ કરવામાં આવે છે.
– ગુજરાતના વાહન વ્યવહાર મંત્રી – આર.સી. ફળદુ

**કેટેગરી મુજબ વિજેતા :**

**(૧) સ્વૈચ્છિક વ્યક્તિ કેટેગરીના વિજેતા**
– પ્રથમ વિજેતા – અમિત ખત્રિ
– દ્વિતીય વિજેતા – સત્યેન ફૂલબકર
– તૃતીયા વિજેતા – અજયસિંહ જાડેજા

**(૨) સ્વૈચ્છિક સંસ્થા કેટેગરી**
– પ્રથમ વિજેતા GVK EMRI (અમદાવાદ)
– દ્વિતીય વિજેતા – નૈસર્ગિક ટ્રસ્ટ (પાલનપુર)
– તૃતીયા વિજેતા – રોજર મોટર્સ (રાજકોટ)

**(૩) શૈક્ષણિક સંસ્થાઓ કેટગરીના વિજેતા :**
– પ્રથમ વિજેતા – શેઠ અમૂલ્ય વિદ્યાલય (અમદાવાદ)
– દ્વિતીય વિજેતા – સાંદીપની વિદ્યાલય (ભાવનગર)
– તૃતીયા વિજેતા – યુનીક યુ ઇન્ટરનેશનલ સ્કૂલ (ઇડર)

(૪) સરકારી વિભાગો કેટેગરીના વિજેતા :
– પ્રથમ વિજેતા – આરોગ્ય અને પરિવાર કલ્યાણ વિભાગ
– દ્વિતીય વિજેતા –ગૃહ વિભાગ
– તૃતીયા વિજેતા – નેશનલ હાઇવે ઓથોરીટી ઓફ ઇન્ડિયા

**(૨) વસતી ગણતરી ૨૦૨૧**
– તાજેતરમાં ભારતસરકાર દ્વારા વસતી ગણતરી રજીસ્ટર અપડેટ કરવાનો નિર્ણય કરવામાં આવ્યો.
– વર્ષ ૨૦૨૦ થી શરૂ થનાર દેશની વસતી ગણતરીની પ્રક્રિયામાં કુટુંબના સભ્યો, આર્થિક આધાર, ધર્મના આંકડાની સાથે સાથે પ્રથમ વખત ફોન અને બેન્કના ખાતાની માહિતી લેવામાં આવશે.
– દેશની વસતી ગણતરી પ્રક્રિયા ત્રણ તબક્કામાં યોજાશે
– દેશમાં પ્રથમ વસતી ગણતરી વર્ષ ૧૮૭૧માં જમશેદજી તાતા દ્વારા કરવામાં આવી હતી.
– દેશની વ્યવસ્થિત વસતી ગણતરી ૧૮૯૧માં થઇ હતી. વર્ષ ૧૮૯૧ પછી દેશમાં દર ૧૦ વર્ષે વસતી ગણતરી કરવામાં આવે છે.
– સ્વતંત્ર ભારતની પ્રથમ વસતી ગણતરી વર્ષ ૧૯૫૧માં કરવામાં આવી હતી.
– ભારતીય બંધારણના અનુચ્છેદ ૨૪૬ અનુસાર દેશની વસતી ગણતરી કરવાની જવાબદારી કેન્દ્ર સરકારની હોય છે.
– દેશની અંતિમ વસતી ગણતરી વર્ષ ૨૦૧૧માં કરવામાં આવી હતી જે ૧૫ મી વસતી ગણતરી હતી.

**ભારતની વસ્તી વિષયક નીતિ : ૨૦૦૦**
– આપણા દેશમાં વસ્તી નીતિ બનાવવાનો પ્રસ્તાવ ૧૯૬૦માં રજૂ કરાયો હતો. ત્યારબાદ ૧૯૭૬માં દેશની પ્રથમ વસ્તીનીતિની ઘોષણા કરવામાં આવી હતી. એમાં ૧૯૭૮ માં કેટલાક સુધારા કર્યા બાદ ૧૯૭૮માં સંશોધિત વસતી નીતિની ઘોષણા કરાઇ હતી. કેન્દ્ર સરકાર દ્વારા ૧૫મી જાન્યુઆરી ૨૦૧૦ના રોજ જાહેર કરેલી વસ્તી નીતિ મુજબ ૨૦૪૫ સુધી વસ્તી વધારાના દરને સ્થિર કરવો તે હેતુની પરિપૂર્તિ માટે સૂચવાયેલા મુખ્ય ઉપાયો નીચે મુજબ છે.
– લોકસભાની બેઠકોની ૫૪૩ સંખ્યા ૨૦૨૬ સુધી જાળવી રાખવી.
– જીવીત જન્મેલા નવજાતશિશુઓમાં મૃત્યુદર હજારે ૩૦ સુધી નીચે લઇ જવો.
– ૮૦% સુવાવડો દવાખાનામાં અને પ્રશિક્ષિત સ્ટાફ ૩૦ સુધી નીચે લઇ જવો.
– છોકરીઓની લઘુતમ લગ્નવય ૧૮ વર્ષથી વધારી ઉપર લઇ જવી.
– બાળલગ્ન પ્રતિબંધ ધારો અને ગર્ભસ્થશિશુ લિંગ પરીક્ષણને રોકતા કાયદાઓનો સખતાઇ પૂર્વક અમલ કરાવવો.
– રસીકરણનો વ્યાપ વધારવો.
– વસ્તીનીતિનો અમલીકરણ માટે વડાપ્રધાનની અધ્યક્ષતામાં એક રાષ્ટ્રીય આયોગની સ્થાપના કરવી.

**(3) QRSAM મિસાઇલનું સફળ પરીક્ષણ :**
– તાજેતરમાં ડીઆરડીઓ દ્વારા ક્વીક રીએક્શન સર્ફેસ ટુ એર મિસાઇલ (QRSAM ) નું સફળ પરીક્ષણ કરવામાં આવ્યું.
– આ પરીક્ષણ ઓરિસ્સાના બાલાસોર ખાતે આવેલ ચાંદીપુર ટેસ્ટિંગ રેન્જમાં કરવામાં આવ્યું.
– આ મિસાઇલની રેન્જ ૨૫ થી ૩૦ કિલોમીટર છે.
– આ મિસાઇલને ટ્રક પર લગાવી લોન્ચ કરી શકાય છે.
– આ સાથે મિસાઇલ ઇલેક્ટ્રોનિક કાઉન્ટર સિસ્ટમથી સજ્જ છે. જેનાથી મિસાઇલ એરક્રાફ્ટ રડારના જામરને અવગણી પ્રહાર કરી શકશે.
– આ મિસાઇલને સ્વદેશી રીતે ભારત ઇલેક્ટ્રોનિક લિમિટેડ દ્વારા બનાવવામાં આવી છે.
– ક્વીક રીએક્શન સર્ફેસ ટુ એર મિસાઇલનું અગાઉ વર્ષ ૨૦૧૬ અને વર્ષ ૨૦૧૭માં પરીક્ષણ કરવામાં આવ્યું હતું. જે બંને વખત સફળ રહ્યું હતું.

**DRDO**
- DRDO - The Defence Research and Development Oganisation

DRDO ની સ્થાપના વર્ષ ૧૯૫૮માં થઈ હતી.
– મુખ્યાલય : DRDO ભવન નવી દિલ્લી
– ચેરમેન જી. સતિશ રેડ્ડી
– આદર્શ વાક્ય : બલસ્ય મૂલં વિજ્ઞાનમ્ (Strength's Origin is in Science)

**(૪) મેઘદુત મોબાઇલ એપ્લીકેશન :**
– તાજેતરમાં ભારત હવામાન વિજ્ઞાન, ઇન્ડિયન ઇન્સ્ટિટ્યૂટ ઓફ ટ્રોપીકલ મીટરોલોજી અને ભારતીય કૃષિ સંશોધન પરિષદ દ્વારા તૈયાર કરવામાં આવેલ મેઘદુત મોબાઇલ એપ્લીકેશન લોન્ચ કરવામાં આવી.
– આ એપ્લીકેશનના મધ્યમથી તાપમાન, વરસાદ પવનની ગતિ અને પશુપાલન અંગેની માહિતી ખેડૂતોને મળી રહેશે.

**(૪) ભારતીય સેનાના અધિકારીઓના ઉપયોગ માટે ઇલેક્ટ્રીક કાર લોન્ચ :**

- તાજેતરમાં ભારતીય સેના દ્વારા દિલ્લી ખાતે અધિકારીઓના ઉપયોગ માટે ઇલેક્ટ્રીક કાર લોન્ચ કરવામાં આવી.
- ભારતીય સેના દ્વારા પાયલોટ પ્રોજેક્ટ તરીકે દસ કાર અધિકારીઓ માટે લોન્ચ કરવામાં આવી છે.
- સેના દ્વારા આ પહેલ Energy Efficiency Services Limited (EESL) સાથે મળી લોન્ચ કરવામાં આવી છે.
- Efficiency Services Limited ની સ્થાપના કેન્દ્રીય ઉર્જા મંત્રાલય દ્વારા ઉર્જા દક્ષતા પ્રોડક્ટસના અમલીકરણ માટે કરવામાં આવી હતી.

(૫) ભારત ગૌરવ એવોર્ડ– કપિલ દેવ

- તાજેતરમાં ઇસ્ટ બાંગલ ક્લબની ૧૦૦ મી વર્ષગાઢ અવસરે ભારતીય ક્રિકેટ ટીમના પૂર્વ કેપ્ટન કપિલ દેવને ભારત ગૌરવ એવોર્ડથી સન્માનીત કરવામાં આવ્યા.
- ઇસ્ટ બાંગલ ક્લબ કોલકત્તા ખાતે આવેલ એક ફૂટબોલ ક્લબ જેની સ્થાપના ૧ ઓગસ્ટ ૧૯૨૦ના રોજ કરવામાં આવી હતી.
- કપિલ દેવનો જન્મ ૬ જાન્યુઆરી ૧૯૫૯ના રોજ ચંદીગઢ ખાતે થયો હતો.
- કપિલ દેવની કેપ્ટનશીપમાં ભારતીય ક્રિકેટ ટીમે પોતાનો પ્રથમ વર્લ્ડ કપ જીત્યો હતો.
- ભારત સરકાર દ્વારા તેમને પદ્મશ્રી પદ્મભૂષણ જેવા સન્માનથી સન્માનીત કરવામાં આવ્યા છે.

**(૬) કાન્તિભાઇ ભટ્ટ : નિધન :**

- જાણીતા લેખક, પત્રકાર અને કટાર લેખક કાન્તિભાઇ ભટ્ટનું ૪ ઓગસ્ટ ૨૦૧૯ના રોજ નિધન થયું.
- તેમનો જન્મ ૧૫ જુલાઇ ૧૯૩૧ ના રોજ ગુજરાતના ભાવનગરના સાંચરા ગામે થયો હતો.
- તેમણે સ્નાતકની પદવી મહારાજા સયાજીરાવ ગાયકવાડ યુનિવર્સિટી વડોદરા ખાતેથી લીધી હતી.
- વર્ષ ૧૯૬૬માં મુંબઇમાં પત્રકાર તરીકે કારકિર્દી શરૂ કરી હતી.
- તેઓ દિવ્ય ભાસ્કર વર્તમાન પત્રમાં આસપાસ અને ચેતનાની ક્ષણે જેવી કોલમ લખતા હતા.
- તેમણે અભિયાન સમાહિકની શરૂઆત કરી હતી.

**પ્રશ્નો :**

(૧) તાજેતરમાં ગુજરાત રાજ્ય માર્ગ સલામતી પારિતોષિક ૨૦૧૮–૧૯ કેટલી કેટગરીમાં એનાયત કરવામાં આવ્યા ?
- ૪ કેટેગરીમાં

૨ સ્વતંત્ર ભારતની પ્રથમ વસ્તી ગણતરી ક્યારે કરવામાં આવી હતી ?
- વર્ષ ૧૯૫૧માં

૩ દેશની અંતિમ વસતી ગણતરી કરવામાં આવી હતી જે ૧૫મી વસ્તી ગણતરી હતી ?
- ૨૦૧૧માં

૪ તાજેતરમાં ડીઆરડીઓ દ્વારા સફળ પરીક્ષણ કરવામાં આવેલ QRSAM મિસાઇલનું પુરૂનામ જણાવો ?
- ક્વીક રીએક્શન સર્ફેસ ટુ એર મિસાઇલ

૫ તાજેતરમાં ડીઆરડીઓ દ્વારા ક્વીક એક્શન સર્ફેસ ટુ એર મિસાઇલ (QRSAM) નું સફળ પરીક્ષણ કયાં કરવામાં આવ્યું ?
- ઓરિસ્સાના બાલાસોર ખાતે આવેલ ચાંદીપુર ટેસ્ટિંગ રેન્જમાં

૬ DRDO નું પુરૂનામ જણાવો ?
- The Defence Research and Development Oganisation

૭ તાજેતરમાં ભારત હવામાન વિજ્ઞાન, ઇન્ડિયન ઇન્સ્ટીટ્યૂટ ઓફ ટ્રોપીકલ મીટરોલોજી અને ભારતીય કૃષિ સંશોધન પરિષદના દ્વારા તૈયાર કરવામાં આવેલ મોબાઇલ એપ્લીકેશનનું નામ જણાવો ?
- મેઘદુત

૮ Energy Efficiency Services Limited ની સ્થાપના કોના દ્વારા કરવામાં આવી હતી ?
- કેન્દ્રીય ઉર્જા મંત્રાલય દ્વારા

૯ તાજેતરમાં ઇસ્ટ બાંગલ ક્લબની ૧૦૦મી વર્ષગાઢ અવસરે ભારતીય ક્રિકેટ ટીમના પૂર્વ કેપ્ટન કપિલ દેવને કયાં એવોર્ડથી સન્માનીત કરવામાં આવ્યા ?
- ભારત ગૌરવ એવોર્ડ

૧૦ કપિલ દેવનો જન્મ કયાં થયો હતો ?
- ચંદીગઢ ખાતે

૧૧ જાણીતા લેખક, પત્રકાર અને કટારલેખક કાન્તિભાઇ ભટ્ટનો જન્મ કયાં થયો હતો ?
- ગુજરાતના ભાવનગરના સાંચરા ગામે

## 6. August 2019

**(૧) લલિત કલા અકાદમીનો ૬૫મો સ્થાપના દિન :**

- ૫ ઓગસ્ટ ૨૦૧૯ના રોજ લલિતકલા અકાદમીનો સ્થાપના દિન ઉજવવામાં આવ્યો.
- લલિત કલા એકાદમીની સ્થાપના ૫ ઓગસ્ટ ૧૯૫૪ના રોજ કરવામાં આવી હતી.
- આ સંસ્થા ભારતીય કલાના પ્રસાર પ્રચાર માટે દેશ અને દુનિયામાં કાર્ય કરે છે.
- જેમાં ચિત્રકલા, મુર્તિકલા જેવી કલાઓનો સમાવેશ થાય છે.
- કેન્દ્રીય સંસ્કૃતિ મંત્રાલય અંતર્ગત કાર્ય કરતી આ સંસ્થા પ્રાચીન કલાનું સંરક્ષણ અને આધુનિક કલાકારોનું કાર્યને પ્રોત્સાહન આપવાનું કાર્ય કરે છે.
- લલિત કલા એકાદમીનું મુખ્યાલય દિલ્લીના રવિન્દ્ર ભવન ખાતે આવેલ છે.

**(૨) હીરોસીમા દિવસ – ૬ ઓગસ્ટ**

- ૬ ઓગસ્ટ ૧૯૪૫ના રોજ અમેરિકા દ્વારા જાપાનના હિરોસીમા શહેર પર અણુબોમ્બ વડે હુમલો કર્યો હતો.
- અમેરિકાએ આ હુમલો બીજા વિશ્વયુદ્ધના અંતિમ તબક્કા દરમિયાન કરવામાં આવ્યો હતો.
- અમેરિકા દ્વારા વિમાન મારફતે હિરોસીમા શહેર પર લિટલ બોય નામનો અણુબોમ્બ ફેકવામાં આવ્યો હતો.
- અમેરિકાએ ૯ ઓગસ્ટ ૧૯૪૫ના રોજ જાપાનના નાગાસાકી શહેર પર ફરીથી ફેટમેન નામનો અણુબોમ્બ ફેંકવામાં આવ્યો હતો.
- વર્ષ ૨૦૧૫માં અમેરિકાના તત્કાલિન રાષ્ટ્રપ્રમુખ બરાક ઓબામા દ્વારા હીરોસીમા અને નાગાસાકી શહેરની મુલાકાત લેવામાં આવી હતી, તેઓ આ શહેરની મુલાકાત લેનાર પ્રથમ અમેરિકી રાષ્ટ્ર પ્રમુખ હતા.

**(૩) શ્યામ સરન – જાપાનનો બીજા ક્રમનો સર્વોચ્ચ રાષ્ટ્રીય પુરસ્કાર :**

- તાજેતરમાં ભારતના પૂર્વ વિદેશ સચિવ શ્યામ સરનને જાપાનના બીજા ક્રમના સર્વોચ્ચ રાષ્ટ્રીય પુરસ્કાર 'ઓર્ડર ઓફ ધ રાઇઝિંગ સન ગોલ્ડ એન્ડ સિલ્વર સ્ટાર' થી સન્માનીત કરવામાં આવ્યા.

- તેમને આ સન્માન સ્પ્રિંગ ઇંપિરિયલ ડેકોરેશન ૨૦૧૯ દરમ્યાન એનાયત કરવામાં આવ્યું.
- તેમને આ સન્માન ભારત અને જાપાનના સંબંધો મજૂબત કરવામાં માટે આપવામાં આવ્યું છે.
- તેઓ વર્ષ ૨૦૦૪ થી ૨૦૦૬ દરમ્યાન ભારતના ૨૬માં વિદેશ સચિવ તરીકે ફરજ બજાવતા હતા.
- વર્ષ ૧૯૮૮માં જાપાન ખાતે આયોજીત 'ઇન્ડિયા ફેસ્ટિવલ' સમયે તેઓ જાપાન ખાતે ભારતના વાઇસ ચીફ તરીકે ફરજ બજાવતા હતા.
- તેઓ વર્ષ ૧૯૭૦માં ભારતીય વિદેશ સેવામાં જોડાયા હતા.
- તેમને ભારત સરકાર દ્વારા વર્ષ ૨૦૧૧માં પદ્મભૂષણથી સન્માનીત કરવાં આવ્યા હતા.

## (૪) Space Situational Awareness Control Centre- ISRO

- તાજેતરમાં ભારતીય અવકાશ સંશોધન કેન્દ્ર (ઇસરો) દ્વારા કર્ણાટકના બેંગ્લોર ખાતે Space Situational Awareness Control Centre નો શિલાન્યાસ કરવામાં આવ્યો.
- આ કેન્દ્રનો ઉદ્દેશ્ય ભારતીય ઉપગ્રહોને અંતરિક્ષમાં ફેલાયેલ કચરાથી બચાવવાનો છે.
- અંતરિક્ષમાં રહેલા નિષ્ક્રિય ઉપગ્રહોની માહિતી એકત્ર કરવા અને નિષ્ક્રિય ઉપગ્રહોથી ભારતીય ઉપગ્રહોની રક્ષા કરવામાં આ કેન્દ્રથી ઇસરોને ફાયદો થશે.
- હાલ ઇસરોના ૫૦ થી વધુ ઉપગ્રહો અંતરિક્ષમાં કાર્યરત છે જેમાં સંચાર, નેવિગેશન ઉપગ્રહોનો સમાવેશ થાય છે.
- હાલમાં ઇસરો અંતરિક્ષના કચરા અને નિષ્ક્રિય ઉપગ્રહની માહિતી નોર્થ અમેરિકા એરોસ્પેસ ડિફેન્સ કમાન્ડ પાસેથી મેળવે છે.

**ઇસરો :**

ઇંડિયન સ્પેસ રિસર્ચ ઓર્ગેનાઇઝેશન
સ્થાપના – વર્ષ : ૧૯૬૯માં
સ્થાપક – વિક્રમ સારાભાઇ
મુખ્યાલય – બેંગ્લોર
વર્તમાન ચેરમેન – કે. સીવાન.

**(૫) સ્ટેચ્યુ ઓફ યુનિટી – 'ધ સ્ટ્રાક્ચરલ એવોર્ડ્સ –૨૦૧૯'**

- તાજેતરમાં ગુજરાતના કેવડીયા ખાતે આવેલ સ્ટેચ્યુ ઓફ યુનિટીને યુનાઇટેડ કિંગડમ ખાતે આવેલ ઇન્સ્ટિટ્યૂટ ઓફ સ્ટ્રક્ચરલ એન્જિનિયરિંગ દ્વારા 'ધ સ્ટ્રાક્ચરલ એવોર્ડ્સ–૨૦૧૯' માટે પસંદ કરવામાં આવ્યું.
- ઇન્સ્ટિટ્યૂટ ઓફ સ્ટ્રક્ચરલ એન્જિનિયરિંગ દ્વારા ૫૨ વર્ષથી આ એવોર્ડ આપવામાં આવે છે.

**સ્ટેચ્યૂ ઓફ યુનિટી :**

- રાષ્ટ્રીય એક્તા દિવસ ૨૦૧૮ (૩૧ ઓક્ટોબર ૨૦૧૮) નિમિત્તે સરદાર પટેલની પ્રતિમા સ્ટેચ્યૂ ઓફ યુનિટીનું પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીના હસ્તે લોકાર્પણ થયું.
- સ્ટેચ્યૂ ઓફ યુનિટી વિશ્વમાં સૌથી ઊંચી પ્રતિમા છે.
- તેનો શિલાન્યાસ સરદાર પટેલની ૧૩૮ મી જન્મજયંતિ નિમિત્તે નરેન્દ્રભાઇ મોદી દ્વારા કરવામાં આવ્યો હતો.
- નર્મદા ડેમ નજીક સાધુ બેટ ખાતે બનેલી આ પ્રતિમા ૧૮૨ મીટર ઊંચી છે.
- ગુજરાત રાજ્યના નર્મદા જિલ્લામાં કેવડિયા કોલોની ખાતે સરદાર સરોવર બંધની દક્ષિણે અંદાજે ૩.૫ કિલોમીટર અંતરે આ સ્થળ આવેલું છે.
- જે વિધ્યાંચલ અને સાતપુડા પર્વતમાળાની વચ્ચે આવેલું છે.
- સ્ટેચ્યૂ ઓફ યુનિટીનું નિર્માણ સરદાર વલ્લભભાઇ પટેલ રાષ્ટ્રીય એક્તા ટ્રસ્ટ અંતર્ગત બનાવવામાં આવ્યું છે.
- સ્ટેચ્યૂ ઓફ યુનિટી લાર્સન એન્ડ ટુબ્રો કંપની દ્વારા બનાવવાયું છે.
- મૂર્તિકાર રામ. વી. સુતારે સ્ટેચ્યૂ ઓફ યુનિટી ડિઝાઇન કર્યું છે.

પ્રશ્નો :

૧ તાજેતરમાં લલિત કલા એકાદમીનો કેટલામો સ્થાપના દિન ઉજવવામાં આવ્યો ?
– ૬૫મો
૨ લલિત કલા એકાદમીનું મુખ્યાલય ક્યાં આવેલ છે ?
– દિલ્લીના રવિન્દ્ર ભવન ખાતે
૩ ૬ ઓગસ્ટ ૧૯૪૫ના રોજ અમેરિકા દ્વારા જાપાનના ક્યાં શહેર પર અણુબોમ્બ વડે હુમલો કર્યો હતો ?
– હિરોસીમા
૪ તાજેતરમાં શ્યામ સરનને જાપાનના ક્યાં રાષ્ટ્રીય પુરસ્કારથી સન્માનીત કરવામાં આવ્યા ?
– ઓર્ડર ઓફ ધ રાઇઝીંગ સન ગોલ્ડ એન્ડ સિલ્વર સ્ટાર
૫ શ્યામ સરન ભારતના કેટલામાં વિદેશ સચિવ છે ?
– ૨૬મા
૬ ભારતીય અવકાશ સંશોધન કેન્દ્ર (ઇસરો) દ્વારા Space Situational Awareness Control Centre નો શિલાન્યસ ક્યાં કરવામાં આવયો ?
– કર્ણાટકના બેંગ્લોર ખાતે
૭ તાજેતરમાં સ્ટેચ્યુ ઓફ યુનિટીને ઇન્સ્ટિટ્યૂટ ઓફ સ્ટ્રક્ચરલ એન્જિનિયરિંગ દ્વારા ક્યા એવોર્ડ માટે પસંદ કરાવમાં આવ્યું ?
– 'ધ સ્ટ્રાક્ચરલ એવોર્ડ્સ ૨૦૧૯

## 7. August 2019

**(૧) રવિન્દ્રનાથ ટાગોર નિર્વાણ દિન :**

- રવિન્દ્રનાથ ટાગોરનો આજે નિર્વાણ દિન
- બંગાળી કવિ, નાટ્યકાર, ચિત્રકાર, સાહિત્યકાર અને ફિલોસોફર રવિન્દ્રનાથ ટાગોરનો જન્મ ૭ મે ૧૮૬૧ના રોજ કોલકત્તામાં થયો હતો.
- તેમણે ૧૨ વર્ષની ઉંમરે પોતાની પ્રથમ કવિતા લખી હતી.
- ભારતનું રાષ્ટ્રગાન જન ગન મન તેમની રચના છે.
- બાંગ્લાદોશનું રાષ્ટ્રગાન અમાર સોનાર બાંગ્લા પણ તેમની રચના છે.
- વર્ષ ૧૯૩૧માં તેમના ગીતાંજલી કાવ્યસંગ્રહ માટે નોબલ પારિતોષિક (સાહિત્ય)થી સન્માનીત કરવામાં આવ્યા હતા.
- તેઓ એશિયાના પ્રથમ નોબલ પારિતોષિક વિજેતા છે.
- ૭ ઓગસ્ટ ૧૯૪૧ના રોજ કોલકત્તા ખાતે તેમનું અવસાન થયું હતું.

**(૨) નેશનલ હેન્ડલૂમ ડે :**

- ભારત સરકાર દ્વાર દર વર્ષે ૭ ઓગસ્ટના રોજ નેશનલ હેન્ડલૂમ ડે ઉજવવામાં આવે છે.
- પ્રથમ નેશનલ હેન્ડલૂમ ડેની ઉજવણી વર્ષ ૨૦૧૫થી માં કરવામાં આવી હતી.
- આ વખતે ક્રમ પાંચમો નેશનલ હેન્ડલૂમ ડે છે.
- આ દિવસ ભારતના હસ્તકલા કારીગરોને સન્માનીત કરવા અને હસ્તકલાને પ્રોત્સાહન આપવાના ઉદ્દેશ્યથી મનાવવામાં આવે છે.

- ૭ ઓગસ્ટ ૧૯૦૫ના રોજ સ્વદેશી ચળવળની શરૂઆત થઇ હતી, તેને ધ્યાને લઇ વડાપ્રધાન શ્રી નરેન્દ્ર મોદીએ આ દિવસ ઉજવવાની શરૂઆત કરાવી હતી.
- કેન્દ્રીય કાપડ અને બાળ વિકાસ મંત્રી – સ્મૃતિ ઇરાની

**(૩) મિશન શક્તિ – મહારાષ્ટ્ર સરકાર :**

- તાજેતરમાં મહારાષ્ટ્ર સરકાર દ્વારા મિશન શક્તિ નામના અભિયાનની શરૂઆત કરવામાં આવી.
- આ અભિયાન ફિલ્મ અભિનેતા આમિર ખાન દ્વારા લોન્ચ કરવામાં આવી હતી.
- આ અભિયાન આદિવાસી ક્ષેત્રોના ખેલાડીઓને આંતરરાષ્ટ્રીય સ્પર્ધા માટે પ્રશિક્ષણ આપવાના ઉદ્દેશ્યથી લોન્ચ કરવામાં આવ્યું છે.
- મહારાષ્ટ્ર સરકાર દ્વારા વર્ષ ૨૦૨૪ના ઓલમ્પિક માટે આદિવાસી ક્ષેત્રોના ખેલાડીઓને નિશાનેબાજી, વોલીબોલ, શૂટિંગ, જીમ્નાસ્ટીક જેવી રમતોમાં પારંગત કરવાનો માટે આ અભિયાન લોન્ચ કરવામાં આવ્યું છે.

**મહારાષ્ટ્ર :**

- રાજ્યપાલ – સી વિદ્યાસાગર રાવ
- મુખ્યમંત્રી – દેવેન્દ્ર ફડનવીસ
- રાજધાની – મુંબઇ
- હાઇકોર્ટ – બોમ્બે હાઇકોર્ટ
- વસ્તીની દ્રષ્ટિએ ક્રમ – ૨
- વિસ્તારની દ્રષ્ટિએ ક્રમ –૩

**(૪) વિનેશ ફોગટ : પૉલેન્ડ ઓપન રેસલિંગ ટુર્નામેન્ટ :**

- તાજેતરમાં ભારતીય મહિલા પહેલવાન વિનેશ ફોગટે ઓપન રેસલિંગ ટુર્નામેન્ટમાં ૫૩ કિલોગ્રામ વર્ગમાં ગોલ્ડમેડલ જીત્યો.
- તેમણે ફાઇનલમાં પૉલેન્ડની રોકસનાને પરાજિત કરી પ્રથમ સ્થાન પ્રાપ્ત કર્યું.
- વિનેશ ફોગટે ૫૩ કિલોગ્રામ વર્ગમાં આ ત્રીજો ગોલ્ડમેડલ જીત્યો.
- વિનેશ ફોગટનો જન્મ ૨૫ ઓગસ્ટ ૧૯૯૪ના રોજ હરિયાણાના ભિવાની જિલ્લામાં થયો હતો.

**(૫) સુષ્મા સ્વરાજ – નિધન :**

- દેશના પૂર્વ વિદેશમંત્રી અને ભારતીય જનતા પાર્ટીનાા દિગ્ગજ નેતા શ્રીમતિ સુષ્મા સ્વરાજનું ૬ ઓગસ્ટ ૨૦૧૯ના રોજ નિધન થયું.
- શ્રીમતી સુષ્મા સ્વરાજનો જન્મ ૧૪ ફેબ્રુઆરી ૧૯૫૨ના રોજ પંજાબના અંબાલા ખાતે થયો હતો.
- તેઓ વર્ષ ૧૯૭૭માં ૨૫ વર્ષની વયે હરિયાણા સરકારમાં અંબાલા વિધાનસભા બેઠક પરથી જીતી ભારતના સૌથી યુવા કેબિનેટ પ્રધાન બન્યા હતા.
- તેઓ ઓક્ટોબર ૧૯૯૮ થી ડિસેમ્બર ૧૯૯૮ દરમ્યાન દિલ્લીના પાંચમા મુખયમંત્રી અને પ્રથમ મહિલા મુખ્યમંત્રી તરીકે પદ પર રહ્યા હતા.
- તેઓ વર્ષ ૨૦૦૦ થી વર્ષ ૨૦૦૩ સુધી અલટ બિહારી વાજપાઇ સરકારમાં આરોગ્ય અને પરિવાર કલ્યાણ મંત્રી તરીકે રહ્યા હતા.
- તેઓ પ્રથમ નરેન્દ્ર મોદી સરકારમાં વર્ષ ૨૦૧૪ થી ૨૦૧૯ દરમ્યાન વિદેશ મંત્રી તરીકે રહ્યા હતા.
- તેઓ પોતાના રાજનૈતિક જીવનમાં ૭ વખત સાંસદ અને ૩ વખત વિધાનસભા સભ્ય તરીકે ચૂંટાઇ આવ્યા હતા.
- તેઓ ભારતીય સંસદના ઉત્કૃષ્ટ સાંસદ પુરસ્કારથી સન્માનીત થનાર પ્રથમ અને એકમાત્ર મહિલા સાંસદ છે.

પ્રશ્નો :

(૧) રવિન્દ્રનાથ ટાગોરનો જન્મ ક્યાં થયો હતો ?
- કોલકત્તામાં

(૨) રવિન્દ્રનાથ ટાગોરને તેમની કઇ કૃતિ માટે નોબલ પરિતોષિક (સાહિત્ય) થી સન્માનીત કરવામાં આવ્યા હતા.
- ગીતાંજલી કાવ્યસંગ્રહ

(૩) દર વર્ષે ૭ ઓગસ્ટના રોજ કયો દિવસ ઉજવવામાં આવે છે ?
- નેશનલ હેન્ડલૂમ ડે

(૪) પ્રથમ નેશનલ હેન્ડલૂમ ડેની ઉજવણી ક્યારે કરવામાં આવી હતી ?
- વર્ષ ૨૦૧૫

(૫) મહારાષ્ટ્ર સરકાર દ્વારા ખેલાડીઓને આંતરરાષ્ટ્રીય સ્પર્ધા માટે પ્રશિક્ષણ આપવાના ઉદ્દેશ્યથી કયાં અભિયાનની શરૂઆત કરવામાં આવી ?
- મિશન શક્તિ

(૬) મહારાષ્ટ્ર રાજ્યના રાજ્યપાલ કોણ છે ?
- સી. વિદ્યાસાગર રાવ

(૭) પૂર્વ વિદેશમંત્રી સુષ્મા સ્વરાજનો જન્મ ક્યાં થયો હતો ?
- પંજાબના અંબાલા ખાતે

(૮) દિલ્લીના પ્રથમ મહિલા મુખ્યમંત્રી જણાવો ?
- સુષ્મા સ્વરાજ

(૯) ભારતીય સંસદના ઉત્કૃષ્ટ સાંસદ પુરસ્કારથી સન્માનીત થનાર પ્રથમ અને એકમાત્ર મહિલા સાંસદ જણાવો ?
- સુષ્મા સ્વરાજ

## 8. August 2019

**(૧) ભારતીય રિઝર્વ બેન્ક – રેપોરેટ :**

- તાજેતરમાં ભારતીય રિઝર્વ બેન્કની નાણાંનીતિ સમિતિએ રેપોરેટમાં ઘટાડો કર્યો.
- આરબીઆઇ ગવર્નર શક્તિકાંત દાસની અધ્યક્ષતામાં ૬ સભ્યોની સમિતિએ રેપોરેટને ૫.૪૦% રાખવાનું નક્કી કર્યું. જે અગાઉ ૫.૭૫% હતો.
- આ રેપોરેટ છેલ્લા ૯ વર્ષમાં સૌથી નીચો છે.
- આ સાથે જ રેવર્સ રેપોરેટ ૫.૧૫% કરવામાં આવ્યો જે અગાઉ ૫.૫૦% હતો.
- ભારતીય રિઝર્વ બેન્ક દ્વારા જુલાઇ–સપ્ટેમ્બર ત્રિમાસિક દર (CPI) ૩.૧% રહેવાની શક્યતા વ્યક્ત કરી છે.

**રેપોરેટ :**

- દેશની અન્ય વેપારી બેન્કોને ટૂંકા ગાળા માટે નાણાંની જરૂર પડે છે ત્યારે તેઓ આરબીઆઇ પાસેથી નાણું લે છે. જે દર પર આરબીઆઇ વેપારી બેન્કોને નાણું આપે છે તેને રેપોરેટ કહે છે.
- Rapo rate એટલે..Repurchase Rate
- ફુગાવાના સમયે સામાન્ય રીતે આરબીઆઇ રેપોરેટમાં વધારો કરે છે. જ્યારે મંદીના સમયે આરબીઆઇ રેપોરેટમાં ઘટાડો કરે છે.

**રિવર્સ રેપો રેટ :**

- જ્યારે આરબીઆઇને ટૂંકા ગાળા માટે નાણાંની જરૂર પડે છે ત્યારે તે વેપારી બેન્કો પાસેથી નાણું લે છે જે દર પર આરબીઆઇ વેપારી બેન્કો પાસેથી નાણું લે છે તેને રિવર્સ રેપોરેટ કહે છે.

**રિઝર્વ બેંક ઓફ ઇન્ડિયા :**

- રીઝર્વ બેંક ઓફ ઇન્ડિયા (આરબીઆઇ) ની સ્થાપના ૧ એપ્રિલ ૧૯૩૫ના રોજ રિઝર્વ બેંક ઓફ ઇન્ડિયા એક્ટ ૧૯૩૪ અંતર્ગત થઇ હતી.
- શરૂઆતના વર્ષોમાં આરબીઆઇ ખાનગી બેંક તરીકે કાર્યરત હતી બાદમાં વર્ષ ૧ જાન્યુઆરી ૧૯૪૯ના રોજ તેનું રાષ્ટ્રીયકરણ કરવામાં આવ્યું હતું.
- આરબીઆઇ ભારતની મધ્યસ્થ બેંક છે તે દેશની તમામ બેન્કોનું સંચાલન કરે છે.
- આરબીઆઇનું મુખ્યમથક મુંબઇ ખાતે આવેલ છે.
- આરબીઆઇના પ્રથમ ગવર્નર – સર ઓસ્બ્રોન સ્મિથ હતા.
- આરબીઆઇના પ્રથમ ભારતીય ગવર્નર – સી.ડી. દેશમુખ હતા.
- આરબીઆઇના વર્તમાન ગર્વનર શક્તિકાંતદાસ છે. તેઓ આરબીઆઇના ૨૫માં ગવર્નર તરીકે ૧૨ ડિસેમ્બર ૨૦૧૮ થી આ પદ પર છે.

**(૨) પી.વી. સિંધુ : ફોર્બ્સ :**

- તાજેતરમાં ફોર્બ્સે સૌથી વધુ કમાણી કરતી વિશ્વની ટોપ–૧૫ મહિલા ખેલાડીઓની યાદી જાહેર કરવામાં આવ્યું.
- અમેરિકાની ટેનિસ ખેલાડી સેરેના વિલિયમ્સ સતત ચોથા વર્ષે વિશ્વની સૌથી વધુ કમાણી કરનારી મહિલા ખેલાડી છે. સેરેનાએ ૨૦૭ કરોડ રૂપિયાની કમાણી કરી.
- બીજા નંબરે જાપાનની નાઓમી ઓસાકા છે. ઓસાકાએ ૧૭૨ રૂપિયાની કમાણી કરી.
- ટોપ–૧૦માં તમામ ટેનિસ પ્લેયર છે.
- ભારતની પીવી સિંધુ ૧૩માં ક્રમે છે. તે ગત વર્ષે સાતમાં ક્રમે હતી. સિંધુ આ લસ્ટિમાં સામેલ એકમાત્ર ભારતીય છે.
- આ લિસ્ટ ૧ જૂન ૨૦૧૮થી ૧ જૂન ૨૦૧૯ દરમિયાનની કમાણીનું છે.
- વિશ્વની ટોપ–૧૫ મહિલા ખેલાડીઓની કુલ કમાણી ૧૦૩૬ કરોડ છે.
- પી.વી. સિંધુનો જન્મ ૫ જુલાઇ ૧૯૯૫ના રોજ તેલંગાણાના હૈદરાબાદ ખાતે થયો હતો.
- તેમણે વર્ષ ૨૦૧૬ના રિયો ઓલમ્પિકમાં સિલ્વર મેડલ જીત્યો હતો.
- ફોર્બ્સે સૌથી વધુ કમાણી કરતી વિશ્વની ટોપ–૧૫ મહિલા ખેલાડીઓ :

| ખેલાડી | દેશ | રમત |
|---|---|---|
| સેરેના વિલિયમ્સ | અમેરિકા | ટેનિસ |
| નાઓમી ઓસાકા | જાપાન | ટેનિસ |
| એન્જલિક ક્રેબર | જર્મની | ટેનિસ |
| સિમોના હાલેપ | રોમાનિયા | ટેનિસ |
| સ્લોએન સ્ટિફન્સ | અમેરિકા | ટેનિસ |
| કેરોલિના વોઝનિયાકી | ડેનમાર્ક | ટેનિસ |
| મારિયા શારાપોવા | રશિયા | ટેનિસ |
| કેરોલિના પ્લિસકોવા | ચેક રિપબ્લિક | ટેનિસ |
| ઇલેના સ્વિટોલિના | યુક્રેન | ટેનિસ |
| વિનસ વિલિયમ્સ | અમેરિકા | ટેનિસ |
| ગુર્બાઇન મુગુરૂઝા | વેનેઝુએલા | ટેનિસ |
| એલેક્સ મોર્ગન | અમેરિકા | ફૂટબોલ |
| પી.વી. સિંધુ | ભારત | બેડમિન્ટન |
| મેડિસન કિસ | અમેરિકા | ટેનિસ |
| આરિયા જુતાનુગાર્ન | થાઇલેન્ડ | ગોલ્ફ |

**(૩) ઇ ગવર્નન્સના ૨૨માં રાષ્ટ્રીય સંમેલનનું આયોજન :**

- ઇ ગવર્નન્સના ૨૨માં રાષ્ટ્રીય સંમેલનનું આયોજન મેઘાલયના શિલોંગ ખાતે શરૂ કરવામાં આયોજન કરવામાં આવ્યું.
- આ સંમેલનનું આયોજન ૮ અને ૯ ઓગસ્ટ સુધી કરવામાં આવ્યું છે.
- પ્રથમ વખત ઇ ગવર્નન્સ સંમેલનનું આયોજન ઉત્તર – પૂર્વીય રાજ્યમાં કરવામાં આવ્યું છે.
- આ આયોજન પ્રશાસનિક સુધાર અને જન ફરિયાદ વિભાગ દ્વારા ઇલેક્ટ્રોનિક અને ઇન્ફોર્મેશન ટેકનૉલોજિ મંત્રાલય અને મેઘાલય સરકાર સાથે મળી કરવામાં આવ્યું છે.
- આ સંમેલનમાં ૨૮ રાજ્ય અને ૮ કેન્દ્રશાસિત પ્રદેશ દ્વારા ભાગ લેવામાં આવ્યો છે.
- ઇ ગવર્નન્સના ૨૨માં રાષ્ટ્રીય સંમેલનનું આયોજન 'Digital India: Success to Excellence' થીમ પર કરવામાં આવ્યું છે.

**(૪) અરૂણ લાલ – કાર્તિક બોઝ લાઇફટાઇમ અચિવમેન્ટ :**

- તાજેતરમાં પૂર્વ ભારતીય ક્રિકેટર અરૂણ લાલને ક્રિકેટ એસોસિએશન ઓફ બંગલા (CAB) દ્વારા કાર્તિક બોઝ લાઇફટાઇમ અચિવમેન્ટ એવોર્ડથી સન્માનીત કરવામાં આવ્યા.
- અરૂણ લાલ વર્ષ ૧૯૮૨ થી ૧૯૮૯ સુધી ભારત તરફથી ૧૬ ટેસ્ટ મેચ અને ૧૩ આંતરરાષ્ટ્રીય વન ડે મેચ રમ્યા હતા.
- અરૂણ લાલનો જન્મ ઉત્તર પ્રદેશના મુરાદાબાદ ખાતે થયો હતો.
- ક્રિકેટ એસોસિએશન ઓફ બંગલાની સ્થાપના વર્ષ ૧૯૨૮માં થઇ હતી.
- તેનું મુખ્યાલય કોલકત્તા ખાતે આવેલ છે.
- ક્રિકેટ એસોસિએશન ઓફ બંગલાના વર્તમાન અધ્યક્ષ સૌરવ ગાંગુલી છે.

પ્રશ્નો :

(૧) તાજેતરમાં ભારતીય રિઝર્વ બેન્કની નાણાંનીતિ સમિતિએ રેપોરેટ શું નક્કી કરવામાં આવ્યો ?
- ૫.૪૦%

(૨) ભારતીય રિઝર્વ બેન્કની સ્થાપના કયાં એક્ટ અંતર્ગત કરવામાં આવી હતી ?
- રિઝર્વ બેંક ઓફ ઇન્ડિયા એક્ટ ૧૯૩૪

(૩) ભારતીય રિઝર્વ બેન્કના પ્રથમ ભારતીય ગવર્નરનું નામ જણાવો ?
- સી.ડી. દેશમુખ

(૪) ફોર્બ્સે સૌથી વધુ કમાણી કરતી વિશ્વની ટોપ–૧૫ મહિલા ખેલાડીઓની યાદીમાં કયાં એકમાત્ર ભારતીય ખેલાડીને સ્થાન મળ્યું ?
- પીવી સિંધુ

(૫) ઇ ગવર્નન્સના ૨૨ માં રાષ્ટ્રીય સંમેલનનું આયોજન કયાં કરવામાં આયોજન કરવામાં આવ્યું ?
- મેઘાલયના શિલોંગ ખાતે

(૬) ઇ–ગવર્નન્સના ૨૨માં રાષ્ટ્રીય સંમેલનનું આયોજન કઇ થીમ પર કરવામાં આવ્યું છે ?
- Digital India : Success to Excellence

(૭) તાજેતરમાં પૂર્વ ભારતીય ક્રિકેટર અરૂણ લાલને ક્રિકેટ એસોસિએશન ઓફ બંગલા (CAB) દ્વારા કયા એવોર્ડથી સન્માનીત કરવામાં આવ્યા ?
- કાર્તિક બોઝ લાઇફટાઇમ અચિવમેન્ટ એવોર્ડ

Vivekanand Academy Gandhinagar

(૮) ક્રિકેટ એસોસિએશન ઓફ બંગલાનું મુખ્યાલય કયાં આવેલ છે ?
– કોલકત્તા

## 9. August 2019

**(૧) દર વર્ષે ૯ ઓગસ્ટના રોજ સંયુક્ત રાષ્ટ્ર દ્વારા આંતરરાષ્ટ્રીય આદિવાસી દિવસ મનાવવામાં આવે છે.**
– આ દિવસ વિશ્વભરમાં વસવાટ કરતાં આદિવાસીઓને પોતાના હક અને અધિકારો મળે તે હેતુથી ઉજવવામાં આવે છે.
– સંયુક્ત રાષ્ટ્ર દ્વારા વર્ષ ૧૯૯૩ને આંતરરાષ્ટ્રીય આદિવાસી વર્ષ તરીકે ઉજવવામાં આવ્યું હતું
– વર્ષ ૨૦૧૯ થીમ : Indigenoun Languages

**(૨) વિક્રમ સારાભાઇ પત્રકારિતા પુરસ્કાર :**
– તાજેતરમાં ભારતીય અવકાશ સંશોધન કેન્દ્ર (ઇસરો) દ્વારા વિક્રમ સારાભાઇ પત્રકારિતા પુરસ્કારની જાહેરાત કરવામાં આવી.
– અંતરિક્ષ વિજ્ઞાન, ટેકનૉલોજિ અને સંશોધન ક્ષેત્રે પત્રકારોને સક્રિયક કામગીરી બદલ આ સન્માન આપવામાં આવશે.
– આ પુરસ્કાર ભારતના પત્રકારોને વર્ષ ૨૦૧૯ થી ૨૦૨૦ દરમ્યાન તેમના પ્રકાશિત થયેલ લેખો માટે આપવામાં આવશે.
– બે શ્રેણીમાં આપવામાં આવનાર આ પુરસ્કાર માટે પસંદ થયેલ વિજેતાઓની યાદી ૧ ઓગસ્ટ ૨૦૨૦ના રોજ જાહેર કરવામાં આવશે.
– પ્રથમ શ્રેણીના વિજેતા પત્રકારોને ઇસરો દ્વારા ૫ લાખનું રોકડ ઇનામ, પદક અને પ્રશંસાપત્ર આપવામાં આવશે. પ્રથમ શ્રેણીમાં બે પત્રકારોને અથવા ફિલાન્સરની પસંદગી કરવામાં આવશે. જેમાં અંગ્રેજી હિન્દી અને કોઇપણ ક્ષત્રિય ભાષાના લેખોનો સમાવેશ કરવામાં આવશે.
– બીજી શ્રેણીના વિજેતાઓને ૩ લાખ, ૨ લાખ અને ૧ લાખનું રોકડ ઇનામ આપવામાં આવશે.

**ઇસરો :**
– ઇંડિયન સ્પેસ રિસર્ચ ઓર્ગેનાઇઝેશન
– સ્થાપના : વર્ષ ૧૯૬૯માં
– સ્થાપક : વિક્રમ સારાભાઇ
– મુખ્યાલય : બેંગ્લોર
– વર્તમાન ચેરમેન : કે.સીવાન

**વિક્રમ સારાભાઇ :**
– ભારતીય અવકાશ કાર્યક્રમના પિતા તરીકે જાણીતા વિક્રમ સારાભાઇનો જન્મ ૧૨ ઓગસ્ટ ૧૯૧૯ના રોજ અમદાવાદ ખાતે થયો હતો.
– તેમણે અભ્યાસ અમદાવાદની ગુજરાત કોલેજ અને બ્રિટનમાં સેન્ટ જ્હોન કોલેજ, કેમ્બ્રિજ યુનિ.થી લીધો હતો.
– તેમણે વર્ષ ૧૯૪૦માં પ્રાકૃતીક વિજ્ઞાનમાં ટ્રાઇપોઝ ડિગ્રી મેળવી જાણીતા વિજ્ઞાની સી.વી. રામનના માર્ગદર્શનમાં વિજ્ઞાનના સંશોધનો શરૂ કર્યા હતા.
– તેમણે ભૌતિક વિજ્ઞાનમાં પીએચડીની પદવી પ્રાપ્ત કરી હતી.
– કોસ્મિક રેઝ અને સોલર ફિઝિક્સ તેમના સંશોધનનું વિશેષીકરણ રહ્યું હતું.
– ડોક્ટર વિક્રમ સારાભાઇએ અટિરા, પી.આર.એલ.,આઇ.આઇ.એમ, ઇસરો સામુદાયિક વિજ્ઞાન કેન્દ્ર જેવી ૩૦ થી વધુ સંશોધન સંસ્થાઓ દ્વારા ભારતમાં ઉચ્ચ દરજ્જાની સંશોધન પ્રવૃત્તિઓની બુનિયાદ રચી હતી.
– પોતાની સંશોધન પ્રવૃત્તીઓના બળે જ તેઓ ભારતીય પરમાણુ ઊર્જા આયોગના પ્રમુખ પણ બન્યા હતા.
– ભારત સરકારે ડાક્ટર વિક્રમ સારાભાઇનું પદ્મભૂષણ, પદ્મવિભૂષણથી સન્માન કર્યું હતું.
– તેમનું અવસાન ૩૦ ડિસેમ્બર ૧૯૭૧ના રોજ ત્રિવેન્દ્રમમાં થયું હતું.

**(૨) ભારત રત્ન ૨૦૧૯**
– રાષ્ટ્રપતિ રામનાથ કોવિંદે ભૂતપૂર્વ રાષ્ટ્રપતિ પ્રણવ મુખરજીને સર્વોચ્ચ નાગરિક સન્માન – ભારત રત્નથી નવાજ્યા હતા.
– તેમની સાથે જ સમાજસેવક નાનાજી દેશમુખ અને સંગીતકાર તથા ગીતકાર ભૂપેન હજારિકાને મરણોપરાંત ભારત રત્ન અપાયો હતો.
– રાષ્ટ્રપતિ ભવનમાં યોજાયેલા સમારંભમાં કોવિંદે તમામ હસ્તિઓને પ્રશસ્તિ પત્ર અને પ્રતીક ચિન્હ એનાયત કર્યા હતા.
– નાનાજી વતી તેમના કુટુંબી વિરેન્દ્રજીત સિંહ તથા હજારિકા વતી તેમના પુત્ર તેજ હજારિકાએ ભારત રત્નનો સ્વીકાર કર્યો હતો.
– ૨૬મી જાન્યુઆરીએ આ સન્માનની જાહેરાત કરાઇ હતી.

**પ્રણવ મુખરજી :**
– ભૂતપૂર્વ રાષ્ટ્રપતિ પ્રણવ મુખરજીનો જન્મ પશ્ચિમ બંગાળમાં ૧૧ ડિસેમ્બર ૧૯૩૫ના રોજ થયો હતો.
– તેઓ પ્રથમ વખત વર્ષ ૧૯૬૯માં રાજ્યસભાના સાંસદ બન્યા.
– આ પછી તેઓ ૧૯૭૫, ૧૯૮૧, ૧૯૯૩ અને ૧૯૯૯માં રાજ્યસભામાં ચૂંટાયા હતા.
– પ્રણવ મુખરજી ૨૫ જુલાઇ ૨૦૧૨ થી ૨૫ જુલાઇ ૨૦૧૭ સુધી રાષ્ટ્રપતિ પદમાં પર રહ્યા હતા. તેઓ દેશના ૧૩માં રાષ્ટ્રપતિ હતા.

**નાનાજી દેશમુખ :**
– નાનાજી દેશમુખનો જન્મ ૧૧ ઓક્ટોબર, ૧૯૧૬ના રોજ થયો હતો.
– તેઓ એક ભારતીય સામાજિક કાર્યકરત હતા, તેઓ ૧૯૩૦માં આરએસએસમાં જોડાયો.
– અટલ બિહારી વાજપેયી સરકારે તેમને રાજયસભાના સભ્ય તરીકે નામાંકિત કર્યા.
– વાજપેયીના કાર્યકાળ દરમિયાન, ભારત સરકારે નાનાજી દેશમુખને શિક્ષણ, આરોગ્ય અને ગ્રામીણ આત્મનિર્ભરતાના ક્ષેત્રમાં અનુરૂપ યોગદાન માટે પદ્મ વિભૂષણ પ્રદાન કર્યું હતું. ૨૭ ફેબ્રુઆરી, ૨૦૧૦ના રોજ ચિત્રકૂટમાં તેમનું અવસાન થયું.

**ભૂપેન હજારિકા :**
– ભૂપેન હજારિકાનો જન્મ ૯ સપ્ટેમ્બર ૧૯૨૬ના રોજ આસામમાં થયો હતો.
– ૧૦ વર્ષની ઉંમરે, ભૂપેન હજારિકાએ ૧૯૩૬માં કોલકાતામાં તેમણે પોતાનું પ્રથમ ગીત રેકોર્ડ કર્યો હતો.
– સંગીત ક્ષેત્રે તેમના યોગદાન બદલ વર્ષ ૧૯૭૫માં રાષ્ટ્રીય પુરસ્કાર અને વર્ષ ૧૯૯૨માં દાદાસાહેબ ફાળકે સન્માનથી સન્માનિત કરવામાં આવ્યા હતા.
– આ ઉપરાંત વર્ષ ૨૦૧૧માં તેમને પદ્મભૂષણથી સન્માનિત કરવામાં આવ્યા હતા.

**ભારત રત્ન :**
– ભારત રત્નએ ભારતનો સર્વોચ્ચ નાગરિક સન્માન છે આ સન્માન અસાધારણ રાષ્ટ્રીય સેવા બદલ આપવામાં આવે છે.

– આ સેવાઓમાં કલા, સાહિત્ય, વિજ્ઞાન, જાહેર સેવા અને રમતનો સમાવેશ થાય છે.
– આ સન્માન દર વર્ષે વધુમાં વધુ ત્રણ વ્યક્તિઓને આપવામાં આવે છે.
– આ પુરસ્કારમાં તાંબાના બનેલ પીપળના પાનમાં પ્લેટિનમનો સૂર્યપ્રકાશ હોય છે જેની નીચે ચાંદીથી દેવનાગરી લિપિમાં ‘ભારત રત્ન’ લખવામાં આવે છે.
– વર્ષ ૨૦૧૯ સુધી કુલ – ૪૮ વ્યક્તિઓને આ પુરસ્કાર એનાયત થઇ ચૂક્યો છે.
– આ સન્માનની શરૂઆત ૨ જાન્યુઆરી, ૧૯૫૪ના ભારતના રાષ્ટ્રપતિ રાજેન્દ્ર પ્રસાદ દ્વારા કરવામાં આવી હતી.
– ચક્રવર્તી રાજગોપાલાચાર્યને ૧૯૫૪માં સૌ પ્રથમ ભારત રત્ન સાથે સન્માનિત કરવામાં આવ્યા હતા. તેમની સાથે ડૉ. સર્વપલ્લી રાધાકૃષ્ણ અને સિ.વી. રામનનો સમાવેશ થાય છે.
– આ સન્માન સામાન્ય રીતે ભારતીય નાગરિકને જ આપવામાં આવે છે. પરંતુ પ્રથમ વખત વર્ષ ૧૯૮૦માં ભારત બહાર જન્મેલા અને પછી ભારતનું નાગરિકત્વ લેનાર મધર ટેરેસાને આપવામાં આવ્યું હતું.
– ત્યારબાદ પાકિસ્તાનના ખાન અબ્દુલ ગફાર ખાનને વર્ષ ૧૯૮૭ અને દક્ષિણ આફ્રિકાના નેલ્સન મંડેલાને વર્ષ ૧૯૯૦માં ભારત રત્ન સન્માન આપવામાં આવ્યું હતું.

પ્રશ્નો :

(૧) આંતરરાષ્ટ્રીય આદિવાસી દિવસ ક્યારે મનાવવામાં આવે છે ?
– ૯ ઓગસ્ટ
(૨) આંતરરાષ્ટ્રીય આદિવાસી દિવસ વર્ષ ૨૦૧૯થી થીમ જણાવો ?
– Indigenous Languages
(૩) તાજેતરમાં ભારતીય અવકાશ સંશોધન કેન્દ્ર (ઇસરો) દ્વારા કયા પુરસ્કારની જાહેરાત કરવામાં આવી ?
– વિક્રમ સારાભાઇ પત્રકારિતા પુરસ્કાર
(૪) વિક્રમ સારાભાઇ પત્રિકારિતા પુરસ્કારમાં પ્રથમ શ્રેણીના વિજેતાઓને કેટલા રૂપિયાનું રોકડ ઇનામ આપવામાં આવશે ?
– ૫ લાખ
(૫) ભારતીય અવકાશ કાર્યક્રમના પિતા તરીકે જાણીતા વિક્રમ સારાભાઇનો જન્મ ક્યાં થયો હતો ?
– અમદાવાદ ખાતે
(૬) તાજેતરમાં ભૂતપૂર્વ રાષ્ટ્રપતિ પ્રણમ મુખરજી સાથે કયાં બે મહાનુભાવોને સર્વોચ્ચ નાગરિક સન્માન – ભારત રત્નથી નવાજવામાં આવ્યા ?
– નાનાજી દેશમુખ (મરણોપરાંત) અને ભૂપેન હજારિકા (મરણોપરાંત)
(૭) ભૂતપૂર્વ રાષ્ટ્રપતિ પ્રણવ મુખરજીનો જન્મ કયાં રાજ્યમાં થયો હતો ?
– પશ્ચિમ બંગાળ
(૮) ભારત રત્ન પુરસ્કારમાં ચાંદીથી કઇ લિપિમાં ‘ભારત રત્ન’ લખવામાં આવે ?
– દેવનાગરી લિપિ
(૯) ભારત રત્ન પુરસ્કારની શરૂઆત કોના દ્વારા કરવામાં આવી હતી ?
– પૂર્વ રાષ્ટ્રપતિ રાજેન્દ્ર પ્રસાદ દ્વારા

**10. August 2019**

**(૧) વિશ્વ સિંહ દિવસ :**
– વિશ્વના મોટાભાગના દેશોમાં ૧૦ ઓગસ્ટના રોજ વિશ્વ સિંહ દિવસની ઉજવણી કરવામાં આવે છે.
– પ્રથમ વિશ્વ સિંહ દિવસની ઉજવણી વર્ષ ૨૦૦૭માં કરવામાં આવી હતી.
– ગુજરાતમાં સૌરાષ્ટ્રના ૧૪ હજાર ચો.કી.મી.ના વિસ્તારમાં સાવજો વિચરી રહ્યાં છે.
– સિંહોની સૌ પ્રથમ વ્યવસ્થિત વસતિ ગણતરી ૧૯૩૬માં કરવામાં આવી હતી. જેમાં ૨૮૭ સિંહો નોંધવામાં આવ્યા હતા.

**(૨) વિશ્વ જૈવ ઇંધણ દિવસ :**
– દર વર્ષે ૧૦ ઓગસ્ટના રોજ વિશ્વભરમાં વિશ્વ જૈવ ઇંધણ દિવસ (વર્લ્ડ બાયોડિઝલ ડે) મનાવવામાં આવે છે.
– બિન અશ્મિભૂત ઇંધણ વિશે લોકોને જાગરૂકતા કરવાના હેતુથી વિશ્વ ભરમાં આ દિવસની ઉજવણી કરવામાં આવે છે.
– ભારતમાં વિશ્વ જૈવ ઇંધણ દિવસની ઉજવણી કેન્દ્રિય પેટ્રોલિયમ અને પ્રાકૃતિક ગેસ મંત્રાલય દ્વારા કરવામાં આવે છે.
– કેન્દ્રિય પેટ્રોલિયમ અને પ્રાકૃતિક ગેસ મંત્રી – ધર્મેન્દ્ર પ્રધાન

**(૩) વિશ્વની પ્રથમ હાઇપરલૂપ – મહારાષ્ટ્ર :**
– તાજેતરમાં મહારાષ્ટ્ર સરકાર દ્વારા વિશ્વની પ્રથમ હાઇપરલૂપની મજૂરી આપવામાં આવી હતી.
– હાઇપરલૂપ દ્વારા મહારાષ્ટ્રના મુંબઇથી પૂનાને જોડવામાં આવશે.
– મુંબઇથી પૂના વચ્ચેનું ૧૫૦ કિમીનું અંતર ૨૫ મિનિટમાં કપાશે.
– મહારાષ્ટ્ર સરકાર દ્વારા વિશ્વની પ્રથમ હાઇપરલૂપ માટે દુબઇની ડીપી વર્લ્ડ અને અમેરિકાની વર્જીન ગ્રુપ નામની કંપની સાથે MOU કર્યા છે.
– આ બંને કંપનીઓ દ્વારા મહારાષ્ટ્ર સરકારના આ પ્રોજેક્ટનું નામ ઓરિજિનલ પ્રોજેક્ટ પ્રોપોનન્ટ રાખવામાં આવ્યું છે.
– આ પ્રોજેક્ટની શરૂઆત વર્ષ ૨૦૧૯ના અંત સુધીમાં કરવામાં આવશે. જે ૨૦૨૩ સુધીમાં પૂર્ણ થશે.
– આ પ્રોજેક્ટ માટે મહારાષ્ટ્ર સરકાર પ્રથમ તબક્કામાં પિંપરી થી ચિંચવાડા સુધી ૧૧.૯ કિમી લાંબી ડેમોન્સ્ટ્રેશન ટ્રેક ટનલ બનાવશે.
– પ્રથમ તબક્કાની સફળતા બાદ બીજા તબક્કામાં વિશ્વની પ્રથમ હાઇપરલૂપનું મુંબઇથી પૂના વચ્ચેનું કાર્ય પૂર્ણ થશે.

**હાઇપરલૂપ :**
– હાઇપરલૂપ એક ટ્રાન્સપોર્ટ સર્વિસ છે જેમાં એક બંધ ટનલ કે પાઇપલાઇન વડે પરિવહન કરવામાં આવે છે.
– હાઇપરલૂપમાં એક કેપ્સ્યુલ રાખવામાં આવે છે જેમાં મુસાફરોનું પરિવહન કરવામાં આવે છે.
– હાઇપરલૂપથી ચાલતી કેપ્સ્યુલની ઝડપ ૪૦૦ થી ૧૨૦૦ કિમી પ્રતિ કલાક હોય છે
– હાઇપરલૂપની ટેકનૉલોજિ અમેરિકાના એલન મસ્ક દ્વારા વર્ષ ૨૦૧૨– ૧૩માં રજૂ કરવામાં આવી હતી.

**(૪) NEFT સેવા ડિસેમ્બરથી ૨૪ કલાક ઉપલબ્ધ :**
– ડિજિટલ પેમેન્ટને પ્રોત્સાહન આપવાના હેતુથી રિઝર્વ બેન્ક ઓફ ઇન્ડિયા દ્વારા NEFT ને ડિસેમ્બર મહિનાથી ૨૪ કલાક ચાલુ રાખવાનો નિર્ણય કરવામાં આવ્યો.

- હાલમાં ગ્રાહક સવારે ૮ વાગ્યાથી સાંજે ૭ વાગ્યા સુધી જ NEFT મારફતે નાણાંકીય વ્યવહારી કરી શકે છે.
- આ સુવિધા દર મહિનાના બીજા અને ચોથા શનિવારે ઉપલબ્ધ હોતી નથી જે હવે ડિસેમ્બરથી ૭ દિવસ અને ૨૪ કલાક સેવા મળશે.

NEFT નું પુરૂનામ National Electronic Funds Transfer છે.

- આ ઇલેક્ટ્રોનિક ફંડ ટ્રાન્સફર સિસ્ટમની શરૂઆત નવેમ્બર ૨૦૦૫માં કરવામાં આવી હતી.
- NEFT ના માધ્યમથી બેન્કના ગ્રાહક બીજી કોઇપણ બેન્કના ખાતામાં પૈસા ટ્રાન્સફર કરી શકે છે.

**(૫) કેન્દ્ર સરકાર દ્વારા ૫૬૪૫ ઇલેક્ટ્રિક બસને મંજૂરી :**

- તાજેતરમાં કેન્દ્ર સરકાર દ્વારા દેશના ૫૬૬૪ ઇલેક્ટ્રિક બસને મંજૂરી આપવામાં આવી.
- કેન્દ્ર સરકાર દ્વારા સ્વચ્છ પરિવહન અને મેક ઇન ઇન્ડિયા પહેલને પ્રોત્સાહન આપવાના હેતુથી આ મંજૂરી આપવામાં આવી.
- કેન્દ્ર સરકાર દ્વારા ગુજરાત રાજ્યને નવી ૩૦૦ ઇલેક્ટ્રિક બસ ફાળવવાનો નિર્ણય કર્યો છે.
- તે અંતર્ગત અમદાવાદ શહેરમાં ૧૦ જેટલી ઇલેક્ટ્રિક બસ શરૂ કરવામાં આવી છે.

પ્રશ્નો :

(૧) વિશ્વ સિંહ દિવસ ક્યારે મનાવવામાં આવે છે ?
- ૧૦ ઓગસ્ટ

(૨) પ્રથમ વિશ્વ સિંહ દિવસની ઉજવણી કરવામાં આવી હતી ?
- વર્ષ ૨૦૦૭માં

(૩) વિશ્વ જૈવ ઇંધણ દિવસ (વર્લ્ડ બાયોડિઝલ ડે) ક્યારે મનાવવામાં આવે છે ?
- ૧૦ ઓગસ્ટ

(૪) કેન્દ્રીય પેટ્રોલિયમ અને પ્રાકૃતિક ગેસ મંત્રી જણાવો ?
- ધર્મેન્દ્ર પ્રધાન

(૫) તાજેતરમાં ભારતના કયાં રાજ્યની સરકાર દ્વારા વિશ્વની પ્રથમ હાઇપરલૂપની મજૂરી આપવામાં આવી હતી ?
- મહારાષ્ટ્ર

(૬) હાઇપરલૂપ દ્વારા મહારાષ્ટ્રના કયાં બે શહેરને જોડવામાં આવશે ?
- મુંબઇથી પૂનાને

(૭) NEFTનું પુરૂનામ જણાવો ?
- National Electronic Funds Transfer

(૮) ઇલેક્ટ્રોનિક ફંડ ટ્રાન્સફર સિસ્ટમ NEFT ની શરૂઆત ક્યારે કરવામાં આવી હતી ?
- નવેમ્બર ૨૦૦૫માં

## 11. August 2019

**(૧) તાજેતરમાં રાષ્ટ્રીય ફિલ્મ પુરસ્કાર ૨૦૧૯ની જાહેરાત કરવામાં આવી.**

- આ રાષ્ટ્રીય ફિલ્મ પુરસ્કારનું આ ૬૬મું આયોજન હતું.
- વર્ષ ૨૦૧૮માં પ્રસિદ્ધ થયેલ ફિલ્મોને આ એવોર્ડ માટે પસંદ કરવામાં આવ્યા છે.
- ૬૬માં રાષ્ટ્રીય ફિલ્મ પુરસ્કાર ૨૦૧૯માં સૌથી વધુ ૫ પુરસ્કાર જીતનાર ફિલ્મ નથીચારામી છે જે કન્નડ ભાષાની ફિલ્મ છે.
- ૬૬માં રાષ્ટ્રીય ફિલ્મ પુરસ્કારમાં મોસ્ટ ફિલ્મ ફ્રેંડલી સ્ટેટ તરીકે ઉત્તરાખંડને જાહેર કરવામાં આવ્યું.
- રાષ્ટ્રીય ફિલ્મ પુરસ્કાર ૨૦૧૯ ડિરેક્ટોરેટ ઓફ ફિલ્મ ફેસ્ટિવલ દ્વારા એનાયત કરવામાં આવે છે.
- ડિરેક્ટોરેટ ઓફ ફિલ્મ ફેસ્ટિવલ્સની સ્થાપના વર્ષ ૧૯૭૩માં કરવામાં આવી હતી જે કેન્દ્રીય માહિતી અને પ્રસારણ મંત્રાલય અંતર્ગત કાર્ય કરે છે.
- ડિરેક્ટોરેટ ઓફ ફિલ્મ ફેસ્ટિવલ્સના અધ્યક્ષ બ્રિજેન્દ્રપાલ સિંહ છે.
- પ્રથમ રાષ્ટ્રીય ફિલ્મ પુરસ્કાર વિજેતા વર્ષ ૧૯૫૪માં જાહેર કરવામાં આવ્યા હતા. જે વર્ષ ૧૯૫૩માં પ્રસિદ્ધ થયેલ ફિલ્મોને આપવામાં આવ્યા હતા.
- ડિરેક્ટોરેટ ઓફ ફિલ્મ ફેસ્ટિવલ્સ દ્વારા મુખ્ય ત્રણ કેટેગરીમાં પુરસ્કાર આપવામાં આવે છે.

(૧) સ્વર્ણ કમલ પુરસ્કાર
(૨) રજત કમલ પુરસ્કાર
(૩) પ્રદેશિક ભાષા પુરસ્કાર

**સ્વર્ણ કમલ પુરસ્કાર વિજેતા :**

| પુરસ્કાર | વિજેતા | ભાષા |
|---|---|---|
| બેસ્ટ ફીચર ફિલ્મ | હેલ્લારો | ગુજરાતી |
| બેસ્ટ ડેબ્યુ ફિલ્મ ઓફ ડાયરેક્ટર | નાલ | મરાઠી |
| બેસ્ટ પોપ્યુલર ફિલ્મ | બધાઇ હો | હિન્દી |
| બેસ્ટ ડાયરેક્શન | ઉરી– ધ સર્જીકલ સ્ટ્રાઇક (ડાયરેક્ટર– આદિત્યધાર) | હિન્દી |
| બેસ્ટ ફિલ્મ ઓન સોશિયલ ઇસ્યુ | પેડમેન | હિદી |

**રજત કમલ પુરસ્કાર વિજેતા**

| પુરસ્કાર | વિજેતા વ્યક્તિ | ફિલ્મ | ભાષા |
|---|---|---|---|
| બેસ્ટ એક્ટર | વિકી કૌશલ | ઉરી–ધ સ. સ્ટ્રાઇક | હિન્દી |
| | આયુષમાન ખુરાના | અંધાધૂન | હિન્દી |
| બેસ્ટ એક્ટ્રેસ | કિર્તિ સુરેશ | મહનતિ | તેલુગુ |
| સ્પેશિયલ જ્યુરી | | હેલ્લારો | ગુજરાતી |

**પ્રદેશિક ભાષા પુરસ્કાર વિજેતા :**

| પુરસ્કાર | ફિલ્મ |
|---|---|
| બેસ્ટ ગુજરાતી ફિલ્મ | રેવા |
| બેસ્ટ હિન્દી ફિલ્મ | અંધાધૂન |

**રાષ્ટ્રીય ફિલ્મ એવોર્ડમા પુરસ્કાર પ્રાપ્ત કરનાર ગુજરાતી ફિલ્મો**

- ૬૬માં રાષ્ટ્રીય ફિલ્મ પુરસ્કારમાં ગુજરાતી ફિલ્મ ' હેલ્લારો' ને બેસ્ટ ફીચર ફિલ્મ કેટેગરીમાં એવોર્ડ મળ્યો છે.
- ગુજરાતનાં કચ્છની મહિલાઓ પરની આધારિત 'હેલ્લારો' ફિલ્મના ડાયરેક્ટર અભિષેક શાહ છે.
- 'હેલ્લારો' બેસ્ટ ફીચર ફિલ્મ કેટેગરીમાં એવોર્ડ જીતનાર પ્રથમ ગુજરાતી ફિલ્મ છે.
- બેસ્ટ ફીચર ફિલ્મ એવોર્ડ ઉપરાંત હેલ્લારો ફિલ્મને સ્પેશિયલ જ્યુરી એવોર્ડ પણ એનાયત થયો છે.
- ગુજરાતી ભાષાની 'રેવા' ફિલ્મને પ્રાદેશિક ફિલ્મ કેટેગરીમાં (શ્રેષ્ઠ ગુજરાતી ફિલ્મ) એવોર્ડ એનાયત થયો છે.
- 'રેવા' ફિલ્મ ગુજરાતી ભાષાનાં જાણીતા લેખક ધ્રુવભટ્ટની તત્વમસિ નામની નવલકથા માંથી બનાવવામાં આવી છે.

Vivekanand Academy Gandhinagar

- ૬૬ માં રાષ્ટ્રીય ફિલ્મ પુરસ્કારમાં એવોર્ડ જીતનાર બંને ગુજરાતી ફિલ્મને ગુજરાત રાજ્ય સરકાર દ્વારા રોકડ પુરસ્કાર આપવાની જાહેરાત મુખ્યમંત્રીશ્રી વિજયભાઇ રૂપાણી દ્વારા કરવામાં આવી.
- બેસ્ટ ફીચર ફિલ્મ એવોર્ડ જીતનાર હેલ્લારો ફિલ્મને રાજ્ય સરકાર દ્વારા ૨ કરોડનું ઇનામ આપવામાં આવશે.
- રાજ્ય સરકાર દ્વારા આ બંને રોકડ પુરસ્કાર 'ગુજરાતી ફિલ્મ પ્રોત્સાહન નીતિ– ૨૦૧૬' અંતર્ગત આપવામાં આવશે.

**(૫) વિમેન ટ્રાન્સફોર્મિંગ ઇન્ડિયા એવોર્ડ – નીતિ આયોગ :**

- તાજેતરમાં નીતિ આયોગ દ્વારા વિમેન ટ્રાન્સફોર્મિંગ ઇન્ડિયા એવોર્ડની ચોથી આવૃતિની શરૂઆત કરવામાં આવી.
- આ વર્ષે આ એવોર્ડ 'મહિલાઓ અને ઉદ્યોગસાહસિકતા' થીમ પર એનાયત કરવામાં આવશે.
- આ વર્ષે આ એવોર્ડ નીતિ આયોગ અને વોટ્સએપ સાથે મળી આપશે.
- વિમેન ટ્રાન્સફોર્મિંગ ઇન્ડિયા એવોર્ડના વિજેતાઓને વોટ્સએપ દ્વારા દસ લાખ ડોલર ઇનામી રાશિ એનાયત કરવામાં આવશે.
- વિમેન ટ્રાન્સફોર્મિંગ ઇન્ડિયા એવોર્ડની શરૂઆત વર્ષ ૨૦૧૬માં કરવામાં આવી હતી.
- લોકોના જીવનમાં પરીવર્તન લાવવા માટે મહેનત કરતી મહિલાઓને આ સન્માન આપવામાં આવે છે.
- પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદી દ્વારા ૧ જાન્યુઆરી, ૨૦૧૫ના રોજ આયોજન પંચના સ્થાને નીતિ આયોગની રચના કરવામાં આવી હતી.
- નીતિ આયોગના અધ્યક્ષ તરીકે હોદ્દાની રૂએ પ્રધાનમંત્રી હોય છે.
- નીતિ આયોગના ઉપાધ્યક્ષ તરીકે રાજીવ કુમાર છે.
- NITI નેશનલ ઇન્સ્ટિટ્યૂશન ફોર ટ્રાન્સફોર્મિંગ ઇન્ડિયા

**આયોજન પંચ :**

- સ્થાપના ૧૫ માર્ચ – ૧૯૫૯
- શરૂઆત – જવાહરલાલ નહેરૂ દ્વારા
- પ્રથમ પંચવર્ષીય યોજના – વર્ષ ૧૯૫૧માં

**(૫) રાજાધીરાજ' – પુસ્તકનું વિમોચન**

- તાજેતરમાં રીલાયન્સ ગ્રૂપના પ્રેસિડેન્ટ ધનરાજ નથવાણીની પહેલ હેઠળ તૈયાર થયેલ કોફી ટેબલ બુક 'રાજાધીરાજ' નું અમદાવાદ ખાતે વિમોચન કરવામાં આવ્યું.
- આ પુસ્તકનું વિમોચન રાજ્યના મુખ્યમંત્રી વિજયભાઇ રૂપાણી દ્વારા કરવામાં આવ્યું હતું.
- આ પુસ્તક ભગવાન શ્રી કૃષ્ણના જીવન આધારિત રચવામાં આવ્યું છે.
- 'રાજાધીરાજ' પુસ્તકમાં દ્વારકા અને પિછવાઇ ચિત્રકલા પર વધુ ફોક્સ કરવામાં આવ્યું છે.

પ્રશ્નો :

(૧) તાજેતરમાં કેટલામાં રાષ્ટ્રીય ફિલ્મ પુરસ્કારની જાહેરાત કરવામાં આવી ?
- ૬૬માં

૨ ૬૬માં રાષ્ટ્રીય ફિલ્મ પુરસ્કાર ૨૦૧૯માં સૌથી વધુ ૫ પુરસ્કાર જીતનાર ફિલ્મ નથીચારામી છે જે કઇ ભાષાની ફિલ્મ છે ?
- કન્નડ ભાષાની

૩ રાષ્ટ્રીય ફિલ્મ પુરસ્કાર ૨૦૧૯ કોના દ્વારા એનાયત કરવામાં આવે છે ?
- ડિરેક્ટોરેટ ઓફ ફિલ્મ ફેસ્ટિવલ્સ દ્વારા

૪ પ્રથમ રાષ્ટ્રીય ફિલ્મ પુરસ્કાર વિજેતા ક્યારે જાહેર કરવામાં આવ્યા હતા ?
- વર્ષ ૧૯૫૪

૫ ૬૬માં રાષ્ટ્રીય ફિલ્મ પુરસ્કારમાં કઇ ગુજરાતી ફિલ્મને ફીચર ફિલ્મ કેટેગરીમાં એવોર્ડ મળ્યો છે ?
- હેલ્લારો

૬ રાજ્ય સરકાર દ્વારા ૬૬માં રાષ્ટ્રીય ફિલ્મ પુરસ્કારમાં વિજેતા બનેલ બંને ગુજરાતી ફિલ્મને કઈ નીતિ અંતર્ગત રોકડ પુરસ્કાર આપવાની જાહેરાત કરવામાં આવી ?
- ગુજરાતી ફિલ્મ પ્રોત્સાહન નીતિ–૨૦૧૬ અંતર્ગત

## 12. August 2019

**(૧) આંતરરાષ્ટ્રીય યુવા દિવસ :**

- દર વર્ષે ૧૨ ઓગસ્ટના રોજ વિશ્વભરમાં આંતરરાષ્ટ્રીય યુવા દિવસ મનાવવામાં આવે છે.
- આ દિવસ યુવાઓ સાથે જોડાયેલ સાંસ્કૃતિક અને કાનૂની મુદ્દાઓ તરફ ધ્યાન દોરવા અને સમાજમા બદલાવ લાવવા માટે યુવાઓની ભૂમિકાને દર્શાવવાના હેતુથી ઉજવવામાં આવે છે.
- પ્રથમ આંતરરાષ્ટ્રીય યુવા દિવસની ઉજવણી વર્ષ ૨૦૦૦માં કરવામાં આવી હતી.
- વર્ષ ૨૦૧૯ થીમ – Transforming Education
- રાષ્ટ્રીય યુવા દિવસ – ૧૨ જાન્યુઆરી (સ્વામી વિવેકાનંદની જન્મજયંતિ નિમિત્તે ભારત સરકાર દ્વારા આ દિવસની ઉજવણી કરવામાં આવે છે.)

**(૨) વિક્રમ સારાભાઇ – જન્મજયંતિ :**

- ભારતીય અવકાશ કાર્યક્રમના પિતા તરીકે જાણીતા સારાભાઇની આજે ૧૦૦મી જન્મજયંતિ
- ભારતીય અવકાશ કાર્યક્રમના પિતા તરીકે જાણીતા વિક્રમ સારાભાઇનો જન્મ ૧૨ ઓગસ્ટ ૧૯૧૯ના રોજ અમદાવાદ ખાતે થયો હતો.
- તેમણે અભ્યાસ અમદાવાદની ગુજરાત કોલેજ અને બ્રિટનમાં સેન્ટ જહોન કોલેજ, કેમ્બ્રિજ યુનિ.થી. લીધો હતો.
- તેમણે વર્ષ ૧૯૪૦માં પ્રાકૃતિક વિજ્ઞાનમાં ટ્રાઇપોઝ ડિગ્રી મેળવી જાણીતા વિજ્ઞાની સી.વી. રામનના માર્ગદર્શનમાં વિજ્ઞાનના સંશોધનો શરૂ કર્યા હતા.
- તેમણે ભૌતિક વિજ્ઞાનમાં પીએચડીની પદવી પ્રાપ્ત કરી હતી.
- કોસ્મિક રેઝ અને સોલર ફિઝિક્સ તેમના સંશોધનનું વિશેષીકરણ રહ્યું હતું.
- ડોક્ટર વિક્રમ સારાભાઇએ અટિરા, પી.આર.એલ., આઇ.આઇ.એમ ઇસરો સામુદાયિક વિજ્ઞાન કેન્દ્ર જેવી ૩૦ થી વધુ સંશોધન સંસ્થાઓ દ્વારા ભારતમાં ઉચ્ચ દરજ્જાની સંશોધન પ્રવૃતિઓની બુનિયાદ રચી હતી.
- પોતાની સંશોધન પ્રવૃતિઓના બળે જ તેઓ ભારતીય પરમાણું ઊર્જા આયોગના પ્રમુખ પણ બન્યા હતા.
- ભારત સરકારે ડોક્ટર વિક્રમ સારાભાઇનું પદ્મભૂષણ, પદ્મવિભૂષણથી સન્માન કર્યુ હતું.
- તેમનું અવસાન ૩૦ ડિસેમ્બર ૧૯૭૧ના રોજ ત્રિવેન્દ્રમમાં થયું હતું.

**(૩) મુખ્યમંત્રી સાથે મોકળા મને – વિજયભાઇ રૂપાણી**

- તાજેતરમાં રાજ્યના મુખ્યમંત્રીશ્રી વિજયભાઇ રૂપાણી દ્વારા તેમના નેતૃત્વમાં સરકારના ત્રણ વર્ષ પૂર્ણ થવાના પ્રસંગે મુખ્યમંત્રી સાથે મોકળા મને કાર્યક્રમ લોન્ચ કરવામાં આવ્યો.
- આ કાર્યક્રમનું પ્રથમ આયોજન ગાંધીનગર ખાતે મુખ્યમંત્રી નિવાસસ્થાન પરથી કરવામાં આવ્યું હતું.

- મુખ્યમંત્રી સાથે મોકળા મને કાર્યક્રમ અંતર્ગત મુખ્યમંત્રી વિજયભાઇ રૂપાણી દર મહિને રાજ્યના નાગરીકો સાથે સીધા સંવાદ કરશે.

**(૩) મોટર વાહન (સુધારા) બિલ ૨૦૧૯ને મંજૂરી :**
- તાજેતરમાં રાષ્ટ્રપતિશ્રી રામનાથ કોવિંદ દ્વારા મોટર વાહન (સુધારા) બિલ ૨૦૧૯ને મંજૂરી આપવામાં આવી.
- કેન્દ્રીય પરિવહન મંત્રી નિતિન ગડકરી દ્વારા લોકસભામાં રજૂ કરવામાં આવેલ આ બિલ લોકસભા અને રાજ્યસભામાં પસાર થયું હતું.
- આ બિલ દ્વારા મોટર વાહન બિલ ૧૯૯૮માં સુધારો કરવામાં આવ્યો.
- આ બિલ અંતર્ગત રોડ સેફ્ટી અને રોડ પર શિસ્તતા લાગુ કરવા કડક દંડના નિયમો કરવામાં આવ્યા છે.
- બિલ અનુસાર ટ્રાફિક નિયમોના ઉલ્લંઘન બદલ ઓછામાં ઓછો દંડ ૧૦૦ રૂપિયાથી વધારીને ૫૦૦ રૂપિયા કરવામાં આવ્યો છે.
- દેશમાં હાલ હિટ એન્ડ રન કેસમાં મૃત્યુ થવા પર ૨૫ હજાર રૂપિયાનું વળતર હતું જે વધારીને ૨ લાખ કરવામાં આવ્યું છે.

(૩) જળ સુરક્ષા પહેલ – માનવ સંસાધન વિકાસ મંત્રાલય :
- તાજેતરમાં કેન્દ્રીય માનવ સંસાધન વિકાસ મંત્રાલય દ્વારા શિક્ષા જળ સુરક્ષા પહેલ લોન્ચ કરવામાં આવી.
- દેશભરની શાળાઓના વિદ્યાર્થીઓમાં જળસંચય અંગે જાગૃતિ લાવવાના હેતુથી આ પહેલને શરૂ કરવામાં આવી છે.
- આ પહેલ જળ શક્તિ અભિયાન અંતર્ગત કાર્ય કરશે.
- કેન્દ્રીય માનવ સંસાધન વિકાસ મંત્રી – રમેશ પોખરીયા

જળ સુરક્ષા પહેલના પાંચ મુખ્ય ઉદ્દેશ્ય :
- જળ સંરક્ષણ વિશે વિદ્યાર્થીઓને જાગૃત કરવા
- વિદ્યાર્થીઓને પાણીના કુદરતી સ્રોતનું રક્ષણ કરવા જાગૃત કરવા.
- પાણીની અછતની સમસ્યાથી વિદ્યાર્થીઓને જાગૃત કરવા
- દિવસના ઓછામાં ઓછું એક લિટર પાણી બચાવવા વિદ્યાર્થીઓને જાગૃત કરવા.
- ઘરને શાળામાં વિદ્યાર્થીઓ પાણીનો ઓછો બગાડ કરે તે માટે વિદ્યાર્થીઓને જાગૃત કરવા

**જળ સુરક્ષાના પહેલના મુખ્ય લક્ષ્ય :**
- એક વિદ્યાર્થી પ્રતિદિન એક લિટર પાણી બચાવે
- એક વિદ્યાર્થી એક વર્ષે ૩૬૫ લિટર પાણી બચાવે
- એક વિદ્યાર્થી ૧૦ વર્ષમાં ૩૬૫૦ લિટર પાણી બચાવે.

**જળ શક્તિ અભિયાન :**
- કેન્દ્રિય જળ શક્તિ મંત્રી ગજેન્દ્રસિંહ શેખાવત દ્વારા 'જળ શક્તિ અભિયાન' લોન્ચ કરવામાં આવ્યું હતું. આ અભિયાન દેશમાં જળસંરક્ષણ અને જળ સુરક્ષાના ઉદ્દેશ્યથી લોન્ચ કરવામાં આવ્યું છે.
- જળ શક્તિ મંત્રાલય દ્વારા ૧જુલાઇ ૨૦૧૯ થી ૧૫ સપ્ટેમ્બર ૨૦૧૯ સુધી આ અભિયાન જનભાગીદારી ચલાવવામાં આવશે.
- અભિયાનનો બીજો ભાગ ૧ ઓક્ટોબર ૨૦૧૯થી ૩૦ સપ્ટેમ્બર ૨૦૧૯ સુધી ચલાવવામાં આવશે.
- આ અભિયાન અંતર્ગત દેશના ૨૫૬ જિલ્લા અને ૧૫૯૨ ક્ષેત્રને જોડવામાં આવશે. અભિયાનમાં કેન્દ્ર અને રાજ્ય સરકાર સાથે મળી કાર્ય કરશે.
- આ અભિયાનના પ્રચાર પ્રસાર માટે શાળા, એનજીઓ, યુવાઓને જોડવામાં આવશે,

**અભિયાન દ્વારા આવરી લેવાતા ક્ષેત્રો :**
- જળ સંરક્ષણ અને વરસાદી પાણીનો સંગ્રહ
- વનીકરણ
- પરંપરાગત અને અન્ય જળાશયોનું રિનોવેશન
- વોટરશેડ વિકાસ
- જળનો પુનઉપયોગ

**જળ શક્તિ મંત્રાલય :**
- કેન્દ્ર સરકાર દ્વારા 'જળશક્તિ' નામના નવા મંત્રાલયની રચના કરવામાં આવી હતી.
- આ મંત્રાલય જળ સંસાધન, નદી વિકાસ અને ગંગા સંરક્ષણ મંત્રાલય તથા પેયજળ અને સ્વચ્છતા મંત્રાલયનું મર્જર બાદ રચવામાં આવ્યું છે.
- આ મંત્રાલય દ્વારા જળ પ્રબંધ અને વિનિયમનનું કાર્ય કરવામાં આવશે.
- ભારત સરકારના નવા જળ શક્તિ મંત્રાલયના પ્રથમ મંત્રી શ્રી ગજેન્દ્રસિંહ શેખાવત છે.
- આ મંત્રાલયના રાજ્ય કક્ષાના મંત્રી શ્રી રતનલાલ કટારિયા છે.

પ્રશ્નો :

(૧) વિશ્વભરમાં આંતરરાષ્ટ્રીય યુવા દિવસ ક્યારે મનાવવામાં આવે છે ?
- દર વર્ષે ૧૨ ઓગસ્ટના રોજ

(૨) આંતરરાષ્ટ્રીય યુવા દિવસ–૨૦૧૯ની થીમી જણાવો ?
- Transforming Education

(૩) ભારતીય અવકાશ કાર્યક્રમના પિતા તરીકે જાણીતા વિક્રમ સારાભાઇનો જન્મ ક્યાં થયો હતો ?
- અમદાવાદ

(૪) રાષ્ટ્રપતિશ્રી રામનાથ કોવિંદ દ્વારા મોટર વાહન (સુધારા) બિલ ૨૦૧૯ને મંજૂરી આપવામાં આવી તે બિલ દ્વારા ક્યાં બિલમાં સુધારો કરવામાં આવ્યો ?
- મોટર વાહન બિલ ૧૯૯૮માં

(૫) તાજેતરમાં ભારત સરકારના ક્યાં મંત્રાલય દ્વારા શિક્ષા જળ સુરક્ષા પહેલ લોન્ચ કરવામાં આવી ?
- કેન્દ્રીય માનવ સંસાધન વિકાસ મંત્રાલય

(૬) કેન્દ્રીય માનવ સંસાધન વિકાસ મંત્રી ?
- રમેશ પોખરીયા

(૭) કેન્દ્રીય જળ શક્તિ મંત્રી ?
- ગજેન્દ્રસિંહ શેખાવત

## 13. August 2019

**(૧) વિનોદ જોશી– જન્મદિવસ :**
- ગુજરાતી ભાષાના જાણીતા કવિ, લેખક અને વિવેચક વિનોદ જોશીનો આજે જન્મદિવસ.
- તેમનો જન્મ ૧૩ ઓગસ્ટ ૧૯૫૫ના રોજ અમરેલી જિલ્લાના ભોરિંગડા ગામે થયો હતો.
- તેમનું પુરૂનામ વિનોદ હરગોવિંદદાસ જોશી છે.
- તેમની સૌપ્રથમ કવિતા વર્ષ ૧૯૭૩માં ગુજરાતી ભાષાના સમાહિક કુમારમાં પ્રકાશિત થઇ હતી.
- વિનોદ જોશીને મળેલ પુરસ્કારો :
  - જયંત પાઠક પુરસ્કાર વર્ષ – ૧૯૮૫
  - ક્રિટીક્સ એવોર્ડ વર્ષ ૧૯૮૬
  - કવિશ્વર દલપતરામ એવોર્ડ વર્ષ ૨૦૧૩
  - સાહિત્ય ગૌરવ પુરસ્કાર વર્ષ ૨૦૧૫
  - નરસિંહ મહેતા પુરસ્કાર વર્ષ ૨૦૧૮
  - કલાપી પુરસ્કાર વર્ષ ૨૦૧૮

**(૨) મિશન લેધર :**
- ખાદી અને ગ્રામઉદ્યોગ આયોગ દ્વારા વિશ્વ આદિવાસી દિવસ નિમિત્તે મિશન લેધર લોન્ચ કરવામાં આવ્યું.
- રાજસ્થાનના સિરોહી જિલ્લાના ચંદાલા ખાતે આ મિશન લોન્ચ કરવામાં આવ્યું.
- આ મિશન અંતર્ગત પરંપરાગત રીતે ચામડા ઉદ્યોગ સાથે સંકળાયેલા કારીગરોને ચામડાની કીટ પ્રદાન કરવામાં આવશે.

ખાદી અને ગ્રામઉદ્યોગ આયોગ
- ખાદી અને ગ્રામઉદ્યોગ આયોગ અધિનિયમ ૧૯૫૬ અંતર્ગત સ્થપાયેલ આ આયોગ એક બંધારણીય સંસ્થા છે. જે સૂક્ષ્મ, લઘુ અને મધ્યમ ઉદ્યોગ મંત્રાલય અંતર્ગત કાર્ય કરે છે.
- આ આયોગ ખાદી અને ગૃહઉદ્યોગ ઉત્પાદનોના વેચાણ અને માર્કેટિંગને પ્રોત્સાહન આપવાનું કાર્ય કરે છે.

**(૩) પ્રોજેક્ટ જળ ચક્ર :**
- તાજેતરમાં આઇઆઇટી મદ્રાસના સંશોધકો દ્વારા પ્રોજેક્ટ જળ ચક્ર નામની પહેલ શરૂ કરવામાં આવી.
- પ્રોજેક્ટ જળ ચક્ર અંતર્ગત માનવીય યુરિનને રીસાયકલ કરી પાણી બનાવવાની ટેકનિક વિકસાવવામાં આવી છે.
- આ પ્રોજેક્ટને જુલાઇ ૨૦૧૯ને ઇન્ડિયન ઇનોવેશન ગ્રોથ પ્રોગ્રામ ૨.૦ એવોર્ડ એનાયત થયો હતો.
- આ પ્રોજેક્ટ અંતર્ગત યુરિનને ત્રણ દિવસ સંગ્રહ કરવામાં આવે છે. બાદમાં તેને યુરિયા એમોનિયામાં પરિવર્તન કરવામાં આવે છે.
- બાદમાં સ્ટીમ ડિસ્ટીલેશન પ્રક્રિયા દ્વારા એમોનિયાને અલગ કરવામાં આવે છે.
- આ પ્રક્રિયા દ્વારા ઇલેક્ટ્રોકેમિકલ પ્રક્રિયાના માધ્યમથી ૯૦% પાણીને પૂન:પ્રાપ્ત કરી શકાય છે.
  આ પૂન:પ્રાપ્ત પાણીનો ઉપયોગ વનસ્પતિને પાણી માપવા માટે ઉપયોગમાં આપી શકાય છે.
- આઇઆઇટી મદ્રાસની સ્થાપના વર્ષ ૧૯૫૯માં પશ્ચિમ જર્મનીની સહાયતાથી કરવામાં આવી હતી.
- આઇઆઇટી મદ્રાસ તામિલનાડુ ખાતે આવેલ છે.

**(૩) મિશન રિચ આઉટ :**
- તાજેતરમાં ભારતીય સેના દ્વારા જમ્મુમાં મિશન રિચ આઉટ લોન્ચ કરવામાં આવ્યું.
- આ મિશન જમ્મુમાં લોકોને જીવન જરૂરી વસ્તુઓ અને સેવાઓ ઉપલબ્ધ કરાવવાના ઉદ્દેશ્યથી લોન્ચ કરવામાં આવ્યું છે.
- જમ્મુ કાશ્મીરમાંથી અનુચ્છેદ ૩૭૦ હટાવ્યા બાદ ઘણા વિસ્તારમાં કરફ્યુ લગાવવામાં આવી.
- મિશન રિચ આઉટ અંતર્ગત લોકોને મોબાઇલ મેડિકલ કેર યુનિટ્સ, રાશન, એટીએમ, મહિલા સુરક્ષા, બેન્ક, હોસ્પિટલ સુરક્ષા જેવી સેવાઓ આપવામાં આવશે.

**(૪) ચંદ્રિમા શાહા – ઇન્ડિયન નેશનલ સાયન્સ એકેડેમી**
- તાજેતરમાં ચંદ્રિમા શાહા ઇન્ડિયન નેશનલ સાયન્સ એકેડેમીના અધ્યક્ષ નીમવામાં આવ્યા.
- ચંદ્રિમા શાહા ઇન્ડિયન નેશનલ સાયન્સ એકેડમીના ઇતિહાસમાં પ્રથમ મહિલા અધ્યક્ષ નિમાયા છે.
- તેઓ ૧ જાન્યુઆરી ૨૦૨૦ થી તેમનો હોદ્દો સંભાળશે. તેઓ ૩૦ સભ્યોની ટીમનું નેતૃત્વ કરશે.
- તેઓ અજય સુદનું સ્થાન લેશે.
- અગાઉ તેઓ નેશનલ ઇન્સ્ટિટ્યુટ ઓફ ઇમ્યુનોલોજીના ડાયરેક્ટર રહી ચૂક્યા છે.
- તેઓ વર્ષ ૨૦૧૬ થી ૨૦૧૮ સુધી ઇન્ડિયન નેશનલ સાયન્સ એકેડમીના ઉપાધ્યક્ષ તરીકે રહ્યા હતા.
- હાલ તેઓ આઇઆઇટી ગાંધીનગરની ગવર્નિંગ કાઉન્સીલના સભ્ય છે.
  નામ નેશનલ ઇન્સ્ટિટ્યૂટ ઓફ સાયન્સ ઓફ ઇન્ડિયા રાખવામાં આવ્યું હતું.
- વર્ષ ૧૯૭૦ થી તેનું નામ ઇન્ડિયન નેશનલ સાયન્સ એકેડમી રાખવામાં આવ્યું છે.
- તેનું મુખ્યાલય નવી દિલ્લી ખાતે આવેલ છે.

**(૫) Lessons Life taught me Unknowingly – અનુપમ ખેર**
- તાજેતરમાં જાણીતા બૉલીવુડ અભિનેતા અનુપમ ખેરની આત્મકથા Lessons Life taught me Unknowingly નું ઋષી કપૂર દ્વારા વિમોચન કરવામાં આવ્યું.
- આ પુસ્તકને પેંગવિન રેંડમ હાઉસ દ્વારા પ્રકાશિત કરવામાં આવ્યું છે.
- અનુપમ ખેરનો જન્મ ૭ માર્ચ ૧૯૫૫ના રોજ હિમાચલ પ્રદેશના શિમલામાં થયો હતો.
- તેમને અભિનય ક્ષેત્રે યોગદાન બદલ ૨ રાષ્ટ્રીય પુરસ્કાર ૮ ફિલ્મફેર એવોર્ડ્સ વર્ષ ૨૦૦૪માં પદ્મશ્રી વર્ષ ૨૦૧૬માં પદ્મભૂષણ પુરસ્કારથી સન્માનીત કરવામાં આવ્યા છે.
- અનુપમ ખેરે અગાઉ 'The Best Thing about you is You! નામના પુસ્તકનું વિમોચન કર્યું હતું. આ પુસ્તક ૬ ભાષાઓમાં ઉપલબ્ધ છે.

પ્રશ્નો :

(૧) ગુજરાતી ભાષાના જાણીતા કવિ, લેખક અને વિવેચક વિનોદ જોશીનો જન્મ ક્યાં થયો હતો ?
- અમરેલી જિલ્લાના ભોરિંગડા ગામે

૨ મિશન લેધર કોના દ્વારા લોન્ચ કરવામાં આવ્યું ?
- ખાદી અને ગ્રામઉદ્યોગ આયોગ

૩ પ્રોજેક્ટ જળ ચક્ર નામની પહેલ કોના દ્વારા શરૂ કરવામાં આવી ?
- આઇઆઇટી મદ્રાસના સંશોધકો

૪ આઇઆઇટી મદ્રાસના સંશોધકો દ્વારા શરૂ કરાવમાં પ્રોજેક્ટ જળ ચક્ર નામની પહેલને તાજેતરમાં કયો એવોર્ડ એનાયત થયો ?
- ઇન્ડિયન ઇનોવેશન ગ્રોથ પ્રોગ્રામ ૨.૦ એવોર્ડ

૫ તાજેતરમાં ભારતીય સેના દ્વારા જમ્મુમાં કયું મિશન લોન્ચ કરવામાં આવ્યું ?
- મિશન રિચ આઉટ

૬ તાજેતરમાં કોનો ઇન્ડિયન નેશનલ સાયન્સ એકેડમીના અધ્યક્ષ નીમવામાં આવ્યા ?
- ચંદ્રિમા શાહા

૭ તાજેતરમાં જાણીતા બૉલીવુડ અભિનેતા અનુપમ ખેરની આત્મકથાનું વિમોચન કરવામાં આવ્યું તેનું નામ જણાવો ?
- Lessons Life taught me Unknowingly

## 14. August 2019

**(૧) રીલાયન્સ ગ્રૂપ દ્વારા વિવિધ ક્ષેત્રે અલગ અલગ કંપની સાથે કરાર :**
- તાજેતરમાં રીલાયન્સ ગ્રૂપ દ્વારા વિવિધ ક્ષેત્રે અલગ અલગ કંપની સાથે કરાર કરવામાં આવ્યા.

- જેમાં સાઉદી અરેબિયાની તેલ કંપની સાઉદી અરામ્કો, બ્રિટનની કંપની બ્રિટિશ પેટ્રોલિયમ અને માઇક્રોસોફ્ટ કોર્પોરેશનનો સમાવેશ થાય છે.
- આ માહિતી રીલાયન્સ ગ્રૂપની ૪૨મી વાર્ષિક સાધારણ સભામાં ચેરમેન મુકેશ અંબાણી દ્વારા કરવામાં આવી હતી.

**સાઉદી અરામ્કો :**

- સાઉદી અરબિયાની તેલ કંપની સાઉદી આરામ્કોએ રિલાયન્સ ઇન્ડસ્ટ્રીસના ઓઇલ અને કેમિકલ ક્ષેત્રના ધંધામાં ૨૦ ટકાનો હિસ્સો ખરીદ્યો.
- આ ડીલથી સાઉદી આરામ્કો કંપનીએ રિલાયન્સ ઇન્ડસ્ટ્રીસમાં આ અત્યાર સુધીનું સૌથી મોટું વિદેશી રકાણ છે. ભારતીય કંપનીમાં થયેલ સૌથી મોટા વિદેશી રોકાણ પૈકીનું આ રોકાણ એક છે.
- સાઉદી આરામ્કો વિશ્વની સૌથી મોટી ઓઇલ ઉત્પાદક કંપની છે. જે સાઉદી અરબિયાની સરકારી પેટ્રોલિયમ અને કુદરતી ગેસ કંપની છે.

**બ્રિટિશ પેટ્રોલિયમ**

- બ્રિટનની મલ્ટીનેશનલ ઓઇલ અને ગેસ કંપની બ્રિટિશ પેટ્રોલિયમ રીલાયન્સ જુથના પેટ્રોલિયમ રિટેઇલ બિઝનેસનો ૪૯% ખરીદશે.
- બ્રિટિશ પેટ્રોલિયમ સાથે મળી આગામી ૫ વર્ષમાં ૫૫૦૦ પેટ્રોલ પંપનું નિર્માણ કરશે.

**માઇક્રોસોફ્ટ કોર્પોરેશન**

- રિલાયન્સ જૂથની રિલાયન્સ જિયો અને માઇક્રોસોફ્ટ કોર્પોરેશન વચ્ચે ભારતમાં ડેટા સેન્ટરનું નિર્માણ કરવા માટે કરાર કરવામાં આવ્યા.
- રિલાયન્સ જિયો અને માઇક્રોસોફ્ટ સાથે મળી ક્લાઉડ બિઝનેસ માટે દેશના ગુજરાત અને મહારાષ્ટ્રમાં વર્ષ ૨૦૨૦ સુધીમાં ડેટા સેન્ટર શરૂ કરશે.

**(૨) MAN Vs. WILD પ્રધાનમંત્રીશ્રી નરેન્દ્ર મોદી :**

- તાજેતરમાં ભારતીય પ્રધાનમંત્રીશ્રી નરેન્દ્ર મોદીએ ડિસ્કવરી ચેનલ પર પ્રકાશિત થતા શો મેન વર્સિસ વાઇલ્ડમાં ભાગ લીધો હતો.
- મેન વર્સિસ વાઇલ્ડના હોસ્ટ બેઅર ગ્રીલ્સ સાથે પ્રધાનમંત્રી મોદીએ જિમ કોર્બેટ રાષ્ટ્રીય ઉદ્યાન ખાતે આ શોનું શૂટિંગ કર્યું હતું.
- આ ટીવી શો સાહસવૃત્તિ અને ઓછામાં ઓછી જીવન જરૂરી સાધન સામગ્રી સાથે જંગલોમાં ટકી રહેવાનું શીખવે છે.
- મેન વર્સિસ વાઇલ્ડ શો અગાઉ બ્રિટિશ ચેનલ-૪ પર પ્રકાશિત થતો હતો જે હવે ડિસ્કવરી ચેનલ પર થાય છે.
- હોસ્ટ બેઅર ગ્રીલ્સ બ્રિટિશ પર્વતારોહક છે જેઓ ૨૩ વર્ષની વયે એવરેસ્ટ સર કરનાર સૌથી નાની વયના બ્રિટિશ પર્વતારોહક છે.
- મેન વર્સિસ વાઇલ્ડ શોમાં વર્ષ ૨૦૧૫માં અમેરિકાના તત્કાલિન રાષ્ટ્રપ્રમુખ બરાક ઓબામાએ પણ ભાગ લીધો હતો.

(૩) જિમ કોર્બેટ રાષ્ટ્રીય ઉદ્યાન :

- જિમ કોર્બેટ રાષ્ટ્રીય ઉદ્યાન ભારતનો સૌથી જૂનો અને પ્રથમ રાષ્ટ્રીય ઉદ્યાન છે.
- જિમ કોર્બેટ રાષ્ટ્રીય ઉદ્યાન ઉત્તરાખંડના નૈનીતાલ અને પૌરી ગઢવાલ જિલ્લામાં આવેલ છે.
- આ પાર્કનું નામ બ્રિટનના પર્યાવરણ વિદ્ જિમ કોર્બેટના નામ પર રાખવામાં આવ્યું છે.
- બંગાળી વાઘના સંરક્ષણ માટે તેની સ્થાપના વર્ષ ૧૯૩૬માં Hailry park તરીકે કરવામાં આવી હતી .
- વર્ષ ૧૯૭૩માં ભારત સરકાર દ્વારા વાઘ સંરક્ષણ માટે શરૂ કરવામાં આવેલ પ્રોજેક્ટ ટાઇગરની શરૂઆત પણ આ પાર્કથી થઇ હતી.

**(૪) રાષ્ટ્રભક્તિ 'વતન'**

- તાજેતરમાં કેન્દ્રીય માહિતી અને પ્રસારણ મંત્રી પ્રકાશ જાવડેકર દ્વારા ૭૩માં સ્વતંત્રતા દિવસ નિમિત્તે એક રાષ્ટ્રભક્તિ ગીત 'વતન' રજૂ કર્યું.
- આ ગીત જાવેદ અલી દ્વારા ગાવામાં આવ્યું છે.
- વતન રાષ્ટ્રભક્તિ ગીતના રચિતા દુષ્યંત છે અને તેને કવિ આલોક શ્રીવાસ્તવ દ્વારા લખવામાં આવ્યું છે.
- તેનું દૂરદર્શને નિર્માણ કર્યું છે.
- આ ગીતમાં નવા ભારતની ઉપલબ્ધિ દર્શાવાઇ છે.

**(૫) મુખ્યમંત્રીનો રશિયા પ્રવાસ :**

- તાજેતરમાં ગુજરાત રાજ્યના મુખ્યમંત્રી શ્રી વિજયભાઇ રૂપાણી ત્રણ દિવસીય રશિયા યાત્રા પર ગયા હતા.
- પ્રવાસ દરમ્યાન તેમણે રશિયાના યુકુટિયા રિજીયનના ગવર્નર સાથે રફ ડાયમંડ ક્ષેત્રે સહયોગ વધારવા એમઓયુ કર્યા છે.
- આ કરાર અંતર્ગત હીરા માઇનીંગ, ગોલ્ડ માઇનીંગ, મેટલ સાયન્સ અને કુદરતી સંસાધનોના ઉપયોગ માટે રશિયાની ટેક્નૉલોજિનો લાભ ભારતીય કંપનીઓને મળશે.
- મુખ્યમંત્રી વિજયભાઇ રૂપાણી સાથે રશિયા પ્રવાસમાં કેન્દ્રીય રેલવે મંત્રી પિયુષ ગોયલ, ઉત્તર પ્રદેશના મુખ્યમંત્રી યોગી આદિત્યનાથ, મહારાષ્ટ્રના મુખ્યમંત્રી દેવેન્દ્ર ફડનવીસ ગોવાના મુખ્યમંત્રી પ્રમોદ સાવંત અને હરિયાણાના મુખ્યમંત્રી મનોહરલાલ ખટ્ટર જોડાયા હતા.

MOU-MEMORANDUM OF UNDERSTANDING

**(૬) મોન્સુન ફેસ્ટિવલ- સાપુતારા**

- તાજેતરમાં ગુજરાતના સાપુતારા ખાતે મોન્સુન ફેસ્ટિવલનો પ્રારંભ કરવામાં આવ્યો.
- આ ફેસ્ટિવલનું આયોજન ૯ સપ્ટેમ્બર ૨૦૧૯ સુધી થવાનું છે.
- રાજ્યના પ્રવાસન અને મત્સ્ય ઉદ્યોગ મંત્રી જવાહરભાઇ ચાવડા અને ફિલ્મ અભિનેત્રી ભાગ્યશ્રી દ્વારા ખુલ્લો મૂકવામાં આવ્યો છે.
- સાપુતારા ગુજરાત રાજ્યનું એકમાત્ર ગિરિમથક છે જે સહ્યાદ્રિ પર્વતમાળાનો એક ભાગ છે.

પ્રશ્નો :

(૧) તાજેતરમાં સાઉદી અરેબિયાની કઇ કંપની દ્વારા રિલાયન્સ ઇન્ડસ્ટ્રીસના ઓઇલ અને કેમિકલ ક્ષેત્રમાં ૨૦% નો હીસ્સો ખરીદ્યો ?

- સાઉદી આરામ્કોએ

(૨) બ્રિટનની મલ્ટીનેશનલ ઓઇલ અને ગેસ કંપની બ્રિટિશ પેટ્રોલિયમ કઇ ભારતીય કંપનીના પેટ્રોલિયમ રિટેઇલ બિઝનેસનો ૪૯% હિસ્સો ખરીદશે ?

- રીલાયન્સ

(૩) રિલાયન્સ જિયો કઇ કંપની સાથે મળી ક્લાઉડ બિઝનેસ માટે દેશના ગુજરાત અને મહારાષ્ટ્રમાં વર્ષ ૨૦૨૦ સુધીમાં ડેટા સેન્ટર શરૂ કરશે.

- માઇક્રોસોફ્ટ કોર્પોરેશન

Vivekanand Academy Gandhinagar

(૪) તાજેતરમાં ભારતીય પ્રધાનમંત્રીશ્રી નરેન્દ્ર મોદીએ કઈ ચેનલ પર પ્રકાશિત થતા શો મેન સર્વિસ વાઇલ્ડમાં ભાગ લીધો હતો ?
- ડિસ્કવરી
(૫) ૨૩ વર્ષની વયે એવરેસ્ટ સર કરનાર સૌથી નાની વયના બ્રિટિશ પર્વતારોહક કોણ છે ?
- બેઅર ગ્રીલ્સ
(૬) ભારતનું સૌથી જૂનું અને પ્રથમ રાષ્ટ્રીય ઉદ્યાન કયું છે ?
- જિમ કોર્બેટ રાષ્ટ્રીય ઉદ્યાન
(૭) કેન્દ્રીય માહિતી અને પ્રસારણ મંત્રીનું નામ જણાવો ?
- પ્રકાશ જાવડેકર
(૮) તાજેતરમાં ગુજરાત રાજયના મુખ્યમંત્રી શ્રી વિજયભાઇ રૂપાણીએ રફ ડાયમંડ ક્ષેત્રે સહયોગ વધારવા રશિયાના કયા રિજીયનના ગર્વનર સાથે એમઓયુ કર્યા છે ?
- યુકુટિયા
(૯) તાજેતરમાં કયાં મોન્સુન ફેસ્ટિવલનો પ્રારંભ કરવામાં આવ્યો ?
- સાપુતારા ખાતે

## 15. August 2019

**(૧) મહાદેવભાઇ દેસાઇ – નિર્વાણ દિન**
- ગાંધીજીના હનુમાન અને ગણેશ ગણાતા મહાદેવભાઈ દેસાઇનો નિર્વાણ દિન
- સુરત જિલ્લાના સરસ ખાતે તેમનો જન્મ ૧ જાન્યુઆરી ૧૮૯૨ના રોજ થયો હતો.
- પૂના ખાતે આવેલ આગાખાન મહેલમાં ૧૫ ઓગસ્ટ ૧૯૪૨ના રોજ ‘મોતને ભેટ્યા હતા.
- મહાદેવભાઇને ઝવેરચંદ મેઘાણીએ અગ્નિકુંડમાં ઊગેલું ગુલાબ તરીકે ઓળખાવ્યાં હતા.
- ૧૯૧૭માં તેમણે ડાયરી લખવાની શરૂઆત કરી હતી જે ૨૩ ભાગમાં ઉપલબ્ધ છે.
- તેમની સમાધિ આગાખાન મહેલ, પૂણેમાં આવેલ છે જે કસ્તૂરબાની સમાધિની બાજુમાં છે.

**(૨) ભારતના પ્રથમ સ્પેસ પાર્કના નિર્માણ માટે MOU**
- તાજેતરમાં કેરલ સરકાર દ્વારા ભારતના પ્રથમ સ્પેસ પાર્કનું નિર્માણ માટે વિક્રમ સારાભાઇ સ્પેસ સેન્ટર સાથે MOU કરવામાં આવ્યા.
- કેરલના તિરૂવનંતપુરમ ખાતે ભારતના પ્રથમ સ્પેસ પાર્કનું નિર્માણ કરવામાં આવશે.
- અંતરિક્ષ ક્ષેત્રમાં કાર્ય કરતા વૈશ્વિક સ્ટાર્ટઅપને આકર્ષિત કરવાના ઉદ્દેશ્યથી કેરલ સરકાર દ્વારા સ્પેસ પાર્કનું નિર્માણ કરવામાં આવશે.
- આ પાર્કને અંતરિક્ષ ટેકનૉલોજિના વિકાસ માટે એક હબ તરીકે વિકસિત કરવામાં આવશે.

**(૩) શોધ (SHODH) યોજના – ગુજરાત સરકાર**
- તાજેતરમાં ગુજરાત રાજ્ય સરકાર દ્વારા શોધ (SHODH) યોજનાની જાહેરાત કરવામાં આવી.
- આ યોજનાનો મુખ્ય ઉદ્દેશ ગુજરાતનાં વિદ્યાર્થીઓને ગુણવત્તાયુક્ત સશોધન માટે પ્રોત્સાહન આપવાનો છે.
- આ યોજના ગુજરાતની માન્ય યુનિવર્સિટીમાં ગુણવત્તાયુક્ત સંશોધન કરતાં વિદ્યાર્થીઓને બે વર્ષ સુધી દર મહિને ૧૫૦૦૦ રૂપિયા સ્ટાઇપેન્ડ આપવામાં આવશે.
- આ યોજનાનો લાભ ગુજરાત સરકાર માન્ય યુનિવર્સિટીના વિદ્યાર્થીઓને મળશે.
- SHODH- SCEME OF DEVELOPING HIGH QUALITY RESEARCH

**(૪) હારમની ઓએસ – હુવેઇ :**
- તાજેતરમાં ચાઇનાની ટેલિકોમ કંપની હુવેઇ દ્વારા પોતાની નવી ઓપરેટિંગ સિસ્ટમ હારમની ઓએસ લોન્ચ કરવામાં આવી.
- આ ઓપરેટિંગ સિસ્ટમ ઘણી સુરક્ષિત માનવામાં આવે છે. તે એન્ડ્રોઇડ અને ios થી ઘણી અલગ છે.
- હુવેઇ વિશ્વની અગ્રણી 5G ઉપકરણ નિર્માતા કંપની છે.
- તે વિશ્વની બીજા ક્રમની સૌથી મોટી સ્માર્ટફોન નિર્માતા કંપની છે.

**(૫) પલાની પંચતીર્થમ પ્રસાદમ – GI ટેગ**
- તાજેતરમાં તામિલનાડુના પલાની પંચતીર્થમ પ્રસાદમને GI ટેગ પ્રદાન કરવામાં આવ્યો.
- આ પ્રસાદ પલાનીમાં દંડ્યુંથાપાની સ્વામી મંદિર ખાતે આપવામાં આવે છે.
- પલાની પંચતીર્થમ પ્રસાદમનું નિર્માણ કેળાં, ઘી, એલચી, ગોળ, મધ વગેરેથી કરવામાં આવે છે.

**GI ટેગ**
- GI ટેગ તે વસ્તુ અથવા ઉત્પાદનને આપવામાં આવે છે. જે વિશિષ્ટ ક્ષેત્રે પ્રતિનિધિત્વ કરતી હોય અથવા વિશિષ્ટ સ્થાન પર જ મળતી હોય.
- GI ટેગ કૃષિ ઉત્પાદનો, પ્રાકૃતિક વસ્તુઓ તથા નિર્મિત વસ્તુઓ તેમની વિશિષ્ટ ગુણવત્તા માટે આપવામાં આવે છે.
- આ ટેગ ૧૦ વર્ષ માટે આપવામાં આવે છે, જે બાદમાં રિન્યૂ કરી શકાય છે.
- થોડા સમય અગાઉ કેન્દ્રીય નાગરિક વિમાન મંત્રાલય દ્વારા ગોવાના ડાબોલીમ આંતરરાષ્ટ્રીય એરપોર્ટ ખાતે દેશનો પ્રથમ GI ટેગ સ્ટોર શરૂ કરવામાં આવ્યો હતો.
- ભારતમાં સૌપ્રથમ GI ટેગ પશ્ચિમ બંગાળની દાર્જિલિંગ ચા ને મળ્યો હતો.
- GI ટેગ પ્રાપ્ત ઉત્પાદન – દાર્જિલિંગ ચા, તિરૂપતિ લાડુ, કાંગડા, પેંટિંગ, નાગપુર, સંતરા, કશ્મીર પશ્ચિમના, ઓડિશાની કંધામલ હળદર, કેરલના ઇડુક્કી જિલ્લાના મરયુર ગોળ, તમિલનાડુના ઇરોડની હળદર, કર્ણાટકના ઉત્તર કન્નડ જિલ્લાની સિરસી સોપારી વગેરે..

પ્રશ્નો :
(૧) મહાદેવભાઇ દેસાઇનો જન્મ કયાં થયો હતો ?
- સુરત જિલ્લાના સરસ ખાતે
(૨) મહાદેવભાઇ દેસાઇને ઝવેરચંદ મેઘાણીએ શું કહી ઓળખાવ્યાં હતા ?
- અગ્નિકુંડમાં ઊગેલું ગુલાબ
(૩) ભારતના પ્રથમ સ્પેસ પાર્કનું નિર્માણ કયાં કરવામાં આવશે ?
- કેરલના તિરૂવનંતપુરમ ખાતે
(૪) તાજેતરમાં ગુજરાત રાજ્ય સરકાર દ્વારા જાહેર કરવામાં આવેલ શોધ (SHODH) યોજનાનું પુરૂનામ જણાવો ?
- SCEME OF DEVELOPING HIGH QUALITY RESEARCH
(૫) તાજેતરમાં ચાઇનાની ટેલિકોમ કંપની હુવાવે દ્વારા કઇ નવી ઓપરેટિંગ સિસ્ટમ લોન્ચ કરવામાં આવી ?

– હારમની ઓએસ
(૬) તાજેતરમાં તામિલનાડુના પલાની પંચતીર્થમ પ્રસાદમને GI ટેગ કોને મળ્યો હતો ?
– પશ્ચિમ બંગાળની દાર્જિલિંગ ચા

## 16. August 2019

**(૧) ૭૩ મો સ્વાતંત્ર્ય દિન :**
– ૧૫ ઓગસ્ટ ૨૦૧૯ના રોજ દેશભરમાં ૭૩માં સ્વાતંત્ર્ય પર્વની ઉજવણી કરવામાં આવી હતી.
– દેશના ૭૩માં સ્વાતંત્ર્ય પર્વની રાષ્ટ્રકક્ષાની ઉજવણી પ્રધાનમંત્રીશ્રી નરેન્દ્ર મોદી દ્વારા નવી દિલ્લી ખાતેના લાલ કિલ્લા પરથી કરવામાં આવી હતી.
– સ્વાતંત્ર્ય પર્વ નિમિત્તે પ્રધાનમંત્રીશ્રી દ્વારા લાલ કિલ્લા પરથી છઠ્ઠી વખત ત્રિરંગો ફરકાવવામાં આવ્યો હતો.
– રાજ્યકક્ષાના સ્વાતંત્ર્ય પર્વની ઉજવણી મુખ્યમંત્રીશ્રી વિજયભાઇ રૂપાણી દ્વારા છોટા ઉદેપુર ખાતેથી કરવામાં આવી હતી.
– ગુજરાતના નાયબ મુખ્યમંત્રીશ્રી નીતિનભાઇ પટેલ દ્વારા જુનાગઢ જિલ્લાના વિસાવદર ખાતેથી ધ્વજવંદન કર્યું હતું.
– વિધાનસભાના અધ્યક્ષ રાજેન્દ્ર ત્રિવેદીએ ભરૂચ જિલ્લાના ઝઘડીયા ખાતેથી ધ્વજવંદન કર્યું હતું.
– વર્ષ ૨૦૧૮ના રાજ્યકક્ષાના સ્વાતંત્ર્ય પર્વની ઉજવણી સુરેન્દ્રનગર ખાતે થઇ હતી.

**૭૩માં સ્વાતંત્ર્ય પર્વની ઉજવણી પ્રસંગે પ્રધાનમંત્રીશ્રીએ કરેલ મહત્વની જાહેરાત :**
– પ્રધાનમંત્રીશ્રીએ સ્વાતંત્ર્ય પર્વની ઉજવણી પ્રસંગે દેશના પ્રથમ વખત સૈન્યની ત્રણેય પાંખોનું સંકલન જળવાય રહે તે માટે ચીફ ઓફ ડિફેન્સ સ્ટાફની નિમણૂક અંગે જાહેરાત કરી હતી.

**ચીફ ઓફ ડિફેન્સ સ્ટાફ**
– ચીફ ઓફ ડિફેન્સ સ્ટાફ દેશના સર્વોચ્ચ સેનાપતિ હશે.
– દેશમાં ચીફ ઓફ ડિફેન્સ સ્ટાફ નામનું એક નવું પદ અસ્તિત્વમાં આવશે.
– જે દેશની ત્રણેય સેના આર્મી નેવી અને એરફોર્સ વચ્ચે સંકલન સાધવાનું કાર્ય કરશે.
– હાલ અમેરિકા, યુનાઇટેડ કિંગડમ, ફ્રાંસ, ચીન જેવા દેશોમાં ચીફ ઓફ ડિફેન્સ સ્ટાફ પદ છે.
– પ્રધાનમંત્રીશ્રીએ સ્વાતંત્ર્ય પર્વની ઉજવણી પ્રસંગે જળ જીવન મિશનની જાહેરાત કરવામાં આવી છે.

**જળ જીવન મિશન :**
– હર ઘલ જલના લક્ષ્યને પૂર્ણ કરવાના ઉદ્દેશ્યથી જળ જીવન મિશન લોન્ચ કરવામાં આવ્યું છે.
– આ મિશન અંતર્ગત ૨૦૨૪ સુધીમાં દેશના ગ્રામીણ ઘરોને પાઇપલાઇનના માધ્યમથી પાણીની વ્યવસ્થા કરવામાં આવશે.

**(૨) અટલ બિહારી વાજપાયીની પ્રથમ પૂણ્યતિથિ**
– ભારતના પૂર્વ વડાપ્રધાન ભારતરત્નશ્રી અટલ બિહારી વાજપાયીની પ્રથમ પૂણ્યતિથી
– તેમનું નવી દિલ્હી સ્થિત એઇમ્સ હોસ્પિટલમાં ૧૬ ઓગસ્ટ ૨૦૧૮ના રોજ તેમનું નિધન થયું હતું.
– તેમનો જન્મ મધ્યપ્રદેશના ગ્વાલિયરમાં ૨૫ ડિસેમ્બર ૧૯૨૪ના રોજ થયો હતો.
– તેમનો જન્મદિવસ ભારતભરમાં રાષ્ટ્રીય સુશાસન દિવસ મનાવવામાં આવે છે.
– આ દિવસની પ્રથમ ઉજવણી વર્ષ ૨૦૧૪માં કરવામાં આવી હતી.
– તેઓ પ્રજાસત્તાક ભારતના ૧૦માં વડાપ્રધાન તરીકે અલગ અલગ ત્રણ વખત સેવા આપી.
– ભારત સરકારે તેમની ૧૦૦મી જન્મની વર્ષગાંઠ નિમિત્તે ૧૦૦ રૂપિયાનો સ્મારક સિક્કો જાહેર કર્યો હતો.

ઠન ગઈ ! મોત સે ઠન ગઇ ! મૌત કી ઉમર ક્યા હૈ ? દો પલ ભી નહીં
જિંદગી સિલસિલા આજકાલ કી નહીં મે જી ભર જીયા મૈં મન સે મરુ
લૌટકર આઉંગા કૂચ સે ક્યોં ડરૂં
– અટલ બિહાર વાજપેયી

**(૩) હર્ષદ પાંડુરંગ ઠાકુર – રાષ્ટ્રીય સ્વાસ્થ્ય અને પરિવાર કલ્યાણ સંસ્થા :**
– તાજેતરમાં હર્ષદ પાંડુરંગ ઠાકુરને રાષ્ટ્રીય સ્વાસ્થ્ય અને પરિવાર કલ્યાણ સંસ્થાના નિર્દેશક નિયુક્ત કરવામાં આવ્યા.
– તેમની નિયુક્તિ પ્રધાનમંત્રીશ્રી નરેન્દ્ર મોદીની અધ્યક્ષતામાં કેબિનેટ નિયુક્તિ સમિતિ દ્વારા કરવામાં આવી.
– તેમની નિમણૂંક પાંચ વર્ષ માટે કરવામાં આવી છે.
– આ અગાઉ તેઓ ટાટા ઇન્સ્ટિટ્યૂટ ઓફ સોશિયલ સાઇન્સ મુંબઇ ખાતે પ્રોફેસર તરીકે સેવા આપતા હતા.
– રાષ્ટ્રીય સ્વાસ્થ્ય અને પરિવાર કલ્યાણ સંસ્થા કેન્દ્રીય આરોગ્ય અને પરિવાર મંત્રાલયને હેઠળ કાર્ય કરે છે.
– તેની સ્થાપના વર્ષ ૧૯૭૭માં રાષ્ટ્રીય પરિવાર નિયોજન સંસ્થા અને રાષ્ટ્રીય સ્વાસ્થ્ય પ્રશાસન અને શિક્ષા સંસ્થાના મર્જર બાદ કરવામાં આવી હતી.
– તેનં મુખ્યમથક નવી દિલ્લી ખાતે આવેલ છે.

**(૩) સમર્થ યોજના :**
– તાજેતરમાં દેશના ૧૬ રાજ્યોએ કેન્દ્રીય કાપડ મંત્રાલય સાથે સમર્થ (SAMARTH) યોજના માટે કર્યા.
– આ યોજના અંતર્ગત ૪ લાખ લોકોને કુશળતા પૂરી પાડવામાં આવશે.
– સમર્થ યોજના કેન્દ્રીય કાપડ મંત્રાલય દ્વારા શરૂ કરવાં આવેલ કૌશલ્ય વિકાસ યોજના છે. જેને કેન્દ્રીય કેબિનેટ દ્વારા ડિસેમ્બર ૨૦૧૭માં મંજૂરી આપવામાં આવી હતી.
– આ યોજના હસ્તશિલ્પ, રેશમ ઉધોગ, વણાટ જેવા પરંપરાગત ક્ષેત્રોમાં કૌશલ્ય વિકાસ અને કૌશલ્ય અપગ્રેડીએશનને પ્રોત્સાહન આપવાના હેતુથી શરૂ કરવામાં આવી છે.
– SAMARTH-Scheme for Capacity Building in taxtile Sector

**(૪) અભિનંદન વર્ધમાન – વીરતા પુરસ્કાર :**
– તાજેતરમાં રાષ્ટ્રપતિશ્રી રામનાથ કોવિંદ દ્વારા મિલિટરી અને પેરા મિલિટરી માટે ૧૩૨ વીરતા પુરસ્કારની જાહેરાત કરવામાં આવી.
– વીર કમાન્ડર અભિનંદન વર્ધમાનને વીરચક્ર એનાયત કરાશે. વિંગ કમાન્ડર અભિનંદન વર્ધમાન તામિલનાડુના વતની છે.
– અભિનંદનને ચાલુ વર્ષે ફેબ્રુઆરી મહિનામાં પાકિસ્તાનના હુમલાખોર વિમાન એફ– ૧૬ ને તોડી પાડ્યું હતું.
– વીર ચક્ર યુદ્ધ સમયનું ત્રીજું સૌથી મોટું વીરતા પદક છે. પરમ વીરચક્ર અને મહાવીર ચક્ર પછી વીરચક્રનું સ્થાન છે.
– સ્ક્વોડ્રન લીડર મિન્ટી અગ્રવાલને યુદ્ધ સેવા મેડલ અપાશે.

– મિન્ટીએ પણ પાકિસ્તાન સામેની એર સ્ટ્રાઇક દરમિયાન ફ્લાઇટ કન્ટ્રોલર તરીકે મહત્વની ભૂમિકા નિભાવી હતી.
– આર્મીના શહીદ પ્રકાશ જાધવને કીર્તિ ચક્ર અપાશે. જાધવ ગયા વર્ષે નવેમ્બર મહિનામાં આતંકીઓ સામેના જંગમાં શહીદ થયા હતા.
– સીઆરપીએફના ડેપ્યુટી કમાન્ડન્ટ હર્ષપાલસિંહને પણ કીર્તિચક્ર એનાયત થશે.
– તેમણે જમ્મુ – કાશ્મીરમાં એક અથડામણ દરમિયાન જૈશ–એ – મોહમ્મદના ત્રણ આતંકીને ઠાર મારવામાં મહત્વની ભૂમિકા ભજવી હતી.
– કીર્તિ ચક્ર શાંતિ સમયનું બીજું સૌથી મોટું વીરતા પદક છે. નૌકાદળના કમાન્ડો અમિતસિંહ રાણાને શૌર્યચક્ર એનાયત કરાશે.

પ્રશ્નો :

(૧) તાજેતરમાં દેશના કેટલામાં સ્વાતંત્ર્ય પર્વની ઉજવણી કરવામાં આવી ?
– ૭૩
(૨) ૭૩માં સ્વાતંત્ર્ય પર્વ નિમિત્તે મુખ્યમંત્રીશ્રી વિજયભાઇ રૂપાણી દ્વારા રાજ્યકક્ષાની ઉજવણી ક્યાં કરવામાં આવી હતી ?
– છોટા ઉદેપુર ખાતેથી
(૩) દેશમાં ત્રણેય સૈન્ય પાંખોનું સંકલન જળવાય રહે તે માટે કયાં પદની જાહેરાત કરવામાં આવી ?
– ચીફ ઓફ ડિફેન્સ સ્ટાફ
(૪) ભારતના પૂર્વ વડાપ્રધાન ભારતરત્નશ્રી અટલ બિહારી વાજપાયીનો જન્મ દિવસ ભારતભરમાં કયાં દિવસ તરીકે મનાવવામાં આવે છે ?
– રાષ્ટ્રીય સુશાસન દિવસ
(૫) તાજેતરમાં કોને રાષ્ટ્રીય સ્વાસ્થ્ય અને પરિવાર કલ્યાણ સંસ્થાના નિર્દેશક તરીકે નિયુક્ત કરવામાં આવ્યા ?
– હર્ષદ પાંડુરંગ ઠાકુરને
(૬) રાષ્ટ્રીય સ્વાસ્થ્ય અને પરિવાર કલ્યાણ સંસ્થાની સ્થાપના કઇ બે સંસ્થાના મર્જર બાદથી કરવામાં આવી ?
– રાષ્ટ્રીય પરિવાર નિયોજન સંસ્થા અને રાષ્ટ્રીય સ્વાસ્થ્ય પ્રશાસન અને શિક્ષા સંસ્થાના
– સમર્થ યોજના કયાં મંત્રાલય દ્વારા શરૂ કરવાં આવેલ કૌશલ્ય વિકાસ યોજના છે ?
– કેન્દ્રીય કાપડ મંત્રાલય

## 17. August 2019

**(૧) CORAS ભારતીય રેલવે**

– તાજેતરમાં કેન્દ્રીય રેલવે મંત્રાલય દ્વારા ભારતીય રેલવેની સુરક્ષામાં વધારો કરવામાં ઉદ્દેશ્યથી CORAS ની શરૂઆત કરવામાં આવી.
– CORAS નું પુરૂનામ Commando for Railway Security છે.
– CORAS રેલવે સુરક્ષાનું કમાન્ડો યુનિટ છે. આ કમાન્ડો યુનિટનું નિર્માણ રેલવે સુરક્ષા દળ અને રેલવે સુરક્ષા વિશેષ દળમાંથી કરવામાં આવ્યું છે.
– આ દળનું ગઠન રેલવે ક્ષેત્રમાં અપ્રિય ઘટના અને રેલવે સંપતિના રક્ષણ માટે કરવામાં આવ્યું છે.
– આ કમાન્ડો યુનિટને લેફ્ટ વિંગ ઉગ્રવાદ અને આતંકવાદથી પ્રભાવિત રેલવે ક્ષેત્રમાં તૈનાત કરવામાં આવશે.
– કેન્દ્રીય રેલવે મંત્રી – પિયુષ ગોયલ

**(૨) ઝુંપડપટ્ટી પુનર્વસન નીતિ – ૨૦૧૯ :**

– તાજેતરમાં ગુજરાત રાજ્યસરકાર દ્વારા ઝુંપડપટ્ટી માટે પુનર્વસન નીતિ ૨૦૧૯ની જાહેરાત કરવામાં આવી.
– રાજ્યની મહાનગરપાલિકાના વિસ્તારમાં આવતી ખાનગી માલિકીની ઝુંપડપટ્ટીમાં રહેતા લોકોને પ્રધાનમંત્રી આવાસ યોજના અંતર્ગત વર્ષ ૨૦૨૨ સુધીમાં પાકું ઘર મળી રહે તે હેતુથી આ નીતિની જાહેરાત કરવામાં આવી છે.
– આ નીતિ અંતર્ગત ઝુંપડપટ્ટીના સ્થાને લોકોને પુનર્વસન માટે પાકું મકાન આપવામાં આવશે.
– આ નીતિનો લાભ રાજ્યની મહાનગરપાલિકાઓના વિસ્તારમાં ડિસેમ્બર ૨૦૧૦ની સ્થિતિએ હયાત હોય તેવી ઝુંપડપટ્ટીમાં રહેતા પરિવારને મળશે.

**(૩) કૃષિ યાંત્રીકરણ યોજના :**

– તાજેતરમાં ગુજરાત રાજ્ય સરકાર દ્વારા 'કૃષિ યાંત્રીકરણ યોજના' ની જાહેરાત કરવામાં આવી.
– રાજ્યના ખેડૂતોને ખેતી માટે ટ્રેક્ટર અને આધુનિક ખેત ઓજારોની ખરીદી માટે સરકાર તરફથી સહાય મળી રહે તે હેતુથી આ યોજના શરૂ કરવામાં આવી છે.
– આ યોજના લાગુ કરનાર ગુજરાત દેશનું પ્રથમ રાજ્ય છે.
– રાજ્ય સરકાર દ્વારા 'કૃષિ યાંત્રીકરણ યોજના' અંતર્ગત ચાલુ વર્ષે બજેટમાં રૂ૫૩. ૮૮ કરોડની જોગવાઇ કરી છે.

**(૪) રવિ શાસ્રી – ભારતીય ક્રિકેટ ટીમના કોચ :**

– તાજેતરમાં બીસીસીઆઇની ક્રિકેટ એડવાઇઝરી કમિટી દ્વારા ટીમ ઇન્ડિયાના કોચ તરીકે રવિ શાસ્રીની નિમણૂક કરવામાં આવી.
– બીસીસીઆઇની ક્રિકેટ એડવાઇઝરી કમિટીના અધ્યક્ષ તરીકે કપિલ દેવ હતા. કમિટીમાં અંશુમાન ગાયકવાડ અને શાન્તા રંગા સ્વામી પણ સામેલ હતા.
– રવિ શાસ્રી ૨૦૨૧ના ટી–૨૦ વર્લ્ડકપ સુધી કોચ પદ જાળવી રાખશે.
– રવિ શાસ્રી પૂર્વ ભારતીય ક્રિકેટર છે તેમનો જન્મ મહારાષ્ટ્રના મુંબઇ ખાતે થયો હતો.
– તેમણે ભારત તરફથી પોતાના ટેસ્ટ કેરિયરની શરૂઆત વર્ષ ૧૯૮૧માં કરી હતી.

પ્રશ્નો :

(૧) તાજેતરમાં કેન્દ્રીય રેલવે મંત્રાલય દ્વારા ભારતીય રેલવેની સુરક્ષામાં વધારો કરવામાં ઉદ્દેશ્યથી શરૂ કરવામાં આવેલ CORAS નું પુરૂનામ જણાવો ?
– Commando for Railway Security
(૨) રાજ્યની મહાનગરપાલિકાના વિસ્તારમાં આવતી ખાનગી માલીકી ઝુંપડપટ્ટીમાં રહેતા લોકોને પાકું ઘર મળી રહે તે હેતુથી કઇ નીતિની જાહેરાત કરવામાં આવી છે ?
– ઝૂંપડપટ્ટી પુનર્વસન નીતિ ૨૦૧૯
(૩) રાજ્યના ખેડૂતોને ખેતી માટે ટ્રેક્ટર અને આધુનિક ખેત ઓજારોની ખરીદી માટે સરકાર તરફથી સહાય મળી રહે તે હેતુથી કઈ યોજના શરૂ કરવામાં આવી છે ?
– કૃષિ યાંત્રીકરણ યોજના
(૪) તાજેતરમાં બીસીસીઆઇની ક્રિકેટ એડવાઇઝરી કમિટી દ્વારા ટીમ ઇન્ડિયાના કોચ તરીકે કોની નિમણૂક કરવામાં આવી ?
– રવિ શાસ્રી

## 18. August 2019

**(૧) રિવર રાફ્ટિંગ – ખલવાણી ગુજરાત :**

Vivekanand Academy Gandhinagar

- તાજેતરમાં ગુજરાત રાજ્યના મુખ્યમંત્રીશ્રી વિજયભાઇ રૂપાણી દ્વારા નર્મદા નદીમાં સ્ટેચ્યુ ઓફ યુનિટી કેવડીયા નજીક આવેલ ખલવાણી ખાતે રિવર રાફ્ટિંગ સુવિધાનો પ્રારંભ કરવામાં આવ્યો.
- આ રિવર રાફ્ટિંગ સુવિધા પશ્ચિમ ભારતની પ્રથમ રિવર રાફ્ટિંગ સુવિધા છે જેનો લાભ પ્રવાસીઓ પહેલી સપ્ટેમ્બરથી લઇ શકશે.
- નર્મદા નદીના કાંઠાના ખલવાણી ગામેથી ગોળબોલે ગેટ સુધીઆ સુવિધા પાંચ કિલોમીટરના વિસ્તારમાં શરૂ થશે.
- રિવર રાફ્ટિંગ સુવિધા માટે ઉત્તરાખંડના નિષ્ણાંતોની મદદ લેવાઇ છે.

**(૨) વિલેજ વોલન્ટિયર સિસ્ટમ યોજના – આંધ્રપ્રદેશ :**

- તાજેતરમા આંધ્રપ્રદેશના મુખ્યમંત્રી વાય. એસ. જગન મોહન રેડ્ડી દ્વારા વિલેજ વોલન્ટિયર સિસ્ટમ યોજનાની શરૂઆત કરવામાં આવી.
- રાજ્યના નાગરિકોના ઘર સુધી સરકારી સેવાઓ અને સુવિધાઓ ઉપલબ્ધ કરવાના હેતુથી આ યોજના શરૂ કરવામાં આવશે.
- યોજનાના માટે રાજ્ય સરકાર પ્રત્યેક ગામના ૫૦ પરિવાર માટે એક સ્વયંસેવકની નિમણૂક કરશે.
- વિલેજ વોલન્ટિયર સિસ્ટમ યોજના અંગે લોકોની ફરિયાદ માટે મુખ્યમંત્રી કાર્યાલય ખાતે એક કોલસેંટર શરૂ કરવામાં આવશે જે માટે હેલ્પલાઇન નંબર ૧૯૦૨ રહેશે.

**આંધ્રપ્રદેશ :**

- રાજધાની : હૈદરાબાદ (અમરાવતી)
- રાજ્યપાલ : વિશ્વભૂષણ હરિચંદ્ર
- મુખ્યમંત્રી : વાય. એસ. જગન મોહન રેડ્ડી
- વસ્તીની દ્રષ્ટિએ ક્રમ : ૧૦
- વિસ્તારની દ્રષ્ટિએ ક્રમ : ૭

**(૨) કે.સીવાન ડૉ. એ.પી.જે અબ્દુલ કલામ એવોર્ડ:**

- તાજેતરમાં ઇસરોનાં ચેરમેન શ્રી કે. સીવાનને તામિલનાડુ સરકાર દ્વારા ડૉ. એપીજે અબ્દુલ કલામ એવોર્ડથી સન્માનિત કરવામાં આવ્યાં.
- વિજ્ઞાન અને ટેકનોલોજી ક્ષેત્રે તેમનાં યોગદાન બદલ તેમને આ સન્માન આપવામાં આવ્યું.
- તામિલનાડુ સરકાર દ્વારા ડૉ. એપીજે અબ્દુલ કલામ એવોર્ડની શરૂઆત વર્ષ ૨૦૧૫માં તામિલનાડુનાં તત્કાલીન મુખ્યમંત્રી જે. જયલલિતા દ્વારાડૉ. એપીજે અબ્દુલ કલામની યાદમાં કરવામાં આવી હતી.
- આ પુરસ્કાર વિજ્ઞાન માનવતા અને વિદ્યાર્થી કલ્યાણ ક્ષેત્રે આપવામાં આવે છે. આ એવોર્ડ તમિલનાડુના રહેવાસીઓને આપવામાં આવે છે.
- આ એવોર્ડ વિજેતાને ૮ ગ્રામનો ગોલ્ડ મેડલ, પાંચ લાખ રૂપિયા અને પ્રમાણપત્ર આપવામાં આવે છે.
- પ્રથમ ડૉ. એપીજે અબ્દુલ કલામ એવોર્ડ ઇસરોના વૈજ્ઞાનિક એન.કે. વલારામતીને ૨૦૧૫માં એનાયત કરાયો હતો.
- કે. શિવાન તમિલનાડુના કન્યાકુમારી જિલ્લાનાં વતની છે. તેમણે મદ્રાસ ઇન્સ્ટિટ્યૂટ ઓફ ટેકનોલોજીમાંથી સ્નાતક થયા છે.
- તેમને વર્ષ ૧૯૯૯માં ડૉ. વિક્રમ સારાભાઇ રિસર્ચ એવોર્ડથી નવાજવામાં આવ્યા હતા.
- તેઓ વર્ષ ૨૦૧૮થી ઇસરોના ચેરમેન છે.

**(૩) ૧૦ વર્ષની કારકિર્દીમાં ૨૦ હજાર રન – વિરાટ કોહલી :**

- ભારતીય ક્રિકેટ ટીમના કેપ્ટન વિરાટ કોહલીએ આંતરરાષ્ટ્રીય ક્રિકેટમાં પોતાની ૧૦ વર્ષની કારકિર્દીમાં ૨૦ હજાર રન પૂર્ણ કર્યા.
- આ સાથે જ તેઓ ૧૦ વર્ષમાં ૨૦ હજાર રન કરનાર વિશ્વના પ્રથમ ક્રિકેટર બની ગયા છે.
- કોહલીએ પોતાની કારકિર્દી દરમ્યાન ૪૧૩ મેચોમાં ૨૦૦૧૮ રન ફટકાર્યા છે.
- અગાઉ આ રેકોર્ડ ઓસ્ટ્રેલીયાના ખેલાડી રિકી પોન્ટિંગના નામે હતો તેમણે ૧૦ વર્ષ દરમ્યાન ૪૩૦ મેચોમાં ૧૯૯૬૨ રન ફટકાર્યા હતા.
- કોહલીએ ટેસ્ટ અને ટી–૨૦માં વર્ષ ૨૦૧૦માં ડેબ્યુ કર્યો હતો જ્યારે વન ડે મેચમાં તેણે ૨૦૦૮માં ડેબ્યુ કર્યો હતો.

પ્રશ્નો :

(૧) તાજેતરમાં ગુજરાત રાજ્યના મુખ્યમંત્રીશ્રી વિજયભાઇ રૂપાણી દ્વારા ક્યાં રિવર રાફ્ટિંગ સુવિધાનો પ્રારંભ કરવામાં આવ્યો ?
- નર્મદા નદીમાં સ્ટેચ્યુ ઓફ યુનિટી કેવડીયા નજીક આવેલ ખલવાણી ખાતે

(૨) પશ્ચિમ ભારતની પ્રથમ રિવર રાફ્ટિંગ સુવિધાનો પ્રારંભ કોના દ્વારા કરવામાં આવ્યો ?
- ગુજરાત રાજ્યના મુખ્યમંત્રીશ્રી વિજયભાઇ રૂપાણી દ્વારા

(૩) તાજેતરમાં ક્યાં રાજ્ય દ્વારા વિલેજ વોલન્ટિયર સિસ્ટમ યોજનાની શરૂઆત કરવામાં આવી ?
- આંધ્રપ્રદેશના

(૪) આંધ્રપ્રદેશ રાજ્યના રાજ્યપાલ જણાવો ?
- વિશ્વભૂષણ હરિચંદ્ર

(૫) તાજેતરમાં ઇસરોનાં ચેરમેન શ્રી કે.સીવાનને ક્યાં રાજ્યની સરકાર દ્વારા ડૉ. એપીજે અબ્દુલ કલામ એવોર્ડથી સન્માનિત કરવામાં આવ્યાં ?
- તામિલનાડુ

(૬) ડૉ. એપીજે અબ્દુલ કલામ એવોર્ડની શરૂઆત ક્યારે થઇ હતી ?
- વર્ષ ૨૦૧૫માં

## 19. August 2019

**(૧) વર્લ્ડ ફોટોગ્રાફી ડે :**

- દર વર્ષે ૧૯ ઓગસ્ટના રોજ વર્લ્ડ ફોટોગ્રાફી ડે મનાવવામાં આવે છે.
- ફ્રાન્સના ફોટોગ્રાફર સુઇસ ડેગ્યુરે અને જોસેફ નાઇસફોરે ૧૮૩૭માં ફોટોગ્રાફીની એક નવી ટેકનિક, ડેગ્યુરેટાઇપ' વિકસાવી હતી.
- ફ્રાન્સ સરકારે ૧૯ ઓગસ્ટર ૧૮૩૭ તેને પેટન્ટ ફ્રી કરી વિશ્વને ફોટોગ્રાફીની ભેટ આપી.
- તેની યાદમાં દર વર્ષે આ દિવસની ઉજવણી કરવામાં આવે છે.
- ફોટોગ્રાફી શબ્દની ઉત્પતિ ગ્રીક ભાષાના શબ્દ ફોટોઝ (પ્રકાશ) અને ગ્રાફિન (ખેંચવું) પરથી કરવામાં આવે છે.

**(૨) ઉત્તર ધ્રુવ પર ઉડાન ભરનાર પ્રથમક ભારતીય એરલાઇન્સ – એર ઇન્ડિયા :**

- તાજેતરમાં ૭૩માં સ્વાતંત્ર્ય દિવસ પર એર ઇન્ડિયા દ્વારા ઉત્તર ધ્રુવ પર ઉડાન ભરતી સૈન ફ્રાન્સિસ્કો સુધીની ફ્લાઇટ શરૂ કરવામાં આવી.
- એર ઇન્ડિયા દ્વારા શરૂ કરવામાં આવેલ આ ફ્લાઇટ પ્રથમ ભારતીય ફ્લાઇટ છે જેણે ઉત્તર ધ્રુવ પર ઉડાન ભરી છે.

- એર ઇન્ડિયાની સ્થાપના જેઆરડી ટાટા દ્વારા વર્ષ ૧૯૩૨માં ટાટા એરલાઇન્સ તરીકે કરવામાં આવી હતી.
- ભારત સરકાર દ્વારા વર્ષ ૧૯૫૩માં એર કોર્પોરેશન અધિનિયમ અંતર્ગત ટાટા એરલાઇન્સનો હિસ્સો ખરીદી તેને એર ઇન્ડિયા નામ આપવામાં આવ્યું હતું.
- એર ઇન્ડિયાનું મુખ્યાલય એરલાઇન્સ હાઉસ દિલ્લી છે.
- એર ઇન્ડિયાના વર્તમાન ચેરમેન અશ્વિન લોહાની છે.

**(૩) સુપ્રીમ કોર્ટ દ્વારા ચાર ધામ પરિયોજનાને મંજૂરી :**

- તાજેતરમાં સુપ્રીમ કોર્ટ દ્વારા ઉત્તરાખંડ રાજ્યની ચાર ધામ પરિયોજનાને મંજૂરી આપવામાં આવી.
- ભારતના ઉત્તરાખંડમાં ૯૦૦ કિલોમીટરના રોડ માર્ગ વડે ચાર ધાર્મિક સ્થળ બદ્રિનાથ, કેદારનાથ, ગંગોત્રી અને યમુનોત્રીને જોડતી આ યોજના પર પર્યાવરણ પ્રશ્ને રોક લગાવવામાં આવી હતી.
- પર્યાવરણ સંબંધી મુદ્દાઓ પર ચર્ચા કરવા માટે સુપ્રીમ કોર્ટ દ્વારા કેન્દ્રીય પર્યાવરણ મંત્રાલયને એક સમિતિની રચના કરવાના આદેશ આપ્યા છે.
- આ સમિતિની બેઠક દર ત્રણ મહિને મળશે જે પર્યાવરણ પ્રશ્ને માર્ગદર્શક અને વૃક્ષારોપણ અંગે ચર્ચા કરશે.

**(૪) કશ્મીર મુદ્દા પર બેઠક – સંયુક્ત રાષ્ટ્ર સલામતી સમિતિ :**

- તાજેતરમાં કશ્મીર મુદ્દા પર સંયુક્ત રાષ્ટ્ર સલામતી સમિતિની ક્લોસડ દોર બેઠકનું આયોજન થયું હતું.
- આ બેઠકમાં ભારત તરફથી કશ્મીર પરથી અનુચ્છેદ ૩૭૦ હટાવાય બાદ ચીનના પ્રસ્તાવ બાદ થઇ હતી.
- વર્તમાનમાં સંયુક્ત રાષ્ટ્ર સુરક્ષા પરિષદની અધ્યક્ષતા પૉલેન્ડ પાસે છે.
- સંયુક્ત રાષ્ટ્ર સુરક્ષા પરિષદ સંયુક્ત રાષ્ટ્રની પ્રમુખ એજન્સી છે. જે સંયુક્ત રાષ્ટ્ર ચાર્ટર અંતર્ગત આંતરરાષ્ટ્રીય શાંતિ અને સુરક્ષા મુદ્દે જવાબદારી સાંભળે છે.

**સંયુક્ત રાષ્ટ્ર સુરક્ષા પરિષદ :**

સંયુક્ત રાષ્ટ્રના આ અંગની રચના કુલ ૧૫ સભ્યોથી થાય છે. જેમાં ૫ કાયમી સભ્યો છે. જેવા કે યુ.એસ., રશિયા, યુ.કે. , ફ્રાંસ અને ચીન આ કાયમી સભ્યોએ અર્થમાં કાયમી ગણાય છે કે સંયુક્ત રાષ્ટ્રોનું અસ્તિત્વ જ્યાં સુધી ચાલુ રહેશે ત્યાં સુધી તેમનું સભ્યપદ ચાલુ રહેશે. આ કાયમી સભ્યો બિનકાયમી સભ્યો કરતાં વિશેષ સત્તા ધરાવે છે. દા.ત. નિષેધાધિકાર (Veto Power) સલામતી સમિતિના કાયમી સભ્ય દેશને નકારાત્મક મત આપવાની અસાધારણ સત્તા એટલે 'વીટો' (Veto) આ સંસ્થામાં ૧૦ બિનકાયમી સભ્યો હોય છે. બિનકાયમી સભ્યોની ચૂંટણી સામાન્યસભા ૨/૩ બહુમતીથી બે વર્ષના સમયગાળા માટે કરે છે. નિવૃત્ત થતું સભ્યરાજ્ય તરત જ આ અંગનું સભ્યપદ મેળવી શકે નહીં. સલામતી સમિતિ સતત કાર્યરત રહે છે. જ્યારે કાર્યવાહીને લગતી બાબતો અંગે નિર્ણય લેવાનો હોય ત્યારે ૧૫ માંથી ૯ સભ્યોની સંમતિ જરૂર ગણાય છે. જેમાં ૫ કાયમી સભ્યોની સંમતિ અનિવાર્ય ગણાય છે. મતદાન વખતે જો આ ૫ માંથી કોઇ એક મહાસત્તા ગેરહાજર રહે તો તેણે વીટો સત્તાનો ઉપયોગ કર્યો ગણાતો નથી. સલામતી સમિતિના પ્રમુખપદની સમયમર્યાદા એક મહિનાની રાખવામાં આવી છે. આ સમિતિના સભ્યરાજ્યો તેમના નામના અંગ્રેજી વર્ણમાળાના ક્રમ (Alphabetic order) પ્રમાણે અનુક્રમે પ્રમુખપદ મેળવે છે.

સલામતી સમિતિનું મુખ્ય કામ વિશ્વમાં શાંતિ અને સલામતી જાળવવાનું છે. તે કોઇપણ તકરાર અંગે કે યુદ્ધ તરફ દોરી જતી પરિસ્થિતિ અંગે તપાસ કરી શકે છે. સંયુક્તરાષ્ટ્રોમાં નવા રાજ્યને સભ્યપદ આપવું કે નહિ તે અંગેના તેમજ ચાલુ સભ્યનો બહિષ્કાર કરવા અંગેના નિર્ણય લેવાનું કાર્ય પણ તે કરે છે. સલામતી સમિતિ સામાન્યસભાના સહકારથી આંતરરાષ્ટ્રીય અદાલતના ન્યાયાધીશની નિમણૂક કરે છે.

**(૫) આદિ મહોત્સવ – લેહ લદાખ :**

- તાજેતરમાં જમ્મુ કાશ્મીરના રાજ્યપાલ સત્યપાલ માલિક દ્વારા લેહ લેદાખના પોલો ગ્રાઉન્ડ ખાતે આદિ મહોત્સવનો (રાષ્ટ્રીય જનજાતિય ઉત્સવ) પ્રારંભ કરવામાં આવ્યો.
- આ મહોત્સવનું આયોજન કેન્દ્રીય આદિજાતિ બાબતોના મંત્રાલય અને આદિવાસી સહકારી માર્કેટિંગ વિકાસ સંઘ (Tribal Cooperative Marketing Development Federation of India Limited - TRIFED) દ્વારા કરવામાં આવ્યું છે.
- આ મહોત્સવનું આયોજન 'A celebration of the spirti of Tribal craft, culture and commerce" થીમ પર કરવામાં આવ્યું છે.
- આદિ મહોત્સવનું આયોજન આદિજાતિ સમુદાયના આર્થિક વિકાસ કરવાના હેતુથી કરવામાં આવ્યું છે. જેમાં આદિજાતિ સંસ્કૃતિ, શિલ્પ અને ઔષધિને પ્રદર્શિત કરવામાં આવશે.
- કેન્દ્રીય આદિજાતિ બાબતોના મંત્રી અર્જુન મુંડા

TRIFED

- TRIFED આદિજાતિ બાબતોના કેન્દ્રીય મંત્રાલય અંતર્ગત એક સહકારી સમિતિ છે.
- તેની સ્થાપના મલ્ટી કૉઓપરેટિવ સોસાયટી અધિનિયમ ૧૯૮૪ અંતર્ગત વર્ષ ૧૯૮૭માં કલ્યાણ મંત્રાલય દ્વારા કરવામાં આવી હતી.
- આ સંસ્થા આદિવાસી દ્વારા ઉત્પાદિત થતી વસ્તુઓના માર્કેટીંગનું કાર્ય કરે છે.

**(૬) થાર એક્સપ્રેસનું સંચાલન બંધ :**

- તાજેતરમાં ભારત સરકાર દ્વારા સાપ્તાહિક જોધપુર મુનબાઓ થાર એક્સપ્રેસના સંચાલનને બંધ કરવામાં આવ્યું.
- આ નિર્ણય ભારત અને પાકિસ્તાન વચ્ચે કશ્મીર મુદ્દે થયેલ તણાવ બાદ લેવામાં આવ્યો.
- આ અગાઉ પાકિસ્તાન દ્વારા સમજોતા એક્સપ્રેસનું સંચાલન રદ કરવામાં આવ્યું.

**થાર લિન્ક એક્સપ્રેસ :**

- થાર લિન્ક એક્સપ્રેસ એક આંતરરાષ્ટ્રીય સાપ્તાહિક ટ્રેન છે. જેનું સંચાલન ભારતીય રેલવે દ્વારા કોચ અને લોકમોટિવના માધ્યમથી કરવામાં આવે છે.
- આ ટ્રેન યાત્રિકોને રાજસ્થાનના મુનાબાઓ અને પાકિસ્તાનના કરાચી સુધી પરિવહન સુવિધા આપે છે.
- વર્ષ ૨૦૦૬માં ભારત અને પાકિસ્તાન દ્વારા પરસ્પર રેલ સેવા જોડવાના કરાર કરવામાં આવ્યા હતા.
- જેને વર્ષ ૨૦૧૮માં રિન્યૂ કરી તેને ૨૦૨૧ સુધી વધારવામાં આવ્યો હતો.

સમજોતા એક્સપ્રેસ :

- સમજોતા એક્સપ્રેસની શરૂઆત ૨૨ જુલાઇ ૧૯૭૬ના રોજ શિમલા કરાર અંતર્ગત કરવામાં આવી હતી.

- – સમજોતા એક્સપ્રેસ ભારતના દિલ્લીથી પાકિસ્તાનના લાહોરને જોડે છે.
- – આ ટ્રેન ભારતના દિલ્લીથી અટારી બોર્ડર સુધી જાય છે. અટારી ખાતે મુસાફરોના વિઝા અને પાસપોર્ટની કામગીરી બાદ અટારી ખાતેથી પાકિસ્તાનની ટ્રેન મુસાફરોને અટારી બોર્ડરથી લાહોર સુધી પહોચાડે છે.

પ્રશ્નો :

(૧) વર્લ્ડ ફોટોગ્રાફી ડે ક્યારે મનાવવામાં આવે છે ?
– ૧૯ ઓગસ્ટ

(૨) ફોટોગ્રાફીની 'ડેગ્યેુટાઇપ' નામની ટેકનિક કોના દ્વારા વિકસાવવામાં આવી હતી ?
– ફ્રાન્સના ફોટોગ્રાફર સુઇસ ડેગ્યુરે અને જોસેફ નાઇસફોર દ્વારા

(૩) ફોટોગ્રાફી શબ્દની ઉત્પતિ ગ્રીક ભાષાના કયાં બે શબ્દ પરથી કરવામાં આવી છે ?
– ફોટોઝ (પ્રકાશ) અને ગ્રાફિન (ખેચવું)

(૪) ઉત્તર ધ્રુવ પર ઉડાન ભરતી ભારતની પ્રથમ ફલાઇટ કઇ એરલાઇન્સ દ્વારા શરૂ કરવામાં આવી છે ?
– એર ઈન્ડિયા

(૫) એર ઇન્ડિયાની સ્થાપના કોના દ્વારા વર્ષ ૧૯૩૨મા ટાટા એરલાઇન્સ તરીકે કરવામાં આવી હતી.
– જેઆરડી ટાટા

(૬) એર ઇન્ડિયાના વર્તમાન ચેરમેન ?
– અશ્વિન લોહાની

(૭) તાજેતરમાં સુપ્રીમ કોર્ટ દ્વારા કયાં રાજ્યની ચાર ધામ પરિયોજનાને મંજૂરી આપવામાં આવી ?
– ઉત્તરાખંડ

(૮) સંયુક્ત રાષ્ટ્ર સુરક્ષા પરિષદની અધ્યક્ષતા હાલમાં કયાં દેશ પાસે છે ?
– પૉલેન્ડ

(૯) તાજેતરમાં કોના દ્વારા લેહ લદાખના પોલો ગ્રાઉન્ડ ખાતે આદિ મહોત્સવનો (રાષ્ટ્રીય જનજાતિય ઉત્સવ) પ્રારંભ કરવામાં આવ્યો ?
– જમ્મુ કાશ્મીરના રાજ્યપાલ સત્યપાલ માલિક દ્વારા

૧૦ કેન્દ્રીય આદિજાતિ બાબતોના મંત્રી કોણ છે ?
– અર્જુન મુંડા

## 20. August 2019

**(૧) વિશ્વ માનવતા દિવસ – ૧૯ ઓગસ્ટ :**

- – દર વર્ષે ૧૯ ઓગસ્ટના રોજ વિશ્વ માનવતા દિવસ મનાવવામાં આવે છે.
- – આ દિવસ વિશ્વભરમાં માનવતાના કાર્યો સાથે જોડાયેલ અને તે કાર્યમાં પોતાના જીવનને સમર્પિત કરનારા લોકોના સન્માનમાં મનાવવામાં આવે છે.
- – આ દિવસ સંયુક્ત રાષ્ટ્ર સામાન્યસભા દ્વારા મનાવવામાં આવે છે વિશ્વ માનવતા દિવસની પ્રથમ ઉજવણી વર્ષ ૨૦૦૯માં થઇ હતી.
- – વર્ષ ૨૦૧૯ થીમ #women humanitarians

**(૨) સદ્ભાવના દિવસ :**

- – દર વર્ષે ૨૦ ઓગસ્ટના રોજ ભારતભરમાં સદ્ભાવના દિવસ મનાવવામાં આવે છે.
- – આ દિવસ ભારતના પૂર્વ વડાપ્રધાનશ્રી રાજીવ ગાંધીની જન્મજયંતિ નિમિત્તે મનાવવામાં આવે છે.
- – તેમનો જન્મ ૨૦ ઓગસ્ટ ૧૯૪૪ના રોજ મુંબઇ ખાતે થયો હતો.
- – ૨૧ મે ૧૯૯૧ના રોજ તમિલનાડુના ખાતે પેરામ્બુદૂર ખાતે ચૂંટણી પ્રચાર દરમ્યાન લિબ્રેશન ઓફ ટાઇગર્સ ઓફ તામિલ ઇલમ (એલટીટીઇ) ના સભ્યો દ્વારા તેમની હત્યા કરવામાં આવી હતી.
- – દર વર્ષે ૨૧ મેના રોજ આતંકવાદ વિરોધી દિવસ મનાવવામાં આવે છે.
- – રાજીવ ગાંધી સ્વતંત્ર ભારતના છઠ્ઠા અને વ્યક્તિગત રીતે સાતમાં પ્રધાનમંત્રી છે.
- – તેમનું પુરૂનામ રાજીવરતન ગાંધી હતું. તેમના લગ્ન એડિવજ એન્ટોનિયા અલ્બના મઇને (સોનિયા ગાંધી) સાથે થયા હતા.
- – વર્ષ ૧૯૯૧માં તેમને મરણોત્તર ભારત રત્નથી સન્માનીત કરવામાં આવ્યા હતા.
- – દેશનો રમત ગમતનો સર્વોચ્ચ પુસ્કાર રાજીવ ગાંધી ખેલરત્ન તેમની યાદમાં આપવામાં આવે છે. પ્રથમ રાજીવ ગાંધી ખેલરત્ન પુરસ્કાર વિજેતા વિશ્વનાથ આનંદ છે.
- – તેમની સમાધિનું નામ વીરભૂમિ છે.

**(૩) અટલબિહારી વાજપેયી સ્મારક – ઉત્તરપ્રદેશ :**

- – તાજેતરમાં ઉત્તરપ્રદેશ સરકાર દ્વારા દેશના પૂર્વપ્રધાનમંત્રી ભારત રત્નશ્રી અટલ બિહારી વાજપેયીના સન્માનમાં અટલ બિહારી વાજપેયી સ્મારક સ્થાપવાની જાહેરાત કરવામાં આવી.
- – આ સ્મારકની સ્થાપના અટલ બિહારી વાજપેયી બાટેશ્વર ખાતે કરવામાં આવશે.
- – આ ઉપરાંત ઉત્તરપ્રદેશના રાજ્યના મુખ્યમંત્રી શ્રી યોગી આદિત્યનાથ દ્વારા શ્રમિકોના બાળકો માટે અટલ બિહારી વાજપેયી આવાસી શાળાનો પ્રારંભ કરવામાં આવ્યો.
- – ઉત્તરપ્રદેશ સરકાર દ્વારા રાજ્યમાં આવી ૧૮ શાળા ખોલવામાં આવશે.
- – ઉત્તરપ્રદેશ સરકાર દ્વારા ૨૫ ડિસેમ્બર ૨૦૧૯ના રોજ શ્રી અટલ બિહારી વાજપેયીની જન્મજયંતિ પર તેમની ૨૫ ફૂટ ઉંચી પ્રતિમા પણ લોકભવનમાં સ્થાપિત કરવામાં આવશે.
- – ઉત્તરપ્રદેશ :
- – રાજ્યપાલ : આનંદીબેન પટેલ
- – મુખ્યમંત્રી : યોગી આદિત્યનાથ

રાજધાની : લખનૌ
વસ્તીની દ્રષ્ટિએ ક્રમ – ૧
વિસ્તારની દ્રષ્ટિએ ક્રમ – ૪

**(૪) જળવાયુ પરીવર્તન પર ૨૮મી BASIC મંત્રીસ્તરીય બેઠક – બ્રાઝિલ**

- – તાજેતરમાં બ્રાઝિલના સાઓ પાઉલો ખાતે જળવાયુ પરીવર્તન પર ૨૮ મી BASIC મંત્રીસ્તરીય બેઠકનું આયોજન કરવામાં આવ્યું હતું.
- – આ બેઠકમાં ભારતનું પ્રતિનિધિત્વ કેન્દ્રીય પર્યાવરણ મંત્રી પ્રકાશ જાવડેકરે કર્યું હતું.
- – આ બેઠકનું આયોજન સંયુક્ત રાષ્ટ્રની Framework convention on Climate Change (UNFCC) Conference of Parties (COP-25) પહેલ પર કરવામાં આવ્યું હતું.
- – BASIC ચાર ઔધોગિક રાષ્ટ્રનું એક સમૂહ છે જેમા બ્રાઝિલ, દક્ષિણ આફ્રિકા, ભારત અને ચીનનો સમાવેશ થાય છે.
- – આ સમૂહની સ્થાપના વર્ષ ૨૦૦૯માં કરવામાં આવી હતી.

Vivekanand Academy Gandhinagar

**(૫) આંતરરાષ્ટ્રીય શિક્ષણ શિક્ષણ સંમેલન – નવી દિલ્હી**

- તાજેતરમાં નવી દિલ્હી ખાતે બે દિવસીય આંતરરાષ્ટ્રીય શિક્ષક શિક્ષણ સંમેલનનું આયોજન કરવામાં આવ્યું.
- આ સંમેલનનું આયોજન 'અધ્યાપક શિક્ષા કી યાત્રા : સ્થાનિક સે વૈશ્વિક ' શિર્ષક આપવામાં આવ્યું હતું.
- આ સંમેલનનું ઉદ્‌ઘાટન માનવ સંસાધન વિકાસ મંત્રી રમેશ પોખરીયાલ દ્વારા કરવામાં આવ્યું હતું.
- આ બે દિવસીય સંમેલનનું આયોજન રાષ્ટ્રીય શિક્ષક શિક્ષા પરિષદ (NCTE) દ્વારા કરવામા આવ્યું હતું.
- આ પરિષદનો ઉદ્દેશ ભારતની શાળાકીય શિક્ષણ પદ્ધતિને વૈશ્વિક સ્તર લાવવાનો છે.
- રાષ્ટ્રીય શિક્ષક શિક્ષા પરિષદ (NCTE) કેન્દ્ર સરકારની વૈધાનિક સંસ્થા છે.
- તેની સ્થાપના વર્ષ ૧૯૫૫માં રાષ્ટ્રીય શિક્ષક શિક્ષા પરિષદ અધિનિયમ ૧૯૯૩ અંતર્ગત કરવામાં આવી હતી.
- આ સંસ્થાનું મુખ્ય કાર્ય ભારતીય શિક્ષણ પ્રણાલીના માનાંક અને પ્રક્રિયાનું નિરીક્ષણ કરવાનું છે.
- તેનું મુખ્ય મથક નવી દિલ્હીમાં આવેલું છે.

**(૨) જગન્નાથ મિશ્રા – નિધન :**

- તાજેતરમાં બિહારના પૂર્વ મુખ્યમંત્રી જગન્નાથ મિશ્રાનું ૧૯ ઓગસ્ટ ૨૦૧૯ના રોજ નિધન થયું.
- તેઓ ત્રણ વખત બિહારના મુખ્યમંત્રી રહી ચૂક્યા છે. તેમનો જન્મ ૨૪ જૂન ૧૯૩૭ના રોજ થયો હતો.
- જગન્નાથ મિશ્રા એપ્રિલ ૧૯૭૫થી એપ્રિલ ૧૯૭૭ સુધી પ્રથમ વખત બિહારના મુખ્યમંત્રી બન્યા હતા
- ત્યારબાદ જૂન ૧૯૮૦ થી ઓગસ્ટ ૧૯૮૩ સુધી તેઓ બીજી વખત બિહારના મુખ્યમંત્રી બન્યા હતા.
- ત્રીજી વખત તેમણે ડિસેમ્બર ૧૯૮૯ થી માર્ચ ૧૯૯૦ દરમ્યાન બિહારના મુખ્યમંત્રી તરીકે કાર્ય કર્યું હતું.

પ્રશ્નો :

(૧) વિશ્વ માનવતા દિવસ ક્યારે મનાવવામાં આવે છે ?
- ૧૯ ઓગસ્ટ

(૨) વિશ્વ માનવતા દિવસની પ્રથમ ઉજવણી વર્ષ ૨૦૦૯માં થઇ હતી ?
- ૨૦૦૯

(૩) તાજેતરમાં કયાં રાજ્યની સરકાર દ્વારા દેશના પૂર્વ પ્રધાનમંત્રી ભારતરત્નશ્રી અટલ બિહારી વાજપેયીના સન્માનમાં અટલ બિહારી વાજપેયી સ્મારક સ્થાપવાની જાહેરાત કરવામાં આવી ?
- ઉત્તરપ્રદેશ

(૪) ઉત્તરપ્રદેશના રાજ્યપાલ જણાવો ?
- આનંદીબેન પટેલ

(૫) રાષ્ટ્રીય શિક્ષક શિક્ષા (NCTE) ની સ્થાપના ક્યાં અધિનિયમ અંતર્ગત કરવામાં આવી હતી ?
- રાષ્ટ્રીય શિક્ષક શિક્ષા પરિષદ અધિનિયમ ૧૯૯૩ અંતર્ગત

(૬) તાજેતરમાં બે દિવસીય આંતરરાષ્ટ્રીય શિક્ષક શિક્ષણ સંમેલનનું આયોજન કયાં કરવામાં આવ્યું ?
- નવી દિલ્હી ખાતે

(૭) તાજેતરમાં જળવાયુ પરિવર્તન પર ૨૮મી BASIC મંત્રીસ્તરીય બેઠકનું આયોજન કયાં કરવામાં આવ્યું હતું ?
- બ્રાઝિલના સાઓ પાઉલો ખાતે

## 21. August 2019

**(૧) વિશ્વ મચ્છર દિવસ :**

- દર વર્ષે ૨૦ ઓગસ્ટના રોજ વિશ્વ મચ્છર દિવસ મનાવવામાં આવે છે.
- આ ૨૦ ઓગસ્ટ ૧૮૯૭ના રોજ બ્રિટનના ડૉક્ટર રોનાલ્ડ રોસે દ્વારા કોલકત્તામાં પ્રેસિડેન્ટ જનરલ હોસ્પિટલમાં મેલેરિયા રોગનું કારણ એવા એનફીલીસ મચ્છરની શોધ કરી હતી.
- માટે ૨૦ ઓગસ્ટના રોજ વિશ્વ મચ્છર દિવસ મનાવવામાં આવે છે.
- ભારત સરકાર દ્વારા ૨૦૩૦ સુધીમાં દેશને મેલેરિયા મુક્ત કરવાનું લક્ષ્યાંક રાખવા આવ્યું છે.

**(૨) વર્લ્ડ સિનિયર સિટિઝન્સ ડે :**

- દર વર્ષે ૨૧ ઓગસ્ટના રોજ વિશ્વભરમાં વર્લ્ડ સિનિયર સિટિઝન્સ ડેની ઉજવણી કરવામાં આવે છે.
- વર્લ્ડ વરિષ્ઠ સિટિઝન્સ ડે વરિષ્ઠ નાગરિકોના સન્માન કરવા માટે ઉજવવામાં આવે છે.
- વર્લ્ડ સિનિયર સિટિઝન્સ ડે વર્ષ ૧૯૮૮ થી ઉજવવામાં આવે છે.
- આ દિવસની પ્રથમ ઉજવણી યુનાઇટેડ સ્ટેટ્સ ઓફ અમેરિકા દ્વારા કરવામાં આવી હતી.

**(૩) ભારતીય પ્રધાનમંત્રીનો ભૂટાન પ્રવાસ :**

- તાજેતરમાં ભારતીય પ્રધાનમંત્રી બે દિવસીય ભૂટાન પ્રવાસ પર ગયા હતા.
- પ્રધાનમંત્રીશ્રી નરેન્દ્ર મોદીના આ પ્રવાસ દરમ્યાન ભૂટાન અને ભારત વચ્ચે વિવિધ ક્ષેત્રે ૧૦ જેટલા કરાર કરવામાં આવ્યા છે.
- ભૂટાન પ્રવાસ દરમ્યાન પ્રધાનમંત્રીએ ભારતીય રૂપે કાર્ડ પણર ભૂટાનમાં લોન્ચ કર્યું હતું.
- ભારતને ભૂટાન વચ્ચે વર્ષ ૧૯૬૮થી ઔપચારિક રીતે રાજદ્વારી સંબંધોની શરૂઆત થઇ હતી.
- ભૂટાનના વિકાસ માટે ભારતે મહત્વની ભૂમિકા ભજવી છે. ભૂટાનની સુરક્ષાની જવાબદારી પણ ભારતીય સેના પાસે છે.
- ભૂટાનની રાજધાની થિમ્પુ છે. તેના પ્રધાનમંત્રી શ્રી લોટે શેરિંગ છે.
- ભૂટાનના વર્તમાન રાજા શ્રી જેગ્મે ખેસર નામગ્યાલ વાંગચૂક છે.

**(4) PSLV ના નિર્માણ માટે ખાનગી ક્ષેત્રની કંપનીઓને આમંત્રણ – ઇસરો :**

- તાજેતરમાં ઇસરો દ્વારા ૫ PSLVના નિર્માણ માટે ભારતની ખાનગી ક્ષેત્રની કંપનીઓને આમંત્રણ આપવામાં આવ્યું.
- ઇસરો દ્વારા પ્રથમ વખત ખાનગી ક્ષેત્રની કંપનીઓને કામ માટે આંમત્રણ આપવામાં આવ્યું છે.
- PSLV - Polar Satellite Lauch Vehicle
- PSLV ઉપગ્રહ લોન્ચ વ્હીકલ છે જેની ડિઝાઇન અને સંચાલન ઇસરો દ્વારા કરવામાં આવે છે.

**(૪) સેન્ટ્રલ ઇન્સ્ટિટ્યૂટ ઓફ કેમિકલ એન્જિનિયરિંગ એન્ડ ટેકનાલોજિ સંસ્થા– ગુજરાત :**

- ભારતની પ્રથમ સેન્ટ્રલ ઇન્સ્ટિટ્યૂટ ઓફ કેમિકલ એન્જિનિયરિંગ એન્ડ ટેકનોલૉજિ સંસ્થાની સ્થાપના ગુજરાતનાં વટવા અથવા સુરત ખાતે કરવામાં આવશે.
- આ સંસ્થાની સ્થાપના કેમિકલ ઉદ્યોગને પ્રોત્સાહન આપવાના ઉદ્દેશ્યથી કરવામાં આવી હતી.

- આ સંસ્થાની સ્થાપનાથી વાપી અંકલેશ્વર વલસાડ, ભરૂચ અને અમદાવાદના કેમિકલ ઉદ્યોગને વિશેષ લાભ થશે.
- આ ઉપરાંત અમદાવાદ ખાતે પ્લાસ્ટિક વેસ્ટ મેનેજમેન્ટ ઇન્સ્ટિટ્યૂટની સ્થાપના કરવામાં આવશે.
- આ અંગેની જાહેરાત કેન્દ્રીય શિપિંગ, કેમિકલ્સ અને ફર્ટિલાઇઝર્સ રાજ્યમંત્રી મનસુખ માંડવિયા દ્વારા કરવામાં આવી.

**(૫) પ્રસિદ્ધ સંગીતકાર મોહમ્મદ ઝહૂર ખૈયામ હાશ્મિનું નિધન :**

- હિન્દી ફિલ્મોના પ્રસિદ્ધ સંગીતકાર મોહમ્મદ ઝહૂર ખૈયામ હાશ્મિનું ૧૯ ઓગસ્ટ ૨૦૧૯ના રોજ નિધન થયું હતું.
- તેમનો જન્મ ૧૮ ફેબ્રુઆરી ૧૯૨૭ના રોજ પંજાબના રહોન ખાતે થયો હતો.
- તેમણે હિન્દી ફિલ્મોમાં મ્યુઝિક ડાયરેક્ટર અને બેકગ્રાઉન્ડ કમ્પોઝર તરીકે યોગદાન આપ્યું છે.
- તેમણે પોતાની ફિલ્મ કારકિર્દીની શરૂઆત વર્ષ ૧૯૪૮માં હીર રંઝા ફિલ્મથી કરી હતી.
- તેમની આત્મકથાનું નામ ખૈયામ ધ મેન– હિઝ મ્યુઝિક છે.
- તેમને વર્ષ ૧૯૭૭, ૧૯૮૨ અને વર્ષ ૨૦૧૦ એમ કુલ ત્રણ વખત ફિલ્મફેર એવોર્ડથી નવાજવામાં આવ્યા છે.
- વર્ષ ૨૦૦૭માં તેમને સંગીત નાટક અકાદમી પુરસ્કારથી સન્માનીત કરવામાં આવ્યા હતા.
- વર્ષ ૨૦૧૧માં ભારત સરકાર દ્વારા તેમને પદ્મભૂષણથી સન્માનીત કરવામાં આવ્યા હતા.
- વર્ષ ૨૦૧૮માં તેમને હૃદયનાથ મંગેશકર પુરસ્કાર એનાયત કરવામાં આવ્યો હતો.

પ્રશ્નો :

(૧) વિશ્વ મચ્છર દિવસ ક્યારે મનાવવામા આવે છે ?
- દર વર્ષે ૨૦ ઓગસ્ટના રોજ

(૨) ભારત સરકાર દ્વારા ક્યાં સુધીમાં દેશને મેલેરિયા મુક્ત કરવાનું લક્ષ્યાંક રાખવાં આવ્યું છે ?
- વર્ષ ૨030 સુધીમાં

(૩) વર્લ્ડ સિનિયર સિટિઝન્સ ડે ની ઉજવણી ક્યારે કરવામાં આવે છે ?
- દર વર્ષે ૨૧ ઓગસ્ટના રોજ

(૪) ભારતને ભૂટાન વચ્ચે ઔપચારિક રીતે રાજદ્વારી સંબંધોની ક્યારથી શરૂઆત થઇ હતી ?
- વર્ષ ૧૯૬૮ થી

(૫) ભૂટાનની રાજધાની જણાવો ?
- થિમ્પુ

(૬) PSLVનું પુરૂનામ જણાવો ?
- polar Satellite Lauch Vehicle

(૭) PSLV ઉપગ્રહ લોન્ચ વ્હીકલની ડિઝાઇન અને સંચાલન કોના દ્વારા કરવામાં આવે છે ?
- ઇસરો

(૮) ભારતની પ્રથમ સેન્ટ્રલ ઇન્સ્ટિટ્યૂટ ઓફ કેમિકલ એન્જિનિયરિંગ એન્ડ ટેકનૉલોજિ સંસ્થાની સ્થાપના ક્યાં કરવામાં આવશે ?
- ગુજરાતનાં વટવા અથવા સુરત ખાતે

(૯) કેન્દ્રીય શિપિંગ, કેમિકલ્સ અને ફર્ટિલાઇઝર્સ રાજ્યમંત્રી કોણ છે ?
- મનસુખ માંડવિયા

(૧૦) પ્રસિદ્ધ સંગીતકાર મોહમ્મદ ઝહૂર ખૈયામ હાશ્મિનો જન્મ ક્યાં રાજ્યમાં થયો હતો ?
- પંજાબ

(૧૧) પ્રસિદ્ધ સંગીતકાર મોહમ્મદ ઝહૂર ખૈયામ હાશ્મિને ભારત સરકાર દ્વારા ક્યાં પદ્મ પુરસ્કારથી સન્માનીત કરવામાં આવ્યા હતા ?
- પદ્મભૂષણ

## 22. August 2019

**(૧) સલ્ફર ડાયોક્સાઇડ ($SO_2$) ના ઉત્પાદનમાં ભારત પ્રથમ ક્રમે :**

- તાજેતરમાં આંતરરાષ્ટ્રીય પર્યાવરણ સંસ્થા ગ્રીનપીસ દ્વારા Greenplace Anylysis ranks global $So_2$ Air Pollution hotspots નામનો એક રિપોર્ટ જાહેર કરવામાં આવ્યો છે.
- આ રિપોર્ટ અનુસાર વિશ્વમાં સલ્ફર ડાયોક્સાઇડ ($SO_2$) ના ઉત્પાદનમાં ભારત પ્રથમ ક્રમે છે.
- આ રિપોર્ટમાં રશિયા અને ચીન અનુક્રમે બીજા અને ચોથા ક્રમે છે.
- $SO_2$ એક ઝેરી વાયુ છે જે હવાને પ્રદૂષીત કરવામાં મહત્વનો ભાગ ભજવે છે.
- વિશ્વના કુલ સલ્ફર ડાયોક્સાઇડ ($SO_2$) ના ઉત્પાદનમાં ભારતનો ભાગ ૧૫% છે.
- ભારતમાં સલ્ફર ડાયોક્સાઇડ ($SO_2$)નું સૌથી વધુ ઉત્પાદન મધ્યપ્રદેશનું સિંગ્રોલી પ્રથમ સ્થાને છે.
- ગુજરાતમાં કચ્છ મુંદ્રા હજીરા ગાંધીનગર અને સુરત જેવા સ્થળો પર સલ્ફર ડાયોક્સાઇડ ($SO_2$) નું ઉત્પાદન થાય છે.
- વિશ્વમાં સલ્ફર ડાયોક્સાઇડ ($SO_2$) ના ઉત્પાદનમાં રશિયાનું નોરીલ્સ્ક પ્રથમ સ્થાને છે.

**સલ્ફર ડાયોક્સાઇડ**

**બનાવટ :**

- જ્યારે સલ્ફરને હવા અથવા ઑક્સિજન સાથે બાળવામાં આવે છે ત્યારે સલ્ફર ટ્રાયોક્સાઇડના થોડા પ્રમાણ (6-8%) સાથે સલ્ફર ડાયૉક્સાઇડ બને છે.

$$S (s) + O_2 \rightarrow SO_2(g)$$

- ઔદ્યોગીક રીતે સલ્ફાઇડ અયસ્કોના ભૂંજનથી ઉપનીપજ તરીકે મળે છે.

**ગુણધર્મો :**

- સલ્ફર ડાયૉક્સાઇડ તીવ્રવાસવાળો રંગવિહીન વાયુ છે અને પાણીમાં વધુ દ્રાવ્ય છે. તે ઓરડાના તાપમાને ૨ વાતાવરણ દબાણ હેઠળ પ્રવાહીમાં રૂપાંતર પામે છે. અને ૨૬૩ K તાપમાને ઉકળે છે.
- જ્યારે સલ્ફર ડાયૉક્સાઇડને પાણીમાંથી પસાર કરવામાં આવે છે ત્યારે તે સલ્ફરફ્યુરસ ઍસિડનું દ્રાવણ બનાવે છે.

**ઉપયોગ :**

સલ્ફર ડાયૉક્સાઇડનો ઉપયોગ (i) શર્કરા અને પેટ્રોલિયમનો શુદ્ધિકરણમાં (ii) લાકડા અને રેશમના વિરંજનમાં તથા (iii) પ્રતિક્લોર, સંક્રમણહારકો અને પરિપક્ષકો તરીકે થાય છે. સલ્ફ્યુરિક ઍસિડ, સોડિયમ હાઇડ્રોજન સલ્ફાઇટ અને કૅલ્શિયમ હાઇડ્રોજન સલ્ફાઇટ (ઔદ્યોગિક રસાયણો)નું ઉત્પાદન સલ્ફર ડાયોક્સાઇડમાંથી

Vivekanand Academy Gandhinagar

કરવામાં આવે છે. પ્રવાહી ($SO_2$) અનેક કાર્બનિક અને અકાર્બનિક રસાયણોને ઓગાળવા દ્રાવક તરીકે વપરાય છે

**(૨) મોબાઇલ મેટાલિક રેમ્પ : DRDO:**

- તાજેતરમા ડીઆઇડીઓ દ્વારા ભારતીય સેના માટે મોબાઇલ મેટાલિક રેમ્પની ડિઝાઇન નિર્માણ કરવામાં આવ્યું.
- મોબાઇલ મેટાલિક રેમ્પની ડિઝાઇન DRDOના ચેરમેન ડૉ. જી. સતિશ દ્વારા ભારતીય સેનાના ચીફ ઓફ આર્મી સ્ટાફ લેફ્ટનેન્ટ જનરલ અંબુને નવી દિલ્લી ખાતે એક કાર્યક્રમ દરમ્યાન સોંપવામાં આવી.
- સ્વદેશી બનાવટના મોબાઇલ મેટાલિક રેમ્પનું નિર્માણ DRDO ની સેન્ટર ફોર ફાયર એક્સપ્લોસિવ્સ એન્ડ એનવાયરમેન્ટ સેફ્ટી પ્રયોગશાળા દ્વારા કરવામાં આવ્યું છે
- મોબાઇલ મેટાલિક રેમ્પ દ્વારા ભારતીય સેનાના લશ્કરી વાહનોને એક સ્થળેથી બીજા સ્થળે લઇ જવામાં સરળતા મળશે.

**DRDO**

DRDO- The Defence Research and Development Organisation

- ડીઆરડીઓની સ્થાપના વર્ષ ૧૯૫૭માં કરવામાં આવી હતી.
- તેનું આદર્શ વાક્ય 'બલસ્ય મૂલમ્ વિજ્ઞાનમ્' છે.
- ડીઆરડીઓ સંરક્ષણ મંત્રાલય અંતર્ગત કાર્ય કરે છે.
- DRDOના ચેરમેન ડૉ. જી. સતિશ છે.

**(૩) ડાયરેક્ટ ટેક્સ કોર્ડ પર રચાયેલ ટાસ્ક ફોર્સએ પોતાનો રિપોર્ટ સોંપ્યો**

- કેન્દ્ર સરકાર દ્વારા દેશમાં નવા Direct Tax Code (DTC) ના નિર્માણ માટે સેન્ટ્રલ બોર્ડ ઓફ ડાયરેક્ટ ટેક્સના સભ્ય અખિલેશ રંજનની અધ્યક્ષતામાં એક ટાસ્ક ફોર્સની રચના કરવામાં આવી હતી.
- આ ટાસ્ક ફોર્સની રચનાનો મુખ્ય હેતુ જૂના આવકવેરા અધિનિયમ ૧૯૬૧ના સ્થાને નવો એક્ટ લાવવાનો છે.
- આ ટાસ્ક ફોર્સ દ્વારા પોતાનો રિપોર્ટ કેન્દ્રીય નાણાંમંત્રી નિર્મલા સિતારમનને સોંપવામાં આવ્યો.
- આ ટાસ્ક ફોર્સ દ્વારા પોતાના રિપોર્ટમાં વ્યક્તિગત ટેક્સ અને કોર્પોરેટ ટેક્સના સ્લેબમાં પરીવર્તન અંગેની ભલામણ કરવામાં આવી છે.
- સેન્ટ્રલ બોર્ડ ઓફ ડાયરેક્ટ ટેક્સ આવક વેરા વિભાગની નીતિ નિર્માણ કરતી સંસ્થા છે.

**(૪) NCPCRદ્વારા યૌન શોષણ કીટનું નિર્માણ :**

- તાજેતરમાં રાષ્ટ્રીય બાળ અધિકાર સુરક્ષા આયોગ દ્વારા આઇઆઇટી કાનપુર સાથે મળીને બાળકો સાથે થતાં યૌન શોષણ વિશે જાગરૂકતા ફેલાવવાના હેતુથી એક ઇંટરૈક્ટિવ કીટનું નિર્માણ કરવામાં આવ્યું છે.
- આ કીટમાં કાર્ડ, પોસ્ટર, એનિમેશન ક્લિપ્સ અને ગેમનો સમાવેશ થાય છે.
- આ કિટનો ઉપયોગ શિક્ષકો અને NGO દ્વારા બાળકોમાં યૌન શોષણ વિશે માહિતી અને તેને અટકાવવા માટે કરવામાં આવશે.

**રાષ્ટ્રીય બાળ અધિકાર સુરક્ષા આયોગ :**

- રાષ્ટ્રીય બાળ અધિકાર સુરક્ષા આયોગ (NCPCR) એક વૈધાનિક સંસ્થા છે.
- તેની સ્થાપના બાલ અધિકાર સુરક્ષા આયોગ અધિનિયમ ૨૦૦૫ અંતર્ગત વર્ષ ૨૦૦૭મા કરવામાં આવી હતી.
- આ આયોગ કેન્દ્રીય મહિલા અને બાળ વિકાસ મંત્રાલય અંતર્ગત કાર્ય કરે છે.
- આ આયોગ ભારતીય બંધારણ અને સંયુક્ત રાષ્ટ્ર દ્વારા નક્કી કરેલ બાળ અધિકારોનું પાલન કરાવવાનું છે

પ્રશ્નો :

(૧) તાજેતરમાં કોના દ્વારા Greenpeace analysis Ranks Global $So_2$ Air Pollution નામનો એક રિપોર્ટ જાહેર કરવામાં આવ્યો છે ?
- આંતરરાષ્ટ્રીય પર્યાવરણ સંસ્થા ગ્રીનપીસ દ્વારા

(૨) આંતરરાષ્ટ્રીય પર્યાવરણ સંસ્થા ગ્રીનપીસ દ્વારા જાહેર કરવામાં આવેલ રિપોર્ટ મુજબ વિશ્વમાં સલ્ફર ડાયોક્સાઇડ ($So_2$) ના ઉત્પાદનમાં પ્રથમ ક્રમે કયો દેશ છે ?
- ભારત

(૩) ભારતમાં સલ્ફર ડાયોક્સાઇડ ($So_2$) નું સૌથી વધુ ઉત્પાદનમાં પ્રથમ સ્થાને કયું સ્થળ છે ?
- મધ્યપ્રદેશનું સિંગ્રોલી

(૪) તાજેતરમાં કોના દ્વારા ભારતીય સેના માટે મોબાઇલ મેટાલિક રેમ્પની ડિઝાઇન નિર્માણ કરવામાં આવ્યું ?
- ડીઆરડીઓ દ્વારા

(૫) DRDO નું પુરૂનામ જણાવો ?
- The Defence Research and Development Organisation

(૬) કેન્દ્ર સરકાર દ્વારા દેશમાં નવા Direct Tax Code (DTC) ના નિર્માણ માટે કોની અધ્યક્ષતામાં એક ટાસ્ક ફોર્સની રચના કરવામાં આવી હતી ?
- સેન્ટ્રલ બોર્ડ ઓફ ડાયરેક્ટ ટેક્સના સભ્ય અખિલેશ રંજનની

(૭) તાજેતરમાં રાષ્ટ્રીય બાળ અધિકાર સુરક્ષા આયોગ દ્વારા કોની સાથે મળીને બાળકો સાથે થતાં યૌન શોષણ કીટનું નિર્માણ કરવામાં આવ્યું છે ?
- આઇઆઇટી કાનપુર

(૮) રાષ્ટ્રીય બાળ અધિકાર સુરક્ષા આયોગની રચના કયાં અધિનિયમ અંતર્ગત કરવામાં આવી ?
- બાલ અધિકાર સુરક્ષા આયોગ અધિનિયમ ૨૦૦૫ અંતર્ગત

(૯) રાષ્ટ્રીય બાળ અધિકાર સુરક્ષા આયોગની સ્થાપના કયાં વર્ષમાં કરવામાં આવી ?
- વર્ષ ૨૦૦૭માં

## 23. August 2019

**(૧) State Rooftop Solar Attractiveness Index**

- તાજેતરમાં કેન્દ્રીય ઉર્જા મંત્રી રાજકુમાર સિંહ દ્વારા State Rooftop Solar Attractiveness Index જાહેર કરવામાં આવ્યો.
- આ ઇન્ડેક્સને કેન્દ્રીય નવીન અને નવીકરણીય ઉર્જા મંત્રાલય, શક્તિ સ્ટેનેબલ એનર્જી ફાઉન્ડેશન અને અન્સર્ટ એન્ડ યંગ દ્વારા સંયુક્ત રીતે તૈયાર કરવામાં આવ્યો છે.
- દેશમાં રૂફ ટોપ સૌર ઉર્જાને પ્રોત્સાહન આપવાના ઉદ્દેશ્યથી આ ઈન્ડેક્સ જાહેર કરવામાં આવ્યો છે
- આ ઇન્ડેક્સમાં કર્ણાટક રાજ્ય પ્રથમ સ્થાને ઇન્ડેક્સમાં બીજા અને ત્રીજા સ્થાને અનુક્રમે તેલંગાણા અને ગુજરાત છે.
- ઇન્ડેક્સમાં ચોથા સ્થાને આંધ્રપ્રદેશ છે.

**(૨) નવા કેબિનેટ સચિવ તરીકે રાજીવ ગૌબાની નિમણૂક :**

- તાજેતરમાં પ્રધાનમંત્રીશ્રી નરેન્દ્ર મોદીની અધ્યક્ષતામાં કેબિનેટ નિયુક્તિ સમિતિ દ્વારા નવા કેબિનેટ સચિવ તરીકે રાજીવ ગૌબાની નિમણૂક કરવામાં આવી.
- તેઓ પ્રદીપકુમાર સિંહાનું સ્થાન લેશે.
- રાજીવ ગૌબા હાલ ગૃહમંત્રાલયના સચિવ તરીકે કાર્યરત છે.
- તેઓ ૧૯૮૨ બેચના ઝારખંડ કેડરના આઇએએસ અધિકારી છે.
- તેઓ કેબિનેટ સચિવ તરીકે ૨ વર્ષ સેવા આપશે.
- કેબિનેટ સચિવ કેબિનેટ સચિવાલયના વહીવટી વડા હોય છે.
- આઝાદ ભારતના પ્રથમ કેબિનેટ સચિવ એન.આર. પિલ્લાઇ છે તેમણે વર્ષ ૧૯૫૦ થી ૧૯૫૩ સુધી સેવા આપી હતી.

**(૩) નવા સંરક્ષણ સચિવ તરીકે અજયકુમાર નિમણૂક**

- તાજેતરમાં પ્રધાનમંત્રીશ્રી નરેન્દ્ર મોદીની અધ્યક્ષતામાં કેબિનિટ નિયુક્તિ સમિતિ દ્વારા સંરક્ષણ સચિવ તરીકે અજય કુમારની નિમણૂક કરવામાં આવી.
- તેઓ સંજય મિત્રાનું સ્થાન લેશે.
- અજય કુમાર હાલ સંરક્ષણ ઉત્પાદન સચિવ તરીકે કાર્યરત છે.
- તેઓ ૧૯૮૨ બેચના પશ્ચિમ બંગાળ કેડરના આઇએએસ અધિકારી છે.
- તેઓ સંરક્ષણ સચિવ તરીકે ૨ વર્ષ સેવા આપશે.

**(૩) મધ્યપ્રદેશના પૂર્વ મુખ્યમંત્રી બાબુલાલ ગૌરનું નિધન :**

- ૨૧ ઓગસ્ટ ૨૦૧૯ના રોજ મધ્યપ્રદેશના પૂર્વ મુખ્યમંત્રી બાબુલાલ ગૌરનું નિધન થયું.
- તેમનો જન્મ ઉત્તરપ્રદેશના પ્રતાપગઢ ખાતે થયો હતો.
- તેઓ ભારતીય જનતા પાર્ટી સાથે સંકળાયેલા હતા.
- તેઓ પ્રથમ વખત વર્ષ ૧૯૭૪માં વિધાનસભાના સભ્ય તરીકે ચૂંટાઇ આવ્યા હતા.
- તેઓ ઓગસ્ટ ૨૦૦૪ થી નવેમ્બર ૨૦૦૫ સુધી મધ્યપ્રદેશના મુખ્યમંત્રી પદ પર રહ્યા હતા.

**(૪) નિષ્ઠા કાર્યક્રમ – કેન્દ્રીય માનવ સંસાધન વિકાસ મંત્રી રમેશ પોખરીયાત :**

- તાજેતરમાં કેન્દ્રીય માનવ સંસાધન વિકાસ મંત્રી રમેશ પોખરીયાલ દ્વારા ‘નિષ્ઠા નામથી એક કાર્યક્રમ લોન્ચ કરવામાં આવ્યો.
- નિષ્ઠા National Initiative on School Head’s and Teacher’s Holistic advancement એક વિશ્વનો સૌથી મોટો શિક્ષક તાલીમ કાર્યક્રમ છે.
- આ કાર્યક્રમ અંતર્ગત રમેશ પોખરિયાલ દ્વારા વેબસાઇટ, ટેનિંગ મોડ્યુલ, બુકલેટ અને મોબાઇલ એપ્લીકેશન લોન્ચ કરવામાં આવી.
- આ કાર્યક્રમ અંતર્ગત ૪૨ લાખથી વધુ શિક્ષકોને તાલીમ આપવામાં આવશે.
- આ મોબાઇલ એપ્લીકેશન NCERT દ્વારા તૈયાર કરવામાં આવી છે.
- NCERT- National Council of Educational Research and Training

**(૫) મહંત સંતશ્રી જીવરાજ બાપુનું નિધન : સત્તાધાર**

- તાજેતરમાં ગુજરાતના જુનાગઢ જિલ્લાના વિસાવદર તાલુકા ખાતેમાં આવેલ પ્રસિદ્ધ તીર્થધામ સત્તાધાર ખાતે આવેલ શ્રિઆપાગિગાની જગ્યાના મહંત સંતશ્રી જીવરાજ બાપુનું નિધન થયું.
- તેમનો જન્મ માધવપુર (ઘેડ)ના સારમા ખાતે થયો હતો.
- તેમનાં ગુરૂનું નામ શામજી બાપુ છે. શામજીબાપુ બાદ શ્રીઆપાગિગાની જગ્યાના મહંત સંતશ્રી જીવરાજ બાપુ બન્યા હતા.

પ્રશ્નો :

(૧) તાજેતરમાં કેન્દ્રીય ઉર્જા મંત્રી રાજકુમાર સિંહ દ્વારા રૂફ ટોપ સૌર ઉર્જાને પ્રોત્સાહન આપવાના ઉદ્દેશ્યથી કયો ઇન્ડેક્સ જાહેર કરવામાં આવ્યો ?
- State Rooftop Solar Attractiveness Index

(૨) તાજેતરમાં જાહેર કરવામાં આવેલ State Rooftop Solar Attractiveness Index પ્રથમ સ્થાને કયું રાજ્ય છે ?
- કર્ણાટક

(૩) તાજેતરમાં કેન્દ્રીય માનવ સંસાધન વિકાસ મંત્રી દ્વારા લોન્ચ કરવામાં આવેલ વિશ્વના સૌથી મોટો શિક્ષક તાલીમ કાર્યક્રમનું નામ જણાવો ?
- નિષ્ઠા

(૪) તાજેતરમાં કેન્દ્રીય માનવ સંસાધન વિકાસ મંત્રી દ્વારા લોન્ચ કરવામાં આવેલ વિશ્વનો સૌથી મોટો શિક્ષક તાલીમ કાર્યક્રમ નિષ્ઠાનું પુરૂનામ જણાવો ?
- National Initiative on School Head ‘s and Teacher’s Holistic Advancement

(૫) NCERT નું પુરૂનામ જણાવો ?
- National Council of Education Research and Training

(૬) તાજેતરમાં પ્રધાનમંત્રીશ્રી નરેન્દ્ર મોદીની અધ્યક્ષતામાં કેબિનિટ નિયુક્તિ સમિતિ દ્વારા નવા કેબિનેટ સચિવ તરીકે કોની નિમણૂક કરવામાં આવી ?
- રાજીવ ગૌબા

(૭) આઝાદ ભારતના પ્રથમ કેબિનેટ સચિવ જણાવો ?
- એન.આર. પિલ્લાઇ

(૮) તાજેતરમાં પ્રધાનમંત્રીશ્રી નરેન્દ્ર મોદીની અધ્યક્ષતામાં કેબિનેટ નિયુક્તિ સમિતિ દ્વારા નવા સંરક્ષણ સચિવ તરીકે કોની નિમણૂક કરવામાં અવી ?
- અજયકુમાર

(૯) તાજેતરમાં મધ્યપ્રદેશના પૂર્વ મુખ્યમંત્રી બાબુલાલ ગૌરનું નિધન થયું તે કયાં પક્ષ સાથે સંકળાયેલા હતા ?
- ભારતીય જનતા પાર્ટી

(૧૦) તાજેતરમાં પ્રસિદ્ધ તીર્થધામ સત્તાધાર ખાતે આવેલ શ્રી આપાગિગાની જગ્યાના મહંત સંતશ્રી જીવરાજ બાપુનું નિધન થયું તે સત્તાધાર કયાં જિલ્લામાં આવેલ છે ?
- જુનાગઢ

## 24. August 2019

**(૧) ઇન્ટરનેશનલ સ્લેબ ટ્રેડ સિમેમ્બરન્સ અને એન્ડિંગ ડે–૨૩ ઓગસ્ટ :**

- દર વર્ષે ૨૩ ઓગસ્ટના રોજ ઇન્ટરનેશનલ સ્લેવ ટ્રેડ રિમેમ્બરન્સ અને એન્ડિંગ ડેના ઉજવવામાં આવે છે.
- આ દિવસને ઉજવવાનો નિર્ણય ટ્રાન્સ એટલાન્ટિક ગુલામ વેપારને કારણે યુનેસ્કો દ્વારા લેવામાં આવ્યો હતો.
- આ દિવસ સેન્ટો ડોમિંગો (હાલ હૈતી) માં વર્ષ ૧૭૯૧માં ગુલામ મહિલાઓ અને પુરૂષો દ્વારા કરવામાં આવેલા બળવાની યાદમાં ઉજવવામાં આવે છે.

- આ લોકો આફ્રિકાથી લઇ ગયા હતા અને ગુલામ તરીકે વેચવામાં આવ્યા હતા.
- વર્ષ ૧૮૦૪માં તેમણે હૈતી ક્રાંતિ દ્વારા સંઘર્ષ કરીને આઝાદી મેળવી. આ ઘટના ઇતિહાસની સૌથી મહત્વપૂર્ણ ઘટનાઓમાંની એક હતી.
- યુનેસ્કોના એક્ઝિક્યુટિવ બોર્ડ દ્વારા તેના ૨૯મી સત્રમાં ૨૩ ઓગસ્ટના રોજ ઇન્ટરનેશનલ સ્લેવ ટ્રેડ રિમેમ્બરન્સ એન્ડ એન્ડિંગ ડે ઉજવવાનું નક્કી કરવામાં આવ્યું હતું.

**(૨) કવિ નર્મદ જન્મજયંતિ :**

- અર્વાચીન સાહિત્યયુગના આદિપુરૂષ તરીકે જાણીતા કવિ નર્મદની આજે જન્મજયંતિ
- તેમના જન્મ ૨૪ ઓગસ્ટ ૧૮૩૩ના રોજ ગુજરાતનાં સુરત ખાતે થયો હતો.
- તેમનું પુરૂનામ નર્મદશંકર લાલશંકર દવે છે.
- તેમના જન્મ દિવસને વિશ્વ ગુજરાતી ભાષા દિવસ તરીકે ઓળખવામાં આવે છે
- તેઓ ‘અર્વાચીનોમાં આદ્ય’ ‘વીર નર્મદ’ અર્વાચીન યુગનો અરૂણ’ જેવા ઉપનામથી જાણીતા છે.
- પ્રેમશૌર્ય તેમનું તખલ્લુસ છે. નર્મદે પોતાની ૨૩ વર્ષની ઉંમરે સાહિત્યની શરૂઆત કરી હતી.
- સૌપ્રથમ કવિ ચરિત્ર લખવાની શરૂઆત નર્મદે કરી હતી. તેઓએ ઉર્મિકાવ્યો, નિબંધ, આત્મકથા અને નાટકનું સર્જન કર્યું છે. નર્મદે, ‘ડાંડીયો’ નામના પાક્ષિકની શરૂઆત કરી હતી.
- તેમણે વર્ષ ૧૮૫૧માં મુંબઇ ખાતે બુદ્ધિવર્ધક સભાની સ્થાપના કરી હતી. વર્ષ ૧૮૫૬માં તેમણે તત્વશોધક સભાની સ્થાપના કરી હતી.

**(૩) BCCI દ્વારા પેટીએમને સ્પોન્સરશીપ :**

- તાજેતરમાં ભારતીય ક્રિકેટ કંટ્રોલ બોર્ડ દ્વારા ભારતીય ક્રિકેટ ટીમના દરેક મેચ જે ભારતમાં રમવામાં આવશે જેની સ્પોન્સરશીપ પેટીએમને આપવામાં આવી.
- ભારતીય ક્રિકેટ કંટ્રોલ બોર્ડ દ્વારા પેટીએમને પાંચ વર્ષ માટે સ્પોન્સશીપ આપવામાં આવી છે.
- આ માટે પેટીએમ ૩૨૬.૮૦ કરોડ રૂપિયા ચૂકવશે.
- પેટીએમ ઇકોમર્સ પેમેન્ટ સિસ્ટમ અને ડિજિટલ વોલેટ છે.
- તેની સ્થાપના વર્ષ ૨૦૧૦માં વિજય શેખર શર્મા દ્વારા કરવામાં આવી હતી.
- હાલ વિજય શેખર શર્મા પેટીએમના સીઇઓ છે.
- પેટીએમનું મુખ્યાલય ઉત્તરપ્રદેશના નોઇડા ખાતે આવેલ છે.

**(૪) ગૃહમંત્રાલયના ગૃહ સચિવ અજયકુમાર ભલ્લાની નિમણૂક**

- તાજેતરમાં પ્રધાનમંત્રીશ્રી નરેન્દ્ર મોદીની અધ્યક્ષતામાં કેબિનેટ નિયુક્તિ સમિતિ દ્વારા કેન્દ્રીય ગૃહ મંત્રાલયના ગૃહ સચિવ તરીકે અજયકુમાર ભલ્લાની નિમણૂક કરવામાં આવી.
- તેઓ રાજીવ ગૌબાનું સ્થાન લેશે.
- અજયકુમાર ભલ્લાની નિમણૂક ૨ વર્ષ માટે કરવામાં આવી છે.
- અજયકુમાર ભલ્લા હાલ કેન્દ્રીય ગૃહ મંત્રાલયમાં ઓફિસર ઓન સ્પેશિયલ ડ્યુટી કાર્યરત છે.
- કેન્દ્રીય ગૃહ મંત્રાલયમાં ઓફિસર ઓન સ્પેશિયલ ડ્યુટી તરીકે તેમની નિમણૂક ૨૪ જુલાઇ ૨૦૧૯ના રોજ કરવામાં આવી હતી.
- અજયકુમાર ભલ્લા ૧૯૮૪ બેચના આસામ મેઘાલય કેડરના આઇએએસ અધિકારી છે.

**(૫) ચંદ્રયાન – ૨ દ્વારા ચંદ્રનો પ્રથમ ફોટોગ્રાફ :**

- તાજેતરમાં ઇસરો દ્વારા લોન્ચ કરવામાં આવેલ ચંદ્રયાન–૨ દ્વારા ચંદ્રનો પ્રથમ ફોટોગ્રાફ પૃથ્વી પર મોકલવામાં આવ્યો.
- આ ફોટો ઇસરો દ્વારા પોતાના ટ્વિટર હેન્ડલ પર જાહેર કરવામાં આવ્યો હતો
- આ ફોટોમાં આપોલો ક્રેટર અને મેયર ઓરિએન્ટલ બેસિન દ્રશ્યમાન થાય છે.
- આ ફોટો ચંદ્રયાન – ૨ દ્વારા ચંદ્રથી આશરે ૨૬૫૦ કિમીની ઊંચાઇ પરથી લેવામાં આવ્યો છે.
- થોડા સમય અગાઉ જ ચંદ્રયાન – ૨એ ચંદ્રની કક્ષામાં પ્રવેશ કર્યો હતો.

**ચંદ્રયાન – ૨**

- ઇસરો દ્વારા ૨૨ જુલાઇ ૨૦૧૯ના રોજ બપોરે ૨.૪૩ કલાકે આંધ્રપ્રદેશના શ્રી હરિકોટા ખાતે આવેલ સતિષ ધવન સ્પેસ સ્ટેશન ખાતે આવેલ બીજા લોન્ચિંગ પેડ પરથી ચંદ્રયાન – ૨ લોન્ચ કરવામાં આવ્યું હતું.
- ચંદ્રયાન–૨ સંપૂર્ણ રીતે સ્વદેશી છે. ચંદ્રયાન–૨માં ભારતીય રોવર ચંદ્રના દક્ષિણ ધ્રુવ પર પાણીની શોધ અને વાતાવરણનો અભ્યાસ કરશે.
- ચંદ્રયાન –૨ને GSLV-Mk III (geosynchronous Satellite Launch Vehicle Mark-III ની મદદથી લોન્ચ કરવામાં આવ્યું છે.
- ચંદ્રયાન–૨ માં ઉપયોગમાં લેવાયેલ લેન્ડરનું નામ વિક્રમ છે. લેન્ડરનું નામ ઇસરોના સ્થાપક વિક્રમ સારાભાઇના નામ પરથી રાખવામાં આવ્યું છે.
- ચંદ્રયાન–૨માં ઉપયોગમાં લેવાયેલ રોવરનું નામ પ્રજ્ઞાન છે. પ્રજ્ઞાન સંસ્કૃત ભાષાનો શબ્દ છે જેનો અર્થ બુદ્ધિમત્તા થાય છે.

**(૬) પાકિસ્તાનને ફાયનાન્સ એક્શન ટાસ્ક ફોર્સ દ્વારા બ્લેક લિસ્ટ કરાયું :**

- તાજેતરમાં આતંકી ફંડિંગ અને મની લૉન્ડ્રીગમાં અસફળ રહેનાર પાકિસ્તાનને ફાયનાન્સ એક્શન ટાસ્ક ફોર્સ દ્વારા બ્લેક લિસ્ટમાં મૂકવામાં આવ્યું.
- આ અગાઉ FATE દ્વારા પાકિસ્તાનને ગ્રે લીસ્ટમાં મૂકવામાં આવ્યું.
- ફાયનાન્સ એક્શન ટાસ્ક ફોર્સ (FATE) દ્વારા પાકિસ્તાનને બ્લેક લિસ્ટમાં મૂક્યા બાદ હવે પાકિસ્તાનને આંતરરાષ્ટ્રીય મુદ્રા બેન્ક, વિશ્વ બેન્ક, એશિયા વિકાસ બેન્ક જેવી વૈશ્વિક નાણાકીય સંસ્થાઓ દ્વારા નાણાકીય સહાય આપવામાં આવશે નહીં.

**ફાયનાન્સ એક્શન ટાસ્ક ફોર્સ (FATE)**

- ફાયનાન્સ એક્શન ટાસ્ક ફોર્સ (FATE) એક આંતરરાષ્ટ્રીય સંસ્થા છે.
- તેની સ્થાપના વર્ષ ૧૯૮૯માં મની લૉન્ડ્રીંગ અને નાણાંના ગેરકાયદેસર ફંડિંગને રોકવા માટે કરવામાં આવી હતી.
- વર્ષ ૨૦૦૧મ ટેરર ફંડિંગને રોકવા માટે નીતિ બનાવવાનું કાર્ય પણ તેને સોંપવામાં આવ્યું હતું.
- તેનું મુખ્યાલય ફ્રાંસની રાજધાની પેરિસ ખાતે આવેલ છે.
- હાલ માર્શલ બિલિંગ્સી તેના અધ્યક્ષ છે.
- હાલ વિશ્વના ૩૯ દેશો તેના સભ્ય છે.

પ્રશ્નો :

(૧) ઇન્ટરનેશનલ સ્લેવ ટ્રેડ રિમ્મ્બરન્સ અને એનડિંગ ડે ક્યારે ઉજવવામાં આવે છે ?

Vivekanand Academy Gandhinagar

– દર વર્ષે ર૩ ઓગસ્ટના રોજ

(ર) ઇન્ટરનેશનલ સ્લેવ ટ્રેડ રિમેમ્બરન્સ અને અન્ડિંગ ડે કઇ સંસ્થા દ્વારા ઉજવવામાં આવે છે ?

– યુનેસ્કો

(૩) કવિ નર્મદનો જન્મ ક્યાં થયો હતો ?

– ગુજરાતનાં સુરત ખાતે

(૪) કવિ નર્મદનું પુરૂનામ જણાવો ?

– નર્મદશંકર લાલશંકર દવે

(૫) મુંબઇ ખાતે બુદ્ધિવર્ધન સભાની સ્થાપના કોના દ્વારા કરવામાં આવી હતી ?

– કવિ નર્મદ

(૬) તાજેતરમાં ભારતીય ક્રિકેટ કંટ્રોલ બોર્ડ દ્વારા ભારતીય ક્રિકેટ ટીમના દરેક મેચ જે ભારતમાં રમવામાં આવશે તેની સ્પોન્સરશીપ કોને આપવામાં આવી ?

– પેટીએમ

(૭) પેટીએમની સ્થાપના કોના દ્વારા કરવામાં આવી હતી ?

– વિજય શેખર શર્મા દ્વારા વર્ષ ર૦૧૦માં

(૮) તાજેતરમાં પ્રધાનમંત્રીશ્રી નરેન્દ્ર મોદીની અધ્યક્ષતામાં કેબિનેટ નિયુક્તિ દ્વારા કેન્દ્રિય ગૃહમંત્રાલયના ગૃહસચિવ તરીકે કોની નિમણૂક કરવામાં આવી ?

– અજયકુમાર ભલ્લા

(૯) ઇસરોએ ચંદ્રયાન– ર ક્યાથી લોન્ચ કરવામાં આવ્યું હતું ?

– આંધ્રપ્રદેશના શ્રીહરિકોટા ખાતે આવેલ સતિષ ધવન સ્પેસ સ્ટેશન ખાતેથી

(૧૦) ઇસરો દ્વારા તાજેતરમાં ચંદ્રયાન – રને GSLV-mk III દ્વારા લોન્ચ કરવામાં આવ્યું છે જે GSLV-mk III નું પુરૂનામ જણાવો ?

– Geosynchronous Satellite Launch Vehicle Mark III

(૧૧) તાજેતરમાં કયા દેશને ફાયનાન્સ એક્શન ટાસ્ક ફોર્સ દ્વારા બ્લેક લિસ્ટમાં મૂકવામાં આવ્યું ?

– પાકિસ્તાન

(૧ર) ફાયનાન્સ એક્શન ટાસ્ક ફોર્સની સ્થાપના કયાં વર્ષમાં કરવામાં આવી હતી ?

– ૧૯૮૯માં

(૧૩) ફાયનાન્સ એક્શન ટાસ્ક ફોર્સનું મુખ્યાલય કયાં આવેલ છે ?

– ફ્રાંસની રાજધાની પેરિસ ખાતે

## 25. August 2019

**(૧) શ્રી અરૂણ જેટલીનું નિધન :**

– ભારતીય જનતા પાર્ટીના દિગ્ગજ નેતા અને દેશના પૂર્વ નાણામંત્રીશ્રી અરૂણ જેટલીનું નિધન ર૪ ઓગસ્ટ ર૦૧૯ના રોજ થયું.

– તેમનો જન્મ ર૮ ડિસેમ્બર ૧૯પરના રોજ દિલ્હી ખાતે થયો હતો.

– તેમના માતાનું નામ રતનપ્રભા જેટલી હતું અને તેમના પિતાનું નામ મહારાજ કિશન જેટલી હતું.

– વર્ષ ૧૯૭૦માં તેઓએ પોતાના રાજનૈતિક જીવનની શરૂઆત કરી હતી તેજ વર્ષમાં તેઓ અખિલ વિદ્યાર્થી પરિષદ (ABVP)માં જોડાયા હતા.

– વર્ષ ૧૯૭૪માં તેઓ દિલ્લી યુનિવર્સિટી વિદ્યાર્થી પાંખના અધ્યક્ષ બન્યા હતા.

– વર્ષ ૧૯૭૫ થી ૧૯૭૭ સુધીના સમયમાં તેઓ દેશમાં ઇમરજન્સી દરમ્યાન ૧૯ મહિના જેલમાં રહ્યા હતા.

– વર્ષ ૧૯૭૭માં તેઓ અખિલ ભારતીય વિદ્યાર્થી પરિષદ (ABVP)ના રાષ્ટ્રીય સચિવ બન્યા હતા. તેઓએ વર્ષ ૧૯૭૭ના પોતાની લૉ ડિગ્રી મેળવી હતી.

– વર્ષ ૧૯૮૯માં તેઓને વીપી સિંહ સરકારમાં એડિશનલ સોલિસ્ટર જનરલ નિયુક્ત કરવામાં આવ્યા હતા.

– વર્ષ ૧૯૯૦માં તેઓ દિલ્લી હાઇકોર્ટના વકીલ બન્યા હતા.

– વર્ષ ૧૯૯૯માં વાજપેયી સરકારમાં મંત્રી બન્યા હતા. વાજપેયી સરકાર દ્વારા અરૂણ જેટલી સૂચના અને પ્રસારણ રાજ્ય મંત્રી અને કાયદા મંત્રી તરીકે રહ્યા હતા.

– વર્ષ ર૦૦૦ થી એપ્રિલ ર૦૧૮ સુધી તેઓ ગુજરાત રાજ્ય તરફથી રાજ્યસભા સભ્ય રહ્યા હતા.

– વર્ષ ર૦૦૯ થી વર્ષ ર૦૧૪ દરમ્યાન રાજ્યસભામાં વિપક્ષી નેતા તરીકે રહ્યા હતા.

– વર્ષ ર૦૧૪માં તેઓ મે ર૦૧૪ થી ર૦૧૯ દરમ્યાન રાજ્યસભાના નેતા તરીકે રહ્યા હતા.

– તેઓ મે ર૦૧૪ થી મે ર૦૧૯ દરમ્યાન દેશના નાણાં મંત્રી રહ્યા હતા.

– તેઓ મે ર૦૧૪ થી નવેમ્બર ર૦૧૪ દરમ્યાન અને માર્ચ ર૦૧૭થી સપ્ટેમ્બર ર૦૧૭ દરમ્યાન નવેમ્બર મોદી સરકારમાં સંરક્ષણ મંત્રી રહ્યા હતા.

– નવેમ્બર ર૦૧૪ થી જુલાઇ ર૦૧૬ દરમ્યાન તેઓ નરેન્દ્ર મોદી સરકારમાં સૂચના અને પ્રસારણ મંત્રી રાજ્ય હતા.

– વર્ષ ર૦૧૮માં તેઓ ઉત્તરપ્રદેશ રાજ્ય તરફથી રાજ્યસભા તરફથી સભ્ય બન્યા હતા.

અરૂણ જેટલીના નાણામંત્રી તરીકેના કાર્યકાળ દરમ્યાન લેવાયેલ ઐતિહાસિક નિર્ણયો

– પ્રધાનમંત્રી મુદ્રા યોજના

– નોટબંધી

– જીએસટી

– એફડીઆઇ (Foreign direct Investment)

**(ર) આરોહી પંડિત –લાઇટ સ્પોર્ટ્સ એરક્રાફટ દ્વારા એકલા પ્રશાંત મહાસાગર પાર કરનાર પ્રથમ મહિલા :**

– તાજેતરમાં ભારતીય મહિલા પાયલોટ કેપ્ટર આરોહી પંડિત માહિ નામના લાઇટ સ્પોર્ટ્સ એરક્રાફટ દ્વારા કોઇ અન્ય પાયલોટની સહાય વિના એકલા એટલાન્ટીક મહાસાગર અને પ્રશાંત મહાસાગર પાર કરનાર પ્રથમ મહિલા બની.

– તેણીએ અલાસ્કાના ઉનાલાકલીત શહેરથી ઉડાન ભરી રશિયાના સુદૂર પૂર્વક્ષેત્ર ચૂકોત્કાના અનાદીર એરપોર્ટ ખાતે લેંડિંગ કર્યું હતું.

– તેણીએ મે ર૦૧૯માં એટલાન્ટિક મહાસાગર પાર કર્યો હતો.

– તેની આ ઉપલબ્ધિ “Women Empower (WE) Expedition” નો એક ભાગ છે.

– આરોહી પંડિત અગાઉ લાઇટ સ્પોર્ટ્સ એરક્રાફટ દ્વારા પાકિસ્તાનની ધરતી પર ઉતરાણ કરનાર પ્રથમ ભારતીય મહીલા પાઇલોટ બની હતી.

– આરોહી પંડિત મુંબઇની વતની છે.

– આરોહી પંડિતે અન્ય મહિલા પાયલોટ કેપ્ટન કિથહેયર મિસક્વિતા સાથે મળી વર્ષ ર૦૧૮માં હવાઇ માર્ગે ૩૭૦૦૦ કિમીની વિશ્વ યાત્રા શરૂ કરી હતી.

**(૩) વીર રાસ રમવાનો વર્લ્ડ રેકોર્ડ – ભૂચર મોરી મેદાન :**

- તાજેતરમાં ગુજરાત રાજ્યના જામનગર જિલ્લાના ધ્રોલ તાલુકામાં આવેલ ઐતિહાસિક સ્થળ ભૂચર મોરીના મેદાનમાં રાજપૂત સમાજના ૨૦૦૦ જેટલા બહેનો દ્વારા વીર રાસ રમવાનો વર્લ્ડ રેકોર્ડ બનાવવામાં આવ્યો.
- રાજપૂત સમાજના ૨૦૦૦ જેટલા બહેનોએ એક સાથે મળી હાથમાં તલવાર લઇને વીર રાસ રમી ભૂચર મોરીના યુદ્ધમાં શહીદ થયેલ મહાન શહીદોને વિરાંજલી આપવામાં આવી.
- રાજપુત વીરાંગનાઓ દ્વારા તલવારથી વીર રાસ રમી ગુજરાતના રાજપૂત સમાજ સાથે ગુજરાત અને સમગ્ર દેશનું નામ વર્લ્ડ બુક ઓફ રેકોર્ડમાં અંકિત કરવામાં આવ્યું.
- ભૂચર મોરી મેદાન ખાતે આશરે ૪૦૦ વર્ષ પૂર્વે વિક્રમ સંવત ૧૬૪૮ માં જામનગરના રાજવી શ્રી જામ સતાજી અને મુઘલ શાસક અકબરના સૈન્ય વચ્ચે યુદ્ધ થયું હતું જે ભૂચર મોરીના યુદ્ધ તરીકે જાણીતું છે.
- શૌર્ય અને બલિદાનથી સુવર્ણ અક્ષરે અંકિત થયેલ આ યુદ્ધ સંવત ૧૬૪૮ ની શ્રાવણ વદ સાતમના દિવસે પૂર્ણ થયું હતું.
- ગુજરાતના લોકસાહિત્યકાર રાષ્ટ્રીય શાયશ્રી ઝવેરચંદ મેઘાણીએ આ યુદ્ધ પરથી ‘સંરાંગણ’ નામની કૃતિ રચી હતી.
- ભૂચર મોરીના યુદ્ધમાં શહીદ થયેલ મહાન શહીદોના સન્માનમાં ગુજરાત સરકાર દ્વારા વર્ષ ૨૦૧૬માં ૬૭માં વન મહોત્સવ અંતર્ગત સાંસ્કૃતિક વન ‘શહીદ વન’ નું નિર્માણ કર્યું હતું જે જામનગર જિલ્લાના ધ્રોલ તાલુકામાં ભૂચર મોરી ખાતે આવેલ છે.

(૪) ડાયરી ઓફ મનુ ગાંધી પુસ્તકનું વિમોચન :

- તાજેતરમાં કેન્દ્રીય સંસ્કૃતિ અને પર્યટન મંત્રી પ્રહલાદ સિંહ પટેલ દ્વારા નવા દિલ્હી ખાતે ડાયરી ઓફ મનુ ગાંધી (૧૯૪૩–૪૪) નામના પુસ્તકનું વિમોચન કરવામાં આવ્યું.
- આ પુસ્તક ભારતીય રાષ્ટ્રીય અભિલેખાગાર અને ઓક્સફોર્ડ યુનિવર્સિટી પ્રેસ દ્વારા સાથે મળી લોન્ચ કરવામાં આવ્યું છે.
- ધ ડાયરી ઓફ મનુ ગાંધી પુસ્તક વાસ્તવિક રૂપે ગુજરાતીમાં લખવામાં આવ્યું હતું આ પુસ્તકનો અંગ્રેજી અનુવાદ ત્રિદીપ સુહૃદ દ્વારા કરવામાં આવ્યું છે.
- આ પુસ્તકમાં મુખ્યત્વે ગાંધીજી અને મનુ ગાંધીના જીવનનું વર્ણન કરવામાં આવ્યું છે.
- મનુ ગાંધી (મૃદૂલા ) મહાત્મા ગાંધીના ભત્રીજા જયસુખલાલ અમૃતાલાલ ગાંધીની પુત્રી છે. મનુ ગાંધી ગાંધીજીના સહયોગી હતા.
- તેઓ કસ્તુરબા ગાંધીના સહયોગી પણ હતા.

પ્રશ્નો :

(૧) ભારતીય જનતા પાર્ટીના દિગ્ગજ નેતા અને દેશના પૂર્વ નાણામંત્રીશ્રી અરૂણ જેટલીનો જન્મ ક્યાં થયો હતો ?
- દિલ્હી ખાતે

(૨) શ્રી અરૂણ જેટલીને કઇ સરકારમાં એડિશનલ સોલિસ્ટર જનરલ નિયુક્ત કરવામાં આવ્યા હતા.
- વી.પી.સિંહ સરકારમાં

(૩) ભારતીય અર્થવ્યવસ્થામાં જીએસટી, નોટબંધી જેવા ઐતિહાસિક નિર્ણયો લેવાયા ત્યારે દેશના નાણાં મંત્રી કોણ હતા ?
- શ્રી અરૂણ જેટલી

(૪) લાઇટ સ્પોર્ટ્સ એરક્રાફ્ટ દ્વારા કોઇ અન્ય પાયલોટની સહાય વિના એકલા એટલાન્ટીક મહાસાગર અને પ્રશાંત મહાસાગર પાર કરનાર પ્રથમ મહિલા ?
- આરોહી પંડિત

(૫) લાઇટ સ્પોર્ટ્સ એરક્રાફ્ટ દ્વારા પાકિસ્તાનની ધરતી પર ઉતરાણ કરનાર પ્રથમ ભારતીય મહિલા પાયલોટ ?
- આરોહી પંડિત

(૬) તાજેતરમાં ભારતીય મહિલા પાયલોટ કેપ્ટન આરોહી પંડિત લાઇટ સ્પોર્ટ્સ એરક્રાફ્ટ દ્વારા કોઇ અન્ય પાયલોટની સહાય વિના એકલા એટલાન્ટીક મહાસાગર અને પ્રશાંત મહાસાગર પાર કરનાર પ્રથમ મહિલા બની તે એરક્રાફ્ટનું નામ જણાવો ?
- માહિ

(૭) વિક્રમ સંવત ૧૬૪૮માં લડાયેલ પ્રસિદ્ધ ભૂચર મોરીના મેદાનમાં લડાયું હતું તે મેદાન ગુજરાતનાં કયા જિલ્લામાં આવેલ છે છે ?
- જામનગર

(૮) તાજેતરમાં ગુજરાત રાજ્યના ક્યાં સ્થળે રાજપૂત સમાજના ૨૦૦૦ જેટલા બહેનો દ્વારા વીર રાસ રમવાનો વર્લ્ડ રેકોર્ડ બનાવવામાં આવ્યો ?
- જામનગર જિલ્લાના ધ્રોલ તાલુકામાં આવેલ ઐતિહાસિક સ્થળ ભૂચર મોરીના મેદાનમાં

(૯) ભૂચર મોરીના યુદ્ધમાં શહીદ થયેલ મહાન શહીદોના સન્માનમાં ગુજરાત સરકાર દ્વારા વર્ષ ૨૦૧૬માં માં ૬૭માં વન મહોત્સવ અંતર્ગત ક્યાં સાંસ્કૃતિક વન નિર્માણ કર્યું હતું.
- શહીદ વન

(૧૦) ડાયરી ઓફ મનુ ગાંધી (૧૯૪૩–૪૪) નામન પુસ્તકનું વિમોચન કોના દ્વારા કરવામાં આવ્યું ?
- કેન્દ્રીય સંસ્કૃતિ અને પર્યટન મંત્રી પ્રહલાદસિંહ પટેલ દ્વારા

(૧૧) ડાયરી ઓફ મનુ ગાંધી (૧૯૪૩–૪૪) નામના પુસ્તકનું અંગ્રેજી અનુવાદ કોના દ્વારા કરવામાં આવ્યું છે ?
- ત્રિદીપ સુહૃદ દ્વારા

## 26. August 2019

**(૧) મધર ટેરેસા– જન્મજયંતિ :**

- મહાન સમાજસેવી ભારત રત્ન મધર ટેરેસાની આજે ૧૦૯ મી જન્મજયંતિ.
- તેમનો જન્મ ૨૬ ઓગસ્ટ ૧૯૧૦ના રોજ યુગોસ્લોવિયામાં થયો હતો.
- તેમનું મૂળનામ અંન્ગેસ ગોનકશા બોજાશિયો હતું.
- તેઓ ૧૮ વર્ષની વયે ખ્રિસ્તી ધર્મમાં જોડાયા અને સાધ્વી બન્યા.
- તેમણે મશીનરી ઓફ ચેરિટી નામની સંસ્થાની સ્થાપના કરી હતી હાલ સુધીમાં આ સંસ્થાએ ૧૨૩ દેશોમાં લાખો લોકોની મદદ કરી છે.
- વર્ષ ૧૯૨૯માં તેઓ ભારત આવ્યા અને સમાજ સેવાની શરૂઆત કરી.
- ભારત સરકાર દ્વારા તેમને નાગરિકતા આપવામાં આવી હતી ભારત ઉપરાંત એંટોમન, સર્બિયા બલ્ગેરીયા જેવા દેશોએ તેમને નાગરિકતા આપી હતી.
- વર્ષ ૧૯૫૦ તેમણે ભારતના કોલકત્તા ખાતે મશીનરી ઓફ ચેરીટી નામની સંસ્થા સ્થાપી હતી.
- વર્ષ ૧૯૫૨માં તેમણે ‘નિર્મળ હૃદય’ નામના આશ્રમની શરૂઆત કરવામાં આવી હતી આ આશ્રમમાં નિશુલ્કમેડિકલ સેવાઓ આપવામાં આવે છે.
- ૫ સપ્ટેમ્બર ૧૯૯૭ના રોજ પશ્ચિમ બંગાળના કોલકત્તા ખાતે તેમનું નિધન થયું હતું.

- મધર ટેરેસાને તેમની સેવાઓ બદલ વિશ્વના વિવિધ રાષ્ટ્રો દ્વારા અલગ અલગ સન્માનથી સન્માનીત કરવામાં આવ્યા છે.
- ભારત સરકાર દ્વારા તેમની ૧૦૦મી જન્મજયંતિ નીમિત્તે ૫ રૂપિયાનો સ્મારક સિક્કા જાહેર કરવામાં આવ્યા હતા.
- મધર ટેરેસાને મળેલ સન્માન :
- પદ્મશ્રી (વર્ષ ૧૯૬૨)
- જવાહરલાલ નહેરૂ એવોર્ડ (વર્ષ ૧૯૬૯)
- નોબેલ પુરસ્કાર (વર્ષ ૧૯૭૯માં શાંતિ અને સદ્ભાવના ક્ષેત્રે)
- ભારત રત્ન (વર્ષ ૧૯૮૦)
- રોમન મેગ્સેસ એવોર્ડ (વર્ષ ૧૯૬૨)
- પોપજહોન પીસ પ્રાઇઝ (વર્ષ ૧૯૭૧)

**(૨) પ્રોજેક્ટ SU.RE – સ્મૃતિ ઇરાની**

- તાજેતરમાં કેન્દ્રીય કાપડ મંત્રી સ્મૃતિ ઇરાની દ્વારા મુંબઇ ખાતે પ્રોજેક્ટ SU.RE લોન્ચ કરવામાં આવ્યો.
- આ પ્રોજેક્ટ સતત ફેશન તરફ અગ્રેસરતા અને સ્વચ્છ પર્યાવરણ માટે યોગદાનના ઉદ્દેશ્યથી લોન્ચ કરવામાં આવ્યો છે.
- પ્રોજેક્ટ SU.RE નું પુરૂનામ Suatainable Resolution" છે.
- કાપડ ઉદ્યોગ દ્વારા શરૂ કરવામાં આવેલ આ પ્રોજેક્ટને ભારતીય કાપડ નિર્માતા સંઘ (CMAI) સંયુક્ત રાષ્ટ્ર સંઘ ભારત, ભારતીય ટેક્સટાઇલ નિર્માતા સંઘ અને લેકમે ફેશન વીકના આયોજન કરતાં શરૂ કરવામાં આવ્યો છે.
- આ પ્રોજેક્ટ અંતર્ગત કાપડ ઉદ્યોગમાં કાર્બન ઉત્સર્જનનો ઘટાડો કરવાના કચરો અને પાણીની વ્યવસ્થામાં કુશળતા લાવવાના પ્રયાસો કરવામાં આવશે.

**(૩) પી.વી. સિંધુ -BWF વર્લ્ડ ચેમ્પિયનશીપ ૨૦૧૯**

- તાજેતરમાં પી.વી. સિંધુએ BWFવર્લ્ડ ચેમ્પિયનશીપ ૨૦૧૯માં ગોલ્ડ મેડલ જીત્યો.
- BWF વર્લ્ડ ચેમ્પિયનશીપ ૨૦૧૯નું આયોજન સ્વિત્ઝર્લેન્ડના બેસેલ ખાતે થયું હતું.
- આ સાથે જ પી.વી. સિંધુ BWF વર્લ્ડ ચેમ્પિયનશીપમાં ગોલ્ડ જીતનાર પ્રથમ ભારતીય બની છે.
- તેમણે BWF વર્લ્ડ ચેમ્પિયનશીપ ૨૦૧૯ની ફાઇનલમાં જાપાનની નોઝોમી ઓકુહારાને હરાવી જીત મેળવી હતી.
- પીવી સિંધુનો જન્મ ૫ જુલાઇ ૧૯૯૫ના રોજ તેલંગાણાના હૈદરાબાદ ખાતે થયો હતો.
- તેમણે વર્ષ ૨૦૧૬ માં ભારત સરકાર દ્વારા તેમને પદ્મશ્રીથી સનમાનથી સન્માનીત કરવામાં આવ્યા હતા.

**(૪) ગોકુલમ કેરલ એફ.સી. – ડુરંડ કપ – ૨૦૧૯**

- પશ્ચિમ બંગાળમાં કલકત્તા ખાતે ફૂટબોલ ટુર્નામેન્ટ ડુરંડ કપ ૨૦૧૯નું આયોજન ૨ ઓગસ્ટથી ૨૩ ઓગસ્ટ ૨૦૧૯ દરમ્યાન કરવામાં આવ્યું હતું.
- આ ટુર્નામેન્ટમાં ગોકુલમ કેરલ એફ.સી. એ. મોહન બાગાનને હરાવી વિજય મેળવ્યો.
- ટુર્નામેન્ટનું આયોજન પશ્ચિમ બંગાળના કલકત્તા, સિલગુડી અને કલ્યાણીના પાંચ સ્ટેડિયમ ખાતે કરવામાં આવ્યું હતું.
- ડુરંડ કપ એશિયાન સૌથી જૂની અને વિશ્વની ત્રીજા ક્રમની સૌથી જૂની ટુર્નામેન્ટ છે.
- ડુરંડ કપનું આ ૧૨૯ મુ આયોજન છે.
- તેનું પ્રથમ આયોજન વર્ષ ૧૮૮૮માં કરવામાં આવ્યું હતું.
- આ ટુર્નામેન્ટનું આયોજન ડુરંડ ફૂટબોલ ટુર્નામેન્ટ સોસાયટી અને એસોસિએશન દ્વારા કરવામાં આવે છે.
- ઇસ્ટ બંગાલ અને મોહન બાગાન આ ટુર્નામેન્ટની સૌથી સફળ ટીમ છે. બંને ટીમે ૧૬-૧૬ વખત ડુરંડ કપ જીત્યો છે.

**પશ્ચિમ બંગાળ :**

- રાજ્યપાલ – જયદીપ ધનકર
- મુખ્યમંત્રી – મમતા બેનર્જી
- રાજધાની – કલકત્તા
- હાઇકોર્ટ – કલકત્તા હાઇકોર્ટ
- વસ્તીની દ્રષ્ટિએ ક્રમ – ૪
- વિસ્તારની દ્રષ્ટિએ ક્રમ – ૧૪

પ્રશ્નો :

(૧) સમાજસેવા ભારત રત્ન મધર ટેરેસાનો જન્મ કયાં થયો હતો ?
- યુગોસ્લોવિયામાં

(૨) મધર ટેરેસાનું મૂળનામ જણાવો ?
- અંન્ગ્રેસ ગોનકશા બોજાશિયો

(૩) મશીનરી ઓફ ચેરિટી નામની સંસ્થાની સ્થાપના કોણે કરી હતી ?
- મધર ટેરેસા

(૪) ભારત સરકાર દ્વારા મધર ટેરેસાની ૧૦૦મી જન્મજયંતિ નીમિત્તે કેટલા રૂપિયાના સ્મારક સિક્કા જાહેર કરવામાં આવ્યા હતા ?
- ૫ રૂપિયાનો

(૫) તાજેતરમાં કોના દ્વારા મુંબઇ ખાતે પ્રોજેક્ટ SU.RE લોન્ચ કરવામાં આવ્યો ?
- કેન્દ્રીય કાપડ મંત્રી સ્મૃતિ ઇરાની દ્વારા

(૬) પ્રોજેક્ટ SU.RE નું પુરૂનામ જણાવો ?
- Suatainable Resolution

(૭) BWF વર્લ્ડ ચેમ્પિયનશીપમાં ગોલ્ડ જીતનાર પ્રથમ ભારતીયનું નામ જણાવો ?
- પી.વી. સિંધુ

(૮) BWF વર્લ્ડ ચેમ્પિયનશીપમાં ગોલ્ડ જીતનાર પ્રથમ ભારતીયનું નામ જણાવો ?
- સ્વિત્ઝરલેન્ડના બેસેલ ખાતે

(૯) પી.વી. સિંધુનો જન્મ કયાં થયો હતો ?
- તેલંગાણાના હૈદરાબાદ ખાતે

(૧૦) ફૂટબોલ ટુર્નામેન્ટ ડુરંડ કપ ૨૦૧૯ કઇ ટીમ વિજેતા બની ?
- ગોકુલમ કેરલ એફ.સી

(૧૧) ડુરંડ કપનું પ્રથમ આયોજન કયાં વર્ષમાં થયું હતું ?
- વર્ષ ૧૮૮૮માં

(૧૨) પશ્ચિમ બંગાળના રાજ્યપાલ કોણ છે ?
- જયદીપ ધનકર

## 27. August 2019

**(૧) મન કી બાત ૨.૦**

- પ્રધાનમંત્રીશ્રી નરેન્દ્ર મોદીએ ૧૭મી લોકસભાની ચૂંટણીબાદ ત્રીજી વખત મન કી બાતથી દેશની જનતાને સંબોધી.
- પ્રધાનમંત્રીશ્રી નરેન્દ્ર મોદીએ બીજી વખત પ્રધાનમંત્રી તરીકે પદ સાંભળ્યા બાદ આ કાર્યક્રમ મન કી બાત ૨.૦ નામની ઓળખવામાં આવે છે.

Vivekanand Academy Gandhinagar

- પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદી પ્રથમ વખત પદ સાંભળ્યા બાદથી દર મહિનાના છેલ્લા રવિવારે વડાપ્રધાન મોદી રેડિયો દ્વારા દેશની જનતાને સંબોધે છે.
- પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીએ પ્રથમ વખત ૩ ઓક્ટોબર ૨૦૧૪ના રોજ મન કી બાતથી દેશનું સંબોધન કર્યું હતું.
- નરેન્દ્ર મોદીએ પોતાના પ્રથમ પ્રધાનમંત્રીના કાર્યકાળ દરમ્યાન ૫૩ વખત મન કી બાતથી દેશની જનતાનું સંબોધન કર્યું હતું.
- આ કાર્યક્રમ ઓલ ઇન્ડિયા રેડિયો (AIR) અને દૂરદર્શન પર પ્રસારિત કરવામાં આવે છે.

**મન કી બાતના મહત્વના અંશો :-**

- પ્રધાનમંત્રીશ્રી દ્વારા દેશને પ્લાસ્ટિક મુક્ત બનાવવાની હાકલ કરવામાં આવી. તેમણે દેશની પાલિકાઓ, એનજીઓ, સામાજિક સંસ્થાઓ અને કોર્પોરેટ સેક્ટરને દિવાળી પહેલા પ્લાસ્ટિક કચરાના સુરક્ષિત માર્ગો શોધવા આહવાન કર્યું.
- તેમણે દેશની જનતાને ૧૧ મી સપ્ટેમ્બર થી શરૂ થતાં 'સ્વચ્છતા હી સેવા' કાર્યક્રમમાં જોડાવા વિનંતી કરી.
- તેમણે રેડિયોના માધ્યમથી જનતાને સંબોધતા બે મોહનનો ઉલ્લેખ કર્યો એક ચક્રધરી અને બીજા ચરખાધરી.
- પ્રધાનમંત્રી દ્વારા કુપોષણથી સમગ્ર દેશને મુક્ત કરવા માટે કેન્દ્ર સરકાર દ્વારા સપ્ટેમ્બર ૨૦૧૯ને રાષ્ટ્રીય પોષણ માસ તરીકે ઉજવવાની જાહેરાત કરવામાં આવી હતી.
- રાષ્ટ્રીય પોષણ માસ અભિયાન 'હર ઘર પોષણ તહેવાર' ઉદ્દેશ્યથી ઉજવવામાં આવશે.

**(૨) G-7 સમિટ– ફ્રાન્સ :**

- ફ્રાન્સના બિયારિત્ઝ ખાતે ૪૫મી જી–૭ સમિટનું આયોજન કરવામાં આવ્યું હતું.
- આ સમિટનું આયોજન 'અસમાનતા સામે લડાય' થીમ પર કરવામાં આવ્યું હતું.
- આ સમિટમાં જી–૭ના સભ્ય દેશો (ફ્રાન્સ, ઇટાલી, કેનેડા અમેરિકા, જાપાન, જર્મની, અને યુનાઇટેડ કિંગડમ) એ ભાગ લીધો હતો.
- જી–૭ સમિટમાં ક્લાઇમેટ ચેન્જ માટે એક સત્રનું આયોજન કરવામાં આવ્યું હતું.
- આ સમિટમાં ભારતીય પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીએ ભાગ લીધો હતો તેઓ આ સમિટમાં ફ્રાન્સના આમંત્રણથી હાજર રહ્યા હતા.
- જી૭ સમિટમાં પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીએ સંયુક્ત રાષ્ટ્ર મહાસચિવ અન્ટોનિયો ગ્યુટરેસ, બ્રિટનના પ્રધાનમંત્રી બોરિસ જોનસન, જર્મનીના ચાન્સેલર એન્જેલા મર્કેલ, જાપાનના પ્રધાનમંત્રી શિન્જો આબેક, કેનેડા પ્રધાનમંત્રી જસ્ટિન ટ્રુડો સાથે મુલાકાત કરવામાં આવી હતી.
- પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીએ સંયુક્ત રાષ્ટ્ર મહાસચિવ એન્ટોનિયો ગ્યુટરેસ સાથે જળવાયુ પરીવર્તન રોકવાના પ્રયાસોને ઝડપી બનાવવા અંગે ચર્ચા કરવામાં આવી હતી.
- ભારતે આ અગાઉ વર્ષ ૨૦૦૫માં પણ જી–૭ સમિટમાં ભાગ લીધો હતો.
- વર્ષ ૨૦૨૦માં ૪૬મી જી–૭ સમિટનું આયોજન અમેરિકા ખાતે કરવામાં આવશે.
- વર્ષ ૨૦૧૮માં ૪૪ મી જી–૭ સમિટનું આયોજન કેનેડા ખાતે કરવામાં આવ્યું હતું.

**(૩) એમનિંટ એન્જિનિયર એવોર્ડ – ૨૦૧૯**

- ઇન્સ્ટિટ્યુશન ઓફ એન્જિનિયર્સ ઇન્ડિયા દ્વારા કેન્દ્રીય લોક નિર્માણ વિભાગના મહાનિર્દેશક પ્રભાકર સિંહને 'એમિનેંટ એન્જિનિયર એવોર્ડ ૨૦૧૯' માટે પસંદ કરવામાં આવ્યા.
- આ એવોર્ડ એન્જિનિયરિંગ આને ટેકનિકલ ક્ષેત્રે યોગદાન બદલ આપવામાં આવે છે.
- પ્રભાકર સિંહને આ એવોર્ડ ૧૫ સપ્ટેમ્બર ૨૦૧૯ના રોજ એન્જિનિયર ડે નિમિત્તે આપવામાં આવશે.
- પ્રભાકર સિંહ આઇઆઇટી ગ્રેજ્યુએટ છે.

**(૪) જળવ્યવસ્થાપન ક્ષેત્રે વિવિધ રાજ્યોની કામગીરીમાં ગુજરાત પ્રથમ સ્થાને :**

- તાજેતરમાં નીતિ આયોગ દ્વારા જળવ્યવસ્થાપન ક્ષેત્રે વિવિધ રાજ્યોની કામગીરી અંગે રિપોર્ટ જાહેર કરવામાં આવ્યો.
- જળ વ્યવસ્થાપન ક્ષેત્રે વિવિધ રાજ્યોની કામગીરી અંગે રિપોર્ટ કેન્દ્રીય જળશક્તિ મંત્રી ગજેન્દ્રસિંહ શેખાવત અને નીતિ આયોગના ઉપાધ્યક્ષ રાજીવ કુમાર દ્વારા જાહેર કરવામાં આવ્યા છે.
- આ રિપોર્ટમાં ગુજરાત ૭૫ ગુણાંક સાથે પ્રથમ સ્થાને રહ્યું ગુજરાતને જળવ્યવસ્થાપન ક્ષેત્રે સતત ત્રીજા વર્ષે પ્રથમ રહ્યું છે.
- ગુજરાતની જળસંગ્રહ ક્ષમતામાં છેલ્લા બે વર્ષમાં ૨૩ હજાર લાખ ઘનફૂટનો વધારો થયો છે.
- પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદી દ્વારા ૧ જાન્યુઆરી, ૨૦૧૫ના રોજ આયોજન પંચના સ્થાને નીતિ આયોગની રચના કરવામાં આવી હતી.
- નીતિ આયોગના અધ્યક્ષ તરીકે હોદ્દાની રૂએ પ્રધાનમંત્રી હોય છે
- નીતિ આયોગના ઉપાધ્યક્ષ તરીકે રાજીવ કુમાર છે.
- NITI– નેશનલ ઇન્સ્ટિટ્યૂશન ફોર ટ્રાન્સફોર્મિંગ ઇન્ડિયા

આયોજન પંચ :

- સ્થાપના– ૧૫ માર્ચ ૧૯૫૯
- શરૂઆત – જવાહરલાલ નહેરૂ દ્વારા
- પ્રથમ પંચવર્ષીય યોજના – વર્ષ ૧૯૫૧માં

**(૫) દેશના પ્રથમ મહિલા DGP કંચન ચૌધરી ભટ્ટાચાર્યનું નિધન :**

- દેશના પ્રથમ મહિલા ડીજીપી કંચન ચૌધરી ભટ્ટાચાર્યનું ૨૬ ઓગસ્ટ ૨૦૧૯ના રોજ નિધન થયું.
- તેમના જીવનથી પ્રેરણા લઇ દૂરદર્શન દ્વારા ૮૦ના દાયકામાં 'ઉડાન' નામની લોકપ્રિય ટીવી ધારાવાહિકની શરૂઆત કરવામાં આવી હતી.
- ડીજીપી કંચન ચૌધરી ભટ્ટાચાર્યનો જન્મ પંજાબના અમૃતસર ખાતે થયો હતો.
- તેઓને વર્ષ ૨૦૦૪માં ઉત્તરાખંડના ડીજીપી નિયુક્ત કરવામાં આવ્યા હતા. આ સાથે તેઓ દેશના પ્રથમ મહિલા ડીજીપી બન્યા હતા.
- બાદમાં તેઓ દેશના બીજા આઇપીએસ અધિકારી બન્યા હતા. (પ્રથમ કિરણબેદી)
- તેઓ વર્ષ ૨૦૦૭માં સેવા નિવૃત્ત થયા હતા. વર્ષ ૨૦૧૪માં તેઓ હરિદ્વાર બેઠક પરથી આમ આદમી પાર્ટીના ઉમેદવાર તરીકે લોકસભા ચૂંટણી લડ્યા હતા પરંતુ જીત મળી ન હતી.

**(૬) બી.આઇ. પ્રણિત – BWF વર્લ્ડ ચેમ્પિયનશીપ – ૨૦૧૯**

- તાજેતરમાં બી.આઇ. પ્રણિતએ BWF વર્લ્ડ ચેમ્પિયનશીપ ૨૦૧૯માં મેન્સ સિંગલ્સમાં બ્રોન્ઝ મેડલ જીત્યો.

– તેણે BWF વર્લ્ડ ચેમ્પિયનશીપ ૨૦૧૯ની સેમીફાઇનલમાં જાપાનના કેંટો મોમોતાને હરાવી આ મેડલ જીત્યો.
– બી.સાઇ પ્રણિતનો જન્મ આંધ્રપ્રદેશમાં થયો હતો.
– બી.સાઇ. પ્રણિત સાથે જ પી.વી. સિંધુ (BWF) વર્લ્ડ ચેમ્પિયનશીપમાં ગોલ્ડ જીતનાર પ્રથમ ભારતીય બની છે.
– તેમણે BWF વર્લ્ડ ચેમ્પિયનશીપ ૨૦૧૯ની ફાઇનલમાં જાપાનની નોઝોમી ઓકુહારાને હરાવી જીત મેળવી હતી.
– વર્લ્ડ ચેમ્પિયનશીપ ૨૦૧૯નું આયોજન સ્વિટ્ઝર્લેન્ડના બેસેલ ખાતે થયું હતું.

પ્રશ્નો :

(૧) ૪૫મી જી–૭ સમિટનું આયોજન કયાં કરવામાં આવ્યું હતું ?
– ફ્રાન્સના બિયારિત્ઝ ખાતે
(૨) ફ્રાન્સ, ઇટાલી, કેનેડા, અમેરિકા, જાપાન, જર્મની અને યુનાઇટેડ, કીંગડમ પૈકી કયો દેશ જી૭નો સભ્ય દેશો નથી ?
– તમામ છે.
(૩) ૪૫મી જી–૭ સમિટમાં ભારતીય પ્રધાનમંત્રી કોના આમંત્રણ પર હાજર રહ્યા હતા ?
– ફ્રાંન્સના
(૪) ૪૬મી જી–૭ સમિટનું આયોજન કયાં કરવામાં આવશે ?
– અમેરિકા ખાતે
(૫) ઇન્સ્ટિટ્યુશન ઓફ એન્જિનિયર્સ ઇન્ડિયા દ્વારા ‘એમિનજેંટ એન્જિનિયર એવોર્ડ – ૨૦૧૯’ માટે કોને પસંદ કરવામાં આવ્યા ?
– પ્રભાકરસિંહને
(૬) તાજેતરમાં નીતિ આયોગ દ્વારા જળવ્યવસ્થાપન ક્ષેત્રે વિવિધ રાજ્યોની કામગીરી અંગે રિપોર્ટ જાહેર કરવામાં આવ્યો તેમાં પ્રથમ સ્થાને કયું રાજ્ય છે ?
– ગુજરાત
(૭) દેશના પ્રથમ મહિલા ડીજીપી કોણ હતા ?
– કંચન ચૌધરી ભટ્ટાચાર્ય
(૮) દેશના પ્રથમ મહિલા ડીજીપી કંચન ચૌધરી ભટ્ટાચાર્યના જીવનથી પ્રેરણા લઇ દૂરદર્શન દ્વારા ૮૦ના દાયકામાં કયાં નામથી લોકપ્રિય ટીવી ધારાવાહિકની શરૂઆત કરવામાં આવી હતી ?
– ‘ઉડાન’ નામની

## 28. August 2019

**(૧) ‘રાષ્ટ્રીય શાયર’ ઝવેરચંદ કાળીદાસ મેઘાણીની આજે ૧૨૩મી જન્મજયંતિ.**
– તેમનો જન્મ ૨૮ ઓગસ્ટ ૧૮૯૬ના રોજ સુરેન્દ્રનગર જિલ્લા ચોટીલા ખાતે થયો હતો.
– ઝવેરચંદ મેઘાણી કવિ, નવલકથાકાર, વાર્તાકાર, લોકસાહિત્યના સંશોધક– સંપાદક, વિવેચક, અનુવાદક હતા.
– વર્ષ ૧૯૨૮માં તેમને લોકસાહિત્યમાં તેમનાં યોગદાન બદલ રણજિતરામ સુવર્ણચંદ્રક આપવામાં આવ્યો હતો.
– ગાંધીજીએ ઝવેરચંદ મેઘાણીને રાષ્ટ્રીય શાયરના બિરૂદથી નવાજ્યા હતા.
– વર્ષ ૧૯૪૬માં તેમની પુસ્તક ‘માણસાઇના દીવા’ ને મહીડાં પારિતોષિકથી સન્માન આપવામાં આવ્યું હતું અને તે જ વર્ષે તેમને ગુજરાતી સાહિત્ય પરિષદનાં સાહિત્ય વિભાગનાં વડા તરીકે નીમવામાં આવેલાં હતાં.
– તઓએ સૌરાષ્ટ્રની રસધાર, રઢિયાળી રાત, કંકાવટી, માણસાઇના દીવા, સોરઠી સંતો, સિંધૂડો, તુલસી ક્યારો, છેલ્લો કટોરો તેવા સાહિત્ય આપ્યા હતાં.
– તેમનું મૃત્યુ ૯ માર્ચ ૧૯૪૭ના રોજ થયું હતું.

**(૨) કૉમ્યુનિટી રેડિયો સંમેલન ૨૦૧૯ :**
– તાજેતરમાં નવી દિલ્લી ખાતે ૭માં કૉમ્યુનિટી રેડિયો સંમેલન ૨૦૧૯નું આયોજન કરવામાં આવ્યું.
– આ સંમેલનનું આયોજન સૂચનો અને પ્રસારણ મંત્રાલય દ્વારા દિલ્લીના ડૉ. બી.આર. આંબેડકર ભવન ખાતે કરવામાં આવ્યું હતું.
– વર્ષ ૨૦૧૯ના આ કૉમ્યુનિટી રેડિયો સંમેલનની થીમ ‘સતત વિકાસ લક્ષ્યો માટે કૉમ્યુનિટી રેડિયો’ રાખવામાં આવી હતી.
– આ સંમેલનનું ઉદ્‌ઘાટન કેન્દ્રિય સૂચનો અને પ્રસારણ મંત્રાલય સચિવ અમિત ખરે દ્વારા કરવામાં આવ્યું હતું.

**(૩) પ્રધાનમંત્રીશ્રી નરેન્દ્ર મોદી ત્રણ દેશની વિદેશ યાત્રા**
– તાજેતરમાં પ્રધાનમંત્રીશ્રી નરેન્દ્ર મોદી ત્રણ દેશની વિદેશ યાત્રા પર ફ્રાંસ, યુએઇ અને બહરીન પર ગયા હતા.
– પ્રધાનમંત્રી શ્રી નરેન્દ્ર મોદીએ પોતાના વિદેશ પ્રવાસમાં સૌપ્રથમ ફ્રાંસની મુલાકાત લીધી હતી ત્યાં તેમણે જી–૭ સમિટમાં હાજરી આપી હતી.
– બાદમાં પ્રધાનમંત્રી સંયુક્ત અરબ અમીરાત (યુએઇ)ના પ્રવાસ પર ગયા હતા.
– પ્રધાનમંત્રીશ્રીની સંયુક્ત અરબ અમીરાત (યુએઇ) યાત્રા દરમ્યાન તેમને સંયુક્ત અરબ અમીરાત (યુએઇ) ના સર્વોચ્ચ સન્માન ઝાયૈદ મેડલ (ઓર્ડર ઓફ ઝાયૈદ) થી સન્માનીત કરવામાં આવ્યા.
– આ સન્માનનું નામ સંયુક્ત અરબ અમીરાતના સંસ્થાપક શેખ ઝાયૈદ બિન સુલ્તાન અલ નાહ્યાન રાખવામાં આવ્યું છે.
– તેમને આ સન્માન સંયુક્ત અરબ અમીરાતના ક્રાઉન પ્રિંસ મોહમ્મદ બિન ઝાયૈદ અલ નાહ્યાન દ્વારા આપવામાં આવ્યું.
– આ સન્માન તેમને ભારત અને સંયુક્ત અરબ અમીરાતના સંબંધો મજબૂત કરવાના યોગદાન બદલ આપવામાં આવ્યું.
– ઝાયૈદ મેડલ સંયુક્ત અરબ અમીરાત રાજાઓ, રાષ્ટ્રપતિઓ અને રાષ્ટ્રપ્રમુખો (વડાપ્રધાન) ને આપવામાં આવતું સર્વોચ્ચ સન્માન છે.
– અગાઉ આ સન્માન રશિયાના રાષ્ટ્રપતિ વ્લાદીમિર પુતીન ચીનના રાષ્ટ્રપતિ શી જિનપિંગ, મહારાણી એલિજાબેથ દ્વિતીય પ્રદાન કરવામાં આવી ચૂક્યું છે.
– પ્રધાનમંત્રીશ્રી નરેન્દ્ર મોદીએ પોતાના વિદેશ પ્રવાસમાં સંયુક્ત અરબ અમીરાત (યુએઇ) બાદ બહરીન ગયા હતા.
– બહરીન ખાતે તેમને બહરીનના શાસક હમાદ બિન સલમાન અલ ખલીફા દ્વારા King Hamad order of the Renaissance પુરસ્કારથી સન્માનીત કરવામાં આવ્યા.
– આ સન્માન તેમને ભારત અને બહરીનના સંબંધો મજૂબત કરવાના યોગદાન બદલ આપવામાં આવ્યું.
– પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીના બહરીન પ્રવાસ દરમ્યાન ભારત અને બહરીન વચ્ચે રક્ષા, અંતરિક્ષ, સંસ્કૃતિ, ઉર્જા જેવા ક્ષેત્રે કરાર પણ કરવામાં આવ્યા છે.

**પ્રધાનમંત્રીશ્રી નરેન્દ્ર મોદીને મળેલ આંતરરાષ્ટ્રીય પુરસ્કાર :**
– કિંગ અબ્દુલ અજીજ સૈશ પુરસ્કાર

- પ્રધાનમંત્રીશ્રી નરેન્દ્ર મોદીને વર્ષ ૨૦૧૬માં સાઉદી અરબના સર્વોચ્ચ નાગરિક સન્માન ‘ કિંગ અબ્દુલ અજીજ સૈશ પુરસ્કાર’ થી સન્માનીત કરવામાં આવ્યા હતા.

**ગ્રેંડ કૉલર’**

- પ્રધાનમંત્રીશ્રી નરેન્દ્ર મોદીને વર્ષ ૨૦૧૮માં ફિલિસ્તીનના ‘ગ્રેંડ કૉલર’ સન્માન થી સન્માનીત કરવામાં આવ્યા હતા.
- આ સન્માન ફિલિસ્તીન દ્વારા વિદેશી મહેમાનોને આપવામાં આવતું સર્વોચ્ચ સન્માન છે.
- આ સન્માન પ્રધાનમંત્રીશ્રીને ફિલિસ્તીનના રાષ્ટ્રપતિ મહમુદ અબ્બાસ દ્વારા આપવામાં આવ્યું હતું.

**ચેમ્પિયન ઓફ ધ અર્થ ’**

- પ્રધાનમંત્રીશ્રી નરેન્દ્ર મોદીને સપ્ટેમ્બર ૨૦૧૮માં સંયુક્ત રાષ્ટ્રએ સૌથી મોટું પર્યાવરણ સન્માન ‘ચેમ્પિયન ઓફ ધ અર્થ’ થી સન્માનીત કરવામાં આવ્યા હતા.
- નરેન્દ્ર મોદી અને ફ્રાન્સના પ્રમુખ મૈક્રોને સંયુક્ત રીતે સન્માન થી સન્માનીત કરવામાં આવ્યા હતા.

**સિઓલ શાંતિ પુરસ્કાર**

- પ્રધાનમંત્રીશ્રી નરેન્દ્ર મોદીને ઓક્ટોમ્બર ૨૦૧૮માં દક્ષિણ કોરિયના ‘સિઓલ શાંતિ પુરસ્કાર’ થી સન્માનિત કરવામાં આવ્યા હતા.
- પ્રધાનમંત્રીશ્રી નરેન્દ્ર મોદીને તેમની ચોક્કસ આર્થિક નીતિઓ, માનવ વિકાસ અને ભારતમાં લોકશાહી મજબૂત કરવા તરફના તેમના યોગદાન માટે આ પુરસ્કાર આપવામાં આવ્યું હતું.
- આ પુરસ્કાર સાથે પ્રધાનમંત્રીશ્રીને રૂા. ૧.૪૬ કરોણ નાણાં આપવામાં આવ્યા હતા.
- સન્માનમાં મળેલ નાણાં પ્રધાનમંત્રીશ્રીએ નમામિ ગંગે મિશનમાં દાન કર્યા હતા.
- આ એવોર્ડ પ્રાપ્ત કરનાર તેઓ ૧૪માં વ્યક્તિ હતા.

**‘ફિલિપ કોટલર પુસ્કાર’**

- પ્રધાનમંત્રીશ્રી નરેન્દ્ર મોદીને જાન્યુઆરી ૨૦૧૮માં નવી દિલ્હી ખાતે પ્રથમ ફિલિપ કોટલર પ્રેસિડેંસિયલ એવોર્ડથી સન્માનીત કરવામાં આવ્યા હતા.
- આ એવોર્ડ પીપલ્સ, પ્રોફિટ અને પ્લેનેટ ત્રણ આધારબિંદુ પર આપવામાં આવે છે.
- ફિલિપ કોટલર નોર્થવેસ્ટરન યુનિવર્સિટી, કેલૉગ સ્કૂલ ઓફ મેનેજમેન્ટના માર્કેટિંગ પ્રોફેસર છે.
- તેમના સન્માનમાં દર વર્ષે આ પુરસ્કાર દેના સૌથી લોકપ્રિય નેતાને આપવામાં આવે છે.

**આરિર આમનુલ્લાહ ખાન પુરસ્કાર**

- પ્રધાનમંત્રીશ્રી નરેન્દ્ર મોદીને વર્ષ ૨૦૧૬માં અફઘાનિસ્તાનના સર્વોચ્ચ નાગરિક સન્માન ‘આમિર આમનુલ્લાહ ખાન પુરસ્કાર’ થી સન્માનીત કરવામાં આવ્યા હતા.

**‘ઓર્ડર ઓફ સેંટ એડ્રયૂ ધ એપોસ્ટલ :**

- ભારત અને રશિયાના સંબંધોમાં અભૂતપૂર્વ યોગદાન બદલ પ્રધાનમંત્રીશ્રી નરેન્દ્ર મોદીને ‘ઓર્ડર ઓફ સેંટ એડ્રયૂ ધ એપોસ્ટલ’ સન્માન આપવામાં આવશે.
- આ પુરસ્કાર રશિયા સાથે આંતરરાષ્ટ્રીય સંબંધોમાં મહત્વનું યોગદાન આપનાર વ્યક્તિને આપવામાં આવે છે.
- પ્રધાનમંત્રીશ્રી નરેન્દ્ર મોદી આ સન્માન મેળવનાર પ્રથમ ભારતીય છે.

**(૪) રોજર ફેડરર સામે પ્રથમ સેટ જીતનાર પ્રથમ ભારતીય– સુમિત નાગલ :**

- તાજેતરમાં ભારતના ટેનિસ ખેલાડી સુમિત નાગલએ યુએસ ઓપનમાં પોતાની પ્રથમ મેચ રમી.
- આ મેચ દરમ્યાન તેમણે ૨૦ વખત ગ્રાન્ડસ્લેમ વિજેતા રોજર ફેડરરને પ્રથમ સેટમાં હરાવી જીત મેળવી હતી.
- આ સાથે જ સુમિત નાગલ રોજર ફેડરરને પ્રથમ સેટમાં હરાવી જીત મેળવી હતી.
- આ સાથે જ સુમિત નાગલ રોજર ફેડરર સામે પ્રથમ સેટ જીતનાર પ્રથમ ભારતીય બની ગયા છે.
- પ્રથમ સેટમાં જીત મેળવ્યા બાદ સુમિતે મેચમાં પરાજય મેળવ્યો હતો.
- સુમિત નાગલ વિશ્વના ચોથા ખેલાડી છે.
- જેણે યુએસ ઓતપનમાં રોજર ફેડરરને પ્રથમ સેટમાં પરાજિત કર્યા.
- સુમિત નાગલ હરિયાણાના ઝજ્જર જિલ્લાના વતની છે. તેણે વર્ષ ૨૦૧૫માં જુનિયર વિમ્બલ્ડન ગ્રાન્ડસ્લેમમાં જીત મેળવી હતી.
- રોજર ફેડરર સ્વીત્ઝર્લેન્ડના વતની છે.

પ્રશ્નો :

(૧) ઝવેરચંદ મેઘાણીની જન્મ ક્યાં થયો હતો ?
- સુરેન્દ્રનગર જિલ્લા ચોટીલા ખાતે

(૨) લોકસાહિત્યમાં ઝવેરચંદ મેઘાણીના યોગદાન બદલ રણજિતરામ સુવર્ણચંદ્રક આપવામાં આવ્યો હતો ?
- વર્ષ ૧૯૨૮માં

(૩) કોણે ઝવેરચંદ મેઘાણીને રાષ્ટ્રીય શાયરના બિરૂદથી નવાજ્યા હતાં ?
- ગાંધીજીએ

(૪) તાજેતરમાં ૭માં કૉમ્યુનિટી રેડિયો સંમેલન ૨૦૧૯નું આયોજન ક્યાં કરવામાં આવ્યું ?
- નવી દિલ્લી ખાતે

(૫) હાલમાં કેન્દ્રીય કેન્દ્રીય સૂચના અને પ્રસારણ મંત્રાલયના સચિવ કોણ છે ?
- અમિત ખરે

(૬) તાજેતરમાં પ્રધાનમંત્રીશ્રી નરેન્દ્ર મોદીને સંયુક્ત અરબ અમીરાત (યુએઇ) ના સર્વોચ્ચ સન્માનથી સન્માનીત કરવામાં આવ્યા તે સન્માનનું નામ જણાવો ?
- ઝાયૈદ મેડલ (ઓર્ડર ઓફ ઝાયૈદ)

(૭) તાજેતરમાં પ્રધાનમંત્રીશ્રી નરેન્દ્ર મોદને ભારત અને બહરીનના સંબંધો મજબૂત કરવાના યોગદાન બદલ ક્યાં સન્માન થી સન્માનીત કરવામાં આવ્યા ?
- King hamad order of the Renaissance

(૮) રોજર ફેડરર સામે પ્રથમ સેટ જીતનાર પ્રથમ ભારતીય ?
- સુમિત નાગલ

(૯) સુમિત નાગલ ક્યાં રાજ્યના વતની છે ?
- હરિયાણાના

## 29. August 2019

**(૧) રાષ્ટ્રીય રમત દિવસ – મેજર ધ્યાનચંદ જન્મ જયંતિ :**

- હોકીના જાદુગર ગણાતા મેજર ધ્યાનચંદની યાદમાં ભારતભરમાં દર વર્ષે ૨૯ ઓગસ્ટના રોજ રાષ્ટ્રીય રમત દિવસની ઉજવણી કરવામાં આવે છે.
- મેજર ધ્યાનચંદનો જન્મ ૨૯ ઓગસ્ટ ૧૯૦૫ના રોજ ઉત્તરપ્રદેશના ઇલાહાબાદ ખાતે થયો હતો.
- તેમનું મૂળનામ ધ્યાનસિંહ હતું. પરંતુ રાત્રિ દરમ્યાન ચંદ્રના પ્રકાશે તેઓ હોકીની પ્રેક્ટિસ કરતાં જેથી તેમનું નામ ધ્યાનચંદ રાખવામાં આવ્યું હતું.

- તેઓ વર્ષ ૧૯૨૮, ૧૯૩૨ અને ૧૯૩૬માં ત્રણ વખત ભારત માટે ઓલમ્પિકમાં ગોલ્ડ જીતનારી હોકી ટીમના સભ્ય હતાં.
- ભારત સરકાર દ્વારા વર્ષ ૧૯૫૬માં તેમને પદ્મભૂષણથી સન્માનીત કરવામાં આવ્યા હતા.
- તેમનું નિધન ૩ ડિસેમ્બર ૧૯૭૯ના રોજ દિલ્લી ખાતે થયું હતું.
- તેમના રમત ગમત ક્ષેત્રના યોગદાન બદલ વર્ષ ૨૦૦૨માં દિલ્લી ખાતે આવેલ નેશનલ સ્ટેડિયમનું નામ ધ્યાનચંદ રાષ્ટ્રીય સ્ટેડિયમ કરવામાં આવ્યું હતું.

**(૨) ડૉ. જીવરાજ મહેતા – જન્મજયંતિ :**

- ગુજરાત રાજ્યના પ્રથમ મુખ્યમંત્રી ડૉ. જીવરાજ નારાયણ મહેતાની આજે જન્મજયંતિ
- ડૉ. જીવરાજ નારાયણ મહેતાનો જન્મ ૨૯ ઓગસ્ટ, ૧૮૮૭ના રોજ અમરેલી ખાતે થયો હતો.
- તેઓ ૧ મે ૧૯૬૦ થી ૧૮ સપ્ટેમ્બર ૧૯૬૩ દરમ્યાન ગુજરાત રાજ્યના પ્રથમ મુખ્યમંત્રી પદ પર રહ્યા હતા.
- તેઓના મુખ્યમંત્રી તરીકેના કાર્યકાળ દરમ્યાન વર્ષ ૧૯૬૧માં પંચાયતી ધારો પસાર કરવામાં આવ્યો હતો. નર્મદા યોજનાનો પાયો પણ તેમના સમયમાં જ નાખવામાં આવ્યો હતો.
- તેમના સમયમાં ૧ એપ્રિલ ૧૯૬૩ના રોજ પંચાયતી રાજ અમલમાં આવ્યું હતું.
- તેમણે ફરજિયાત પ્રાથમિક શિક્ષણનો અમલ કરાવ્યો હતો.
- ભારત આઝાદ થયા બાદ તેઓ મુંબઇ રાજ્યના નાણાં, ઉદ્યોગ , નશાબંધી અને જાહેર બાંધકામના મંત્રી બન્યા હતા.

**(૩) ઇમરજન્સી સેવા ૧૦૮ના ૧૨ વર્ષ પૂર્ણ – ગુજરાત**

- ગુજરાત સરકાર દ્વારા શરૂ કરવામાં આવેલ ઇમરજન્સી સેવા ૧૦૮ના આજે ૧૨ વર્ષ પૂર્ણ થયા.
- રાજ્યના ૧૦૮ ઇમરજન્સી સેવાની શરૂઆત ૨૯ ઓગસ્ટ ૨૦૦૭માં કરવામાં આવી હતી.
- હાલ રાજ્યભરમાં ૫૮૯ એમ્બ્યુલન્સ અને ૨ બોટ એમ્બ્યુલન્સ કાર્યરત છે.
- ૧૮૦ના માધ્યમથી રાજ્યના સરેરાશ ૩૩૦૦ દર્દીઓ રોજ કટોકટીના સમયે મદદ મેળવે છે.
- રાજ્ય સરકાર દ્વારા ૧૦૮ ઇમરજન્સી સેવાને વધુ ઝડપી બનાવવા ઉદ્દેશ્યથી વર્ષ ૨૦૧૮માં ૧૦૮ ગુજરાત નામની ઇમરજન્સી મોબાઇલ એપ્લીકેશન લોન્ચ કરવામાં આવી હતી.
- હાલ ગુજરાત સહિત દેશના ૨૨ રાજ્યોમાં અને બે કેન્દ્રશાસિત પ્રદેશોમાં આ સેવા કાર્યરત છે.
- ૧૦૮ ઇમરજન્સી સેવા કેન્દ્ર સરકારની પહેલ છે જેની સિસ્ટમ સત્યમ ઇન્ફોટેક દ્વારા ડિઝાઇન કરવામાં આવી છે.

**(૪) રાજ્યના ૨૩ ટાપુઓને વિકસાવવાનું આયોજન : ગુજરાત :**

- તાજેતરમા ગુજરાત રાજ્યના ૨૩ ટાપુઓને વિકસાવવાનું આયોજન રાજ્ય સરકાર દ્વારા કરવામાં આવ્યું.
- રાજ્યના મુખ્યમંત્રીશ્રી વિજયભાઇ રૂપાણીની અધ્યક્ષતામાં મળેલ ટાપુ ડેવલોપમેન્ટ ઓથોરિટીની બેઠકમાં આ નિર્ણય લેવામાં આવ્યો.
- આ અંતર્ગત બેટ દ્વારકા, પીરોટન, અલિયા બેટ, શિયાલ બેટ સહિતના ટાપુઓને આવરી લેવામાં આવશે.
- જેમા પ્રવાસન, ખેતી, મત્સ્ય ઉદ્યોગ જેવા મહત્વના મુદ્દો આવરી લેવામાં આવશે.
- પ્રવાસનની દ્રષ્ટિએ વિકસાવી શકાય તેવા ટાપુઓ પર પ્રવાસીઓને આકર્ષવા માટે હોટેલ્સ, દરિયાઇ રમતો, મનોરંજનના સાધનો, એડવેન્ચર સુવિધાઓ વગેરેનો વિકાસ કરવામાં આવશે.
- રાજ્યના ૧૬૦૦ કિમી દરિયાકિનારા નજીક ૧૪૪ જેટલા નાના મોટા ટાપુઓ આવેલ છે.

**(૫) અરૂણ જેટલી સ્ટેડિયમ :**

- તાજેતરમાં દિલ્લીના ફિરોઝશાહ કોટલા સ્ટેડિયમનું નામ બદલીને અરૂણ જેટલી સ્ટેડિયમ કરવાનો નિર્ણય કરવામાં આવ્યો.
- આ નિર્ણય દિલ્લી તથા ડિસ્ટ્રીક્ટ ક્રિકેટ એસોસિએશન દ્વારા લેવામાં આવ્યો છે.
- આ નિર્ણય મુજબ સ્ટેડિયમનું નામ ૧૨ સપ્ટેમ્બરના રોજ એક કાર્યક્રમ દરમ્યાન કરવામાં આવશે.
- આ સાથે સ્ટેડિયમના એક સ્ટેન્ડનું નામ ભારતીય ક્રિકેટ ટીમના કેપ્ટન વિરાટ કોહલીના નામ પર રાખવામાં આવશે જે નિર્ણય એસોસિએશન દ્વારા અગાઉ લેવામાં આવ્યો હતો.
- અરૂણ જેટલી વર્ષ ૧૯૯૯ થી વર્ષ ૨૦૧૩ સુધી દિલ્લી તથા ડિસ્ટ્રીક્ટ ક્રિકેટ એસોસિએશનના અધ્યક્ષ રહ્યા હતા.
- તેઓ ભારતીય ક્રિકેટ બોર્ડના ઉપાધ્યક્ષ પણ રહી ચૂક્યા છે.
- દિલ્લી તથા ડિસ્ટ્રીક્ટ ક્રિકેટ એસોસિએશનના વર્તમાન અધ્યક્ષ રજત શર્મા છે.
- અરૂણ જેટલીનું ૨૪ ઓગસ્ટ ૨૦૧૯ના રોજ નિધન થયું છે.

**(૬) અનુભવ પુરસ્કાર – ૨૦૧૯**

- તાજેતરમાં નવી દિલ્લી ખાતે કેન્દ્રીય રાજ્ય કર્મચારી, જન ફરિયાદ અને પેન્સન મંત્રી (સ્વતંત્ર હવાલો) ડૉ. જીતેન્દ્ર સિંહ દ્વારા અનુભવ પુરસ્કાર –૨૦૧૯ એનાયત કરવામાં આવ્યા.
- વર્ષ ૨૦૧૬માં શરૂ થયેલ આ પુરસ્કારની આ ચોથી આવૃતિ છે.
- અનુભવ પુરસ્કાર પેન્સન તથા પેન્સર કલ્યાણ વિભાગ દ્વારા આપવામાં આવે છે.

પ્રશ્નો :

(૧) હોકીના જાદુગર ગણાતા મેજર ધ્યાનચંદની યાદમાં ભારતભરમાં દર વર્ષે ૨૯ ઓગસ્ટના રોજ કયાં દિવસની ઉજવણી કરવામાં આવે છે ?
- રાષ્ટ્રીય રમત દિવસ

(૨) મેજર ધ્યાનચંદનો જન્મ કયા થયો હતો ?
- ઉત્તરપ્રદેશના ઇલાહાબાદ ખાતે

(૩) હોકીના જાદુગર ગણાતા મેજર ધ્યાનચંદનું મૂળનામ જણાવો ?
- ધ્યાનસિંહ

(૪) ગુજરાત રાજ્યના પ્રથમ મુખ્યમંત્રી ડૉ. જીવરાજ નારાયણ મહેતાનો જન્મ કયાં જિલ્લામાં થયો હતો ?
- અમરેલી

(૫) નર્મદા યોજનાનો પાયો નાખવામાં આવ્યો તે સમયે ગુજરાતનાં મુખ્યમંત્રી કોણ હતા ?
- ડૉ. જીવરાજ નારાયણ મહેતા

(૬) ગુજરાત રાજ્ય સરકાર દ્વારા શરૂ કરેલ ઇમરજન્સી સેવા ૧૦૮ના કેટલા વર્ષ પૂર્ણ થયાં ?
- ૧૨ વર્ષ

(૭) ગુજરાત રાજ્યમાં ઇમરજન્સી સેવા ૧૦૮ની શરૂઆત કયાં વર્ષમાં કરવામાં આવી હતી ?
- વર્ષ ૨૦૦૭માં

(૮) ગુજરાત રાજ્યના કેટલા ટાપુઓને વિકસાવવાનું આયોજન રાજ્ય સરકાર દ્વારા કરવામાં આવ્યું ?
– ૨૩
(૯) રાજ્યના ૧૬૦૦ કિમી દરિયાકિનારા નજીક કેટલા નાના મોટા ટાપુઓ આવેલ છે ?
– ૧૪૪ જેટલા
(૧૦) દિલ્લીના ફિરોઝશાહ કેટલા સ્ટેડિયમનું નામ બદલીને શું કરવાનો નિર્ણય કરવામાં આવ્યો ?
– અરૂણ જેટલી સ્ટેડિયમ
(૧૧) દિલ્લી તથા ડિસ્ટ્રીક્ટ ક્રિકેટ એસોસિએશનના વર્તમાન અધ્યક્ષ કોણ છે ?
– રજત શર્મા
(૧૨) અનુભવ પુરસ્કાર કોના દ્વારા આપવામાં આવે છે ?
– પેન્સન તથા પેન્સર કલ્યાણ વિભાગ દ્વારા

## 30. August 2019

**(૧) ફિંટ ઇન્ડિયા મુવમેંટ :**
– રાષ્ટ્રીય રમત દિવસ નિમિતે ભારતના પ્રધાનમંત્રીશ્રી નરેન્દ્ર મોદીએ 'ફિટ ઇન્ડિયા મુવમેંટ' (ફિટ ઇન્ડિયા અભિયાન) ની શરૂઆત કરવામાં આવી.
– આ પ્રસંગે કેન્દ્રીય રમત ગમત મંત્રી કિરન રીજૂજી પણ હાજર રહ્યા હતા.
– આ અભિયાન દેશમાં નાગરિકોને સ્વાસ્થ્ય પ્રત્યે જાગૃત કરવાના ઉદ્દેશ્યથી શરૂ કરવામાં આવ્યું છે.
– 'ફિટ ઇન્ડિયા મુવમેંટ' અંતર્ગત દેશની શાળાઓ અને કોલેજોમાં ફિઝિકલ એજ્યુકેશનમાં વધારો કરવામાં આવશે.
– કેન્દ્ર સરકાર દ્વારા 'ફિટ ઇન્ડિયા મુવમેંટ' પર સલાહ આપવા માટે એક સમિતિની રચના કરવામાં આવી હતી જેમાં ઓલમ્પિક સંઘ, નેશનલ સ્પોર્ટ્સ ઓથોરીટી, દેશના પ્રસિદ્ધ ફિટનેસ હસ્તીઓને સામેલ કરવાં આવ્યા હતા. ૨૮ સભ્યોની આ સમિતિના અધ્યક્ષ કેન્દ્રીય રમત ગમત મંત્રી કિરન રીજૂજી હતા.
– ફિંટ ઇન્ડિયા મુવમેંન્ટ' અંતર્ગત કેન્દ્ર સરકારના રમત ગમત મંત્રાલય, માનવ સંસાધન વિકાસ મંત્રાલય, પંચાયતી રાજ તથા ગ્રામિણ વિકાસ જેવા મંત્રાલયો સામેલ છે.
– કેન્દ્ર સરકાર દ્વારા ફિટ ઇન્ડિયા મુવમેન્ટ ચાર વર્ષ સુધી ચલાવવામાં આવશે. જે અંતર્ગત દર વર્ષે અલગ અલગ વિષયો પર અભિયાન ચલાવવામાં આવશે.
– 'ફિટ ઇન્ડિયા મુવમેંટ અંતર્ગત પ્રથમ વર્ષે શારીરિક ફિટનેસ બીજા વર્ષે ખાવાની આદતો, ત્રીજા વર્ષે પર્યાવરણ અનુકૂળ જીવન શૈલી અને ચોથા વર્ષે રોગથી દૂર રહેવાના ઉપાયો અંગે લોકોને જાગૃત કરવામાં આવશે.

**(૨) શાલીજા ધામી ભારતના પ્રથમ મહિલા ફાઇટર કમાન્ડર :**
– તાજેતરમાં ભારતીય વાયુસેનાના વિંગ કમાન્ડર શાલીજા ધામી ભારતના પ્રથમ મહિલા ફાઇટર કમાન્ડર બન્યા.
– તેમણે ગાજીયાબાદથી હીંડન એરબેસ સુધી ચેતક હેલિકોપ્ટર યુનિટના ફાઇટર કમાન્ડર તરીકે પદ સંભાળ્યું.
– વાયુસેનાના કમાન્ડ યુનિટમાં ફ્લાઇટ કમાન્ડરનું પદ બીજા સ્થાનનું સર્વોચ્ચ પદ છે.
– ભારતીય વાયુસેનામાં પ્રથમ વખત મહિલાઓને વર્ષ ૧૯૯૪માં સામેલ કરવામાં આવી હતી.
– શાલીજા ધામી પંજાબના લુધિયાણાના વતની છે.

**(૩) પ્લાસ્ટિક વેસ્ટને ડીઝલમાં પરિવર્તીત કરતાં પ્લાન્ટનું ઉદ્દ્ઘાટન :**
– તાજેતરમાં પ્લાસ્ટિક વેસ્ટને ડીઝલમાં પરિવર્તીત કરવાના ઉદ્દેશ્યથી ભારતીય પેટ્રોલીયમ સંસ્થાન દ્વારા ઉત્તરાખંડની રાજધાની દહેરાદૂન ખાતે પ્લાન્ટની સ્થાપના કરવામાં આવી.
– કેન્દ્રીય વિજ્ઞાન અને ટેકનોલોજી મંત્રી ડૉ. હર્ષવર્ધન અને ઉત્તરાખંડના મુખ્યમંત્રી ત્રિવેન્દ્રસિંહ રાવત દ્વારા તેનું ઉદ્દ્ઘાટન કરવામાં આવ્યું.
– આ પ્લાન્ટમાં એક ટન પ્લાસ્ટિક પરથી ૮૦૦ લિટર ડીઝલનું ઉત્પાદન કરવામાં આવશે.
– પ્લાન્ટ માટે જરૂરી પ્લાસ્ટિકનું એકત્રીકરણ એનજીઓની મદદથી કરવામાં આવશે.
– ભારતીય પેટ્રોલિયમ સંસ્થાનની વર્ષ ૧૯૬૦માં કરવામાં આવી હતી.

**(૪) રાષ્ટ્રીય પક્ષી વિષવિજ્ઞાન કેન્દ્ર – કોઇમ્બતુર**
– તાજેતરમાં કેન્દ્રીય પર્યાવરણ, વન તથા જળવાયુ પરીવર્તન મંત્રી પ્રકાશ જાવડેકર દ્વારા તામિલનાડુના કોઇમ્બતુર ખાતે આવેલ સલિમ અલી પક્ષી વિજ્ઞાન અને પ્રાકૃતિક કેન્દ્ર ખાતે રાષ્ટ્રીય પક્ષી વિષ વિજ્ઞાન કેન્દ્રનું ઉદ્દ્ઘાટન કર્યું.
– આ કેન્દ્ર પક્ષીઓની પ્રજાતિઓ પર રાસાયણિક પ્રદૂષણનો પ્રભાવ જાણવા અને તેના પર અધ્યયન કરવાના ઉદ્દેશ્યથી સ્થાપવામાં આવ્યું છે.
– સલિમ અલી પક્ષી વિજ્ઞાન અને પ્રાકૃતિક કેન્દ્ર ખાતે પક્ષી વિજ્ઞાન અને પ્રાકૃતીક સંશોધનો અને અભ્યાસ કરવામાં આવે છે.
– તેનું નામ પ્રખ્યાત પક્ષીવૈજ્ઞાનિક સલિમ અલી પર રાખવામાં આવ્યું છે.
– તે ભારતના બર્ડ મેન તરીકે ઓળખાય છે.

**(૫) ભારત અને નેપાળ વચ્ચે બસ સેવા :**
– તાજેતરમાં ભારત અને નેપાળ વચ્ચે બસ સેવા શરૂ કરવામાં આવી.
– આ બસસેવામાં નેપાળના કાઠમાંડુથી પશ્ચિમ બંગાળના સીલીગુડી સુધી જોડવામાં આવશે.
– કાઠમાંડુથી સીલીગુડીના ૬૫૦ કિમી અંતરને બસ ૧૮ કલાકમાં પૂર્ણ કરશે.
– નેપાળથી નિકળી આ બસ કાકરવિત્તા – પનિતાન્કી બોર્ડરથી ભારતમાં પ્રવેશ કરશે.
– ભારત અને નેપાળ વચ્ચે શરૂ થયેલ આ ૧૧ મી બસ સેવા છે, ભારત અને નેપાળ વચ્ચે નિયમિત બસ સેવા માટે ૧૩ માર્ગોને મંજૂરી આપવામાં આવી છે.

**ભારત– નેપાળ સંબંધો :**
– ભારત અને નેપાળના સંબંધો વર્ષો જૂના છે. સ્વાતંત્ર્યોત્તર ભારત અને નેપાળ વચ્ચેના સંબંધોને મૈત્રીપૂર્ણ બનાવવા માટે વર્ષ ૧૯૫૦ માં બંને રાષ્ટ્રો વચ્ચે શાંતિ અને મૈત્રી સમજૂતી કરવામાં અવી હતી. એ સંધિ અનુસાર બંને રાષ્ટ્રોએ પરસ્પર સહકાર સાધી એકબીજાના સાર્વભૌમત્વ, એકતા અને અખંડિતતાને માન આપી તેનું જતન થાય તેવા પ્રયત્નો કરવાનું સ્વીકાર્યું છે.
– ભારત અને નેપાળ વચ્ચે ધાર્મિક, સાંસ્કૃતિક, ઐતિહાસિક, પરંપરા એમ દરેક સ્તરે ઘણી સામ્યતા જોવા મળે છે. નેપાળ એ વિશ્વનું એકમાત્ર હિન્દુરાષ્ટ્ર હતું. આથી સાહજિક રીતે બંને રાષ્ટ્રો વચ્ચેના સંબંધો હકારાત્મક બન્યા હતા. ભારતે નેપાળને શિક્ષણ, રોજગારી, આરોગ્ય, વીજળી, રસ્તાઓ વગેરે જેવી પ્રાથમિક સુવિધાઓ વિકસાવવા માટે શક્ય તેટલી સહાય કરીને પડોશી ધર્મ નિભાવ્યો છે. આમ છતાં

Vivekanand Academy Gandhinagar

છેલ્લા ઘણા વર્ષોથી ભારત અને નેપાળ વચ્ચેના સંબંધો વણસ્યા હતા, જે ફરીથી સારા થયા છે.

ભારત અને નેપાળ વચ્ચેના સંબંધોમાં કડવાશ લાવનાર કેટલીક બાબતો જોઇને તો છેલ્લા કેટલાક વર્ષોથી એવી પરિસ્થિતિનું નિર્માણ થયું જેણે બંને રાષ્ટ્રો વચ્ચેના સંબંધોમાં અંતરાય અને કડવાશ ઊભી કરી છે. નેપાળમાં માઓવાદીઓનું વર્ચસ્વ વધી રહ્યું છે. નેપાળની આર્થિક અને રાજકીય બાબતો જોઇએ તો છેલ્લા કેટલાક વર્ષોથી એવી પરિસ્થિતિનું નીર્માણ થયું જેણે બંને રાષ્ટ્રો વચ્ચેના સંબંધોમાં અંતરાય અને કડવાશ ઊભી કરી છે. નેપાળમાં માઓવાદીઓનું વર્ચસ્વ વધી રહ્યું છે. નેપાળની આર્થિક અને રાજકીય બાબતોમાં ચીનની દરમિયાનગીરી અને પ્રભુત્વ વધી રહ્યાં છે.

- નેપાળમાં ચાલી રહેલાં મધેશી આંદોલને પણ બંને રાષ્ટ્ર વચ્ચેના સંબંધોમાં મીઠાશના બદલે ખારાશ લાવી છે નેપાળના તરાઇ વિસ્તારમાં રહેલા મધેશીઓને ભારતનું સમર્થન હોવાની નેપાળને શંકા છે. નેપાળ રાષ્ટ્ર નાનું હોવા છતાં ભારતની સલામતી અને વ્યૂહાત્મક રીતે તેનું મહત્વ ઘણું છે. તાજેતરમાં પરસ્પરના મતભેદો ભૂલીને બંને રાષ્ટ્રો વચ્ચેના સંબંધોને મજબૂત અને મૈત્રીપૂર્ણ કરવા એક નવા યુગનો પ્રારંભ કરવા બંને રાષ્ટ્રોએ પહેલ કરી છે.

પ્રશ્નો :

(૧) તાજેતરમાં દેશમાં નાગરિકોને સ્વાસ્થ્ય પ્રત્યે જાગૃત કરવાના ઉદ્દેશ્યથી કેન્દ્ર સરકાર દ્વારા કયાં અભિયાનની શરૂઆત કરવામાં આવી ?

– ફિટ ઇન્ડિયા મુવમેંટ (ફિટ ઇન્ડિયા અભિયાન)ની

(૨) કેન્દ્ર સરકાર દ્વારા 'ફિટ ઇન્ડિયા મુવમેંટ' પર સલાહ આપવા માટે એક સમિતિની રચના કરવામાં આવી હતી આ સમિતિના અધ્યક્ષ કોણ હતા ?

– કેન્દ્રીય રમત ગમત મંત્રી કિરન રીજૂજી

(૩) તાજેતરમાં ભારતના પ્રથમ મહિલા ફાઇટર કમાન્ડર કોણ બન્યા ?

– ભારતીય વાયુસેનજાના વિંગ કમાન્ડર શાલીજા ધામી

(૪) ભારતીય વાયુસેનામાં પ્રથમ વખત મહિલાઓને ક્યારે સામેલ કરવામાં આવી હતી ?

– વર્ષ ૧૯૯૪માં

(૫) તાજેતરમાં પ્લાસ્ટિક વેસ્ટને ડીઝલમાં પરિવર્તીત કરવાના ઉદ્દેશ્યથી ભારતીય પેટ્રોલિયમ સંસ્થાન દ્વારા પ્લાન્ટની સ્થાપના કયાં રાજ્યમાં કરવામાં આવી ?

– ઉત્તરાખંડ

(૬) ભારતીય પેટ્રોલિયમ સંસ્થાનની સ્થાપના ક્યારે કરવામા આવી હતી ?

– વર્ષ ૧૯૬૦માં

(૭) પક્ષીઓની પ્રજાતિઓ પર રસાયણિક પ્રદૂષણનો પ્રભાવ જાણવા અને તેના પર અધ્યયન કરવાના ઉદ્દેશ્યથી રાષ્ટ્રીય પક્ષી વિષવિજ્ઞાન કેન્દ્રની સ્થાપના તામિલનાડુમાં કયા સ્થળ પર કરવામાં આવી ?

– કોઇમ્બતૂર ખાતે

(૮) ભારતભરમાં બર્ડ મેન તરીકે કોણ ઓળખાય છે?

– પક્ષી વૈજ્ઞાનિક સલિમ અલી

(૯) તાજેતરમાં ભારત અને નેપાળ વચ્ચે બસ સેવા શરૂ કરવામાં આવેલ બસ સેવા કયાં બે સ્થળને જોડશે ?

– નેપાળના કાઠમાંડુ થી પશ્ચિમ બંગાળની સીલીગુડી

(૧૦) ભારત અને નેપાળ વચ્ચેના સંબંધોને મૈત્રીપૂર્ણ બનાવવા માટે કયાં વર્ષમાં શાંતિ અને મૈત્રી સમજૂતી કરવામાં આવી ?

– વર્ષ ૧૯૫૦

## 31. August 2019

**(૧) રાષ્ટ્રીય ખેલ પુરસ્કાર – ૨૦૧૯**

– ૨૯ ઓગસ્ટ ૨૦૧૯ના રોજ રાજભવન ખાતે રાષ્ટ્રપતિશ્રી રામનાથ કોવિંદ દ્વારા દેશના રમત ગમત ક્ષેત્રે યોગદાન આપનાર ખેલાડીઓને તેમના ઉત્કૃષ્ઠ પ્રદર્શન બદલ રાષ્ટ્રીય ખેલ પુરસ્કારથી સન્માનીત કરવામાં આવ્યા.

– આ પુરસ્કારમાં રાજીવ ગાંધી ખેલરત્ન પુરસ્કાર, અર્જુન પુરસ્કાર, ધ્યાનચંદ પુરસ્કાર અને દ્રોણાચાર્ય પુરસ્કારનો સમાવેશ થાય છે.

– આ પુરસ્કારના વિજેતા ખેલાડીઓ અને કોચની પસંદગી માટે કેન્દ્રીય રમત ગમત મંત્રાલય દ્વારા એક સમિતિની રચના કરવામાં આવી હતી.

– આ સમિતિના અધ્યક્ષ સુપ્રીમ કોર્ટના નિવૃત જજ જસ્ટિસ મુકુંદમ શર્મા હતા.

**રાજીવ ગાંધી ખેલ રત્ન પુરસ્કાર :**

– રાજીવ ગાંધી ખેલ રત્ન પુરસ્કાર દેશનો સર્વોચ્ચ ખેલ પુરસ્કાર છે. આ પુરસ્કાર ભારતના પૂર્વ પ્રધાનમંત્રી રાજીવ ગાંધીની યાદમાં આપવામાં આવે છે.

– રાજીવ ગાંધી ખેલ રત્ન પુરસ્કાર કોઇ ખેલાડીના છેલ્લા ચાર વર્ષના પ્રદર્શન બદલ આપવામાં આવે છે

– રાજીવ ગાંધી ખેલ રત્ન પુરસ્કાર અંતર્ગત ખેલ રત્ન એવોર્ડ અને પ્રમાણપત્ર ઉપરાંત દરેક ખેલાડીને ૭.૫ લાખ રોકડ આપવામાં આવ્યા હતા.

– રાજીવ ગાંધી ખેલ રત્ન પુરસ્કાર આપવાની શરૂઆત વર્ષ ૧૯૯૧ – ૯૨માં કરવામાં આવી હતી.

– રાજીવ ગાંધી ખેલ રત્ન પુરસ્કારના પ્રથમ વિજેતા ચેસ માસ્ટર તરીકે જાણીતા વિશ્વનાથ આનંદ છે.

| **વિજેતા** | **રમત** |
|---|---|
| બજરંગ પુનિયા | કુસ્તી |
| દીપા મલિક | પેરા એથ્લેટીક્સ |

**અર્જુન પુરસ્કાર**

– અર્જુન પુરસ્કારની શરૂઆત વર્ષ ૧૯૬૧માં કરવામાં આવી હતી.

– આ પુરસ્કાર અંતર્ગત વિજેતાને ૫ લાખ રોકડ ઇનામ આપવામાં આવે છે.

– અર્જુન પુરસ્કારના પ્રથમ વિજેતા ગુરૂબચરન સિંહ રાઠવા છે.

– વર્ષ ૨૦૧૯માં કુલ ૧૯ ખેલાડીઓને અર્જુન પુરસ્કાર એનાયત કરવામાં આવ્યા છે.

| **વિજેતા** | **રમત** |
|---|---|
| રવિન્દ્ર જાડેજા | ક્રિકેટ |
| પૂનમ યાદવ | ક્રિકેટ |
| સ્વપ્ના બર્મન | એથ્લેટીક્સ |
| મહમ્મદ અન્સ યાહીયા | એથ્લેટીક્સ |
| તેજેન્દ્રપાલસિંહ તૂર | એથ્લેટીક્સ |
| સિમરનસિંહ શેરગિલ | પોલો |
| ચિંગલેન્સાનાસિંહ | હોકી |
| એસ. ભાસ્કરન | બોડી બિલ્ડીંગ |
| સોનિયા લાઠેર | કુસ્તી |
| ભામિદિપતિ પ્રણિત | બેડમિન્ટન |
| પ્રમોદ ભગત | પેરા–રમત – બેડમિન્ટન |

| | |
|---|---|
| ગુરૂપ્રીતસિંહ સંધુ | ફૂટબોલ |
| હરમીત દેસાઇ | ટેબલ ટેનિસ |
| અજય ઠાકુર | કબડ્ડી |
| ગૌરવસિંહ ગિલ | મોટર સ્પોર્ટ્સ |
| અંજુમ મોદગિલ | શૂટિંગ |
| પુજા ઢાડા | કુસ્તી |
| ફવાદ મિર્જા | ઘોડે સવારી |
| સુંદરસિંહ ગુર્જર | પેરા સ્પોર્ટ્સ એથ્લેટીક્સ |

**ધ્યાનચંદ પુરસ્કાર :**

– ધ્યાનચંદ પુરસ્કાર રમત ગમત ક્ષેત્રે યોગદાન બદલ આપવામાં આવે છે.

– આ પુરસ્કારની શરૂઆત વર્ષ ૨૦૦૨માં હોકીના જાદુગર ગણાતા મેજર ધ્યાનચંદની યાદમાં આપવામાં આવે છે. આ પુરસ્કારમાં વિજેતાઓને એક કાશ્ય પ્રતિમા, પ્રમાણપત્ર અને ૫ લાખ રોકડ ઇનામ આપવામાં આવે છે.

| **વિજેતા** | **રમત** |
|---|---|
| મેન્યુઅલ ફ્રેડરિક્સ | હોકી |
| મનોજકુમાર | કુસ્તી |
| અરૂક બાસ્ક | ટેબલ ટેનિસ |
| નિત્તેન કિર્તાને | ટેનિસ |
| સી. લાલરેમ્સાગા | તીરંદાજી |

**દ્રોણાચાર્ય પુરસ્કાર :**

– દ્રોણાચાર્ય પુરસ્કાર રમત ગમતના કોચને શ્રેષ્ઠ ખેલાડીઓને તૈયાર કરવાના યોગદાન બદલ આપવામાં આવે છે.

– દ્રોણાચાર્ય પુરસ્કારની શરૂઆત વર્ષ ૧૯૮૫માં કરવામાં આવી હતી. આ પુરસ્કારમાં વિજેતાઓને ગુરૂ દ્રોણાચાર્યની પ્રતિમા, પ્રમાણપત્ર અને ૫ લાખ રોકડ ઇનામ આપવામા આવે છે.

| **વિજેતા** | **રમત** |
|---|---|
| નિયમિત શ્રેણી | |
| વિમલકુમાર | બેડમિન્ટન |
| સંદીપ ગુપ્તા | ટેબલ ટેનિસ |
| મોહિન્દ્રસિંહ ઢીલ્લો | એથ્લેટિક્સ |
| લાઇફટાઇમ શ્રેણી | |
| મેઝબાન પટેલ | હોકી |
| રામબીરસિંહ ખોકર | કબડ્ડી |
| સંજય ભારદ્વાજ | ક્રિકેટ |

**(૩) સંયુક્ત અરબ અમીરાતના ભારતીય એમ્બેસેડર તરીકે પવન કુમારની નિમણૂક**

– સંયુક્ત અરબ અમીરાતના ભારતીય એમ્બેસેડર તરીકે પવન કુમારની નિમણૂક કરવામાં આવી.

– પવનકુમાર ૧૯૯૦ બેચના ભારતીય વિદેશ સેવા અધિકારી છે.

– પવનકુમાર અગાઉ માસ્કો, કિવ, લંડન અને જીનીવામાં ભારતનું પ્રતિનિધિત્વ કરી ચૂક્યા છે.

– તેઓ વર્ષ સંયુક્ત સચિવ તરીકે કાર્યરત હતા.

– હાલ તેઓ ઇઝરાયલ ખાતે ભારતીય એમ્બેસેડર છે.

– તેઓ નવદીપ સુરીનું સ્થાન લેશે. નવદીપ સુરી ઓક્ટોબર ૨૦૧૬ થી સંયુક્ત અરબ અમીરાતમાં ભારતીય એમ્બેસેડર છે. તેઓ ૧૯૯૦ બેચના ભારતીય વિદેશ સેવા અધિકારી છે.

**(૪) કોલ ઇન્ડિયા લિમિટેડના અધ્યક્ષ કમ મેનેજિંગ ડાયરેક્ટર– પ્રમોદકુમાર અગ્રવાલ**

– તાજેતરમાં સાર્વજનિક એન્ટરપ્રાઇઝ સિલેક્શન બોર્ડ દ્વારા કોલ ઇન્ડિયા લિમિટેડના અધ્યક્ષ કમ– મેનેજિંગ ડાયરેક્ટર તરીકે પ્રમોદ કુમાર અગ્રવાલને નીમવામાં આવ્યા.

– તેઓ અનિત કુમાર ઝાનું સ્થાન લેશે. અનિલ કુમાર ઝા જાન્યુઆરી ૨૦૨૦ માં નિવૃત્ત થશે.

– પ્રમોદકુમાર ૧૯૯૧ બેચના મધ્યપ્રદેશ કેડરના આઇએએસ અધિકારી છે.

– તેઓ હાલ મધ્યપ્રદેશ શહેરી વિકાસ તથા આવાસ વિભાગના મુખ્યસચિવ છે.

– પ્રમોદકુમાર અગ્રવાલ કોલ ઇન્ડિયા લિમિટેડના ૨૮માં અધ્યક્ષ – કમ– મેનેજિંગ ડાયરેક્ટર બનશે.

– કોલ ઇન્ડિયા લિમિટેડ ભારત સરકારની કોલસાની ખાણકામ અને રિફાઇનરી કંપની છે.

– તેનું મુખ્યાલય પશ્ચિમ બંગાળના કોલકત્તા ખાતે આવેલ છે.

**(૫) સેન્ટ્રલ બોર્ડ ઓફ ડાયરેક્ટ ટેક્સ બોર્ડના ચેરમેન પ્રમોદ ચંદ્ર મોદીના કાર્યકાળમાં વધારો :**

– તાજેતરમાં કેન્દ્રીય નિયુક્તિ સમિતિ દ્વારા સેન્ટ્રલ દ્વારા સેન્ટ્રલ બોર્ડ ઓફ ડાયરેક્ટ ટેક્સ બોર્ડના ચેરમેન પ્રમોદ ચંદ્ર મોદીના કાર્યકાળમાં એક વર્ષનો વધારો કરવામાં આવ્યો.

– પ્રમોદકુમાર ફેબ્રુઆરી ૨૦૧૯માં સેન્ટ્રલ બોર્ડ ઓફ ડાયરેક્ટ ટેક્સ બોર્ડના ચેરમેન બન્યા હતા.

– તેઓ ભારતીય રાજસ્વ સેવા ૧૯૮૨ બેચના અધિકારી છે.

– સેન્ટ્રલ બોર્ડ ઓફ ડાયરેક્ટ ટેક્સ બોર્ડ આવક વેરા વિભાગની નીતિ નિર્માણ કરતી સંસ્થા છે.

પ્રશ્નો :

(૧) રાષ્ટ્રીય ખેલ પુરસ્કાર ૨૦૧૯ માટે વિજેતા ખેલાડીઓ અને કોચની પસંદગી માટે કેન્દ્રીય રમત ગમત મંત્રાલય દ્વારા એક સમિતિની રચના કરવામાં આવી હતી તેના અધ્યક્ષ કોણ હતા ?

– સુપ્રીમ કોર્ટના નિવૃત્ત જજ જસ્ટિસ મુકુંદમ શર્મા

(૨) દેશનો સર્વોચ્ચ ખેલ પુરસ્કાર કયો છે ?

– રાજીવ ગાંધી ખેલ રત્ન પુરસ્કાર

(૩) રાજીવ ગાંધી ખેલ રત્ન પુરસ્કારના પ્રથમ વિજેતા કોણ છે ?

– ચેસ માસ્ટર તરીકે જાણીતા વિશ્વનાથ આનંદ

(૪) વર્ષ ૨૦૧૯ના રાજીવ ગાંધી ખેલ રત્ન પુરસ્કારના વિજેતા જણાવો ?

– બજરંગ પુનિયા અને દીપા મલિક

(૫) વર્ષ ૨૦૧૯માં કુલ કેટલા ખેલાડીઓને અર્જુન પુરસ્કાર એનાયત કરવામાં આવ્યા છે ?

– ૧૯ ખેલાડીઓને

(૬) ધ્યાનચંદ પુરસ્કાર કયાં વર્ષથી આપવામાં આવે છે કોની યાદમાં ?

– વર્ષ ૨૦૦૨થી, હોકીના જાદુગર ગણાતા મેજર ધ્યાનચંદની યાદમાં

(૭) તાજેતરમાં સંયુક્ત અરબ અમીરાતના ભારતીય એમ્બેસેડર તરીકે કોની નિમણૂક કરવામાં આવી ?

– પવનકુમાર

(૮) કોલ ઇન્ડિયા લિમિટેડનું મુખ્યાલય કયાં આવેલ છે ?

– પશ્ચિમ બંગાળના કોલકત્તા ખાતે

(૯) સેન્ટ્રલ બોર્ડ ઓફ ડાયરેક્ટ ટેક્સ બોર્ડના ચેરમેન કોણ છે ?

– પ્રમોદ ચંદ્ર મોદી

## ARTICLE-370

**(૧) જમ્મુ કાશ્મીરને મળેલ વિશેષ દરજ્જાનો અંત :**

Vivekanand Academy Gandhinagar

- દેશના રાષ્ટ્રપતિ રામનાથ કોવિંદ દ્વારા બંધારણીય આદેશ (Constitution order) અધિસૂચના જાહેર કરી બંધારણના અનુચ્છેદ ૩૭૦ના ખંડ એક સિવાયના તમામ ખંડો રદ કરવામાં આવ્યા.
- આ સાથે જ બંધારણના અનુચ્છેદ ૩૭૦ અને અનુચ્છેદ ૩૫ (એ) અંતર્ગત જમ્મુ કાશ્મીરને મળેલ વિશેષ દરજ્જાનો અંત આવ્યો.
- દેશની આઝાદીના ૭૨ વર્ષ બાદ જમ્મુ કાશ્મીરને બેવડા બંધારણ અને કાયદાથી આખરે આઝાદી મળી ગઈ છે.
- હવે જમ્મુ કાશ્મીરમાં સંપૂર્ણ રીતે ભારતીય બંધારણ લાગુ થશે.
- રાજ્યસભામાં રાષ્ટ્રપતિ દ્વારા જાહેર કરવામાં આવેલ બંધારણીય આદેશ (Constitution order) અધિસૂચનાને દેશના ગૃહ મંત્રી અમિત શાહ દ્વારા રજૂ કરવામાં આવી હતી.

**ઇતિહાસ :**

- ભારતની આઝાદી વખતે જમ્મુ કાશ્મીર એક રજવાડું હતું તે સમયે ત્યાં રાજા હરિસિંહનું શાસન હતું.
- કાશ્મીરના રાજા હરિસિંહે ભારત સાથે કે પાકિસ્તાન સાથે ન જોડાઇ સ્વતંત્ર રહેવાનો નિર્ણય કર્યો હતો.
- ૨૬ ઓક્ટોબર ૧૯૪૭ના રોજ પાકિસ્તાન ૧૯૪૭ના રોજ પાકિસ્તાન દ્વારા કાશ્મીર પર હુમલો કરવામાં આવ્યો હતો.
- હુમલામાં પોતાની અને પોતાની પ્રજાના રક્ષણ માટે રાજા હરિસિંહે ભારત સાથે જોડાવાનો નિર્ણય કર્યો.
- ૨૭ ઓક્ટોબર ૧૯૪૭ના રોજ ભારતના પ્રથમ પ્રધાનમંત્રી જવાહરલાલ નહેરૂની હાજરીમાં મહારાજ હરિસિંહે જમ્મુ કાશ્મીરને ભારતમાં જોડતા કરાર Instruments of Accession of Jammu and kashmir to India પર હસ્તાક્ષર કર્યા અને જમ્મુ કાશ્મીર ભારતનું અભિન્ન અંગ બન્યું.
- ભારત સરકાર દ્વારા જમ્મુ કાશ્મીરને અલગ બંધારણ ઘડવાની છૂટ આપવામાં આવી.
- ભારતીય બંધારણ સમિતિના સભ્ય એન ગોપાલસ્વામી આયંગર દ્વારા અનુચ્છેદ ૩૭૦ તૈયાર કરવામાં આવ્યો હતો.
- ભારતીય બંધારણના ભાગ ૨૧ના અનુચ્છેદ ૩૭૦માં જમ્મુને વિશેષ દરજ્જો આપવામાં આવ્યો છે.
- આ મુજબ જમ્મુ કાશ્મીરનું બંધારણ તૈયાર થયા બાદ રાષ્ટ્રપતિદ અનુચ્છેદ ૩૭૦ રદ્દ કરશે અથવા તો જમ્મુ કશ્મીરની બંધારણ સભાના કહ્યા મુજબ ફેરફાર કર્યા.
- ૧ માર્ચ ૧૯૪૯ના રોજ જમ્મુ કાશ્મીરના બંધારણ માટે બંધારણ સભાની રચના કરવામાં આવી હતી. જેના દ્વારા ૧૭ નવેમ્બર ૧૯૫૬ના રોજ જમ્મુ કાશ્મીરનું બંધારણ અસ્તિત્વમાં આવ્યું તેનો અમલ ૨૬ જાન્યુઆરી ૧૯૫૭ના રોજ થયો હતો.

અનુચ્છેદ ૩૭૦

- અનુચ્છેદ ૩૭૦ અંતર્ગત ત્રણ જોગવાઇઓ આપવામાં આવી છે.

**જોગવાઇ ૧.**

- જમ્મુ કશ્મીરમાં ભારતીય બંધારણની સંઘસૂચિ અને સમવર્તી સૂચિ અંતર્ગતના કાયદા રાષ્ટ્રપતિ દ્વારા જમ્મુ કાશ્મીરની સહમતી મુજબ લાગુ કરી શકશે.
- જમ્મુ કાશ્મીર ભારતનું અભિન્ન અંગ છે.

જોગવાઇ ૨.

- જમ્મુ કાશ્મીરનું અલગ બંધારણ અને તેની અલંગ બંધારણ સભા

જોગવાઇ ૩.

- જમ્મુ કાશ્મીરનું બંધારણ જ્યાં સુધી બની ને લાગુ ન થાય ત્યાં સુધી અનુચ્છેદ ૩૭૦ જમ્મુ કાશ્મીરમાં વ્યવસ્થાના ભાગરૂપે અસ્થાયી રૂપે લાગુ કરવામાં આવ્યો હતો.
- જેને જમ્મુ કાશ્મીરનું બંધારણ લાગુ થયા બાદ અનુચ્છેદ ૩૭૦ રદ કરવાની જોગવાઇ હતી.

અનુચ્છેદ – ૩૫ (એ)

- ૧૪ મે ૧૯૫૪ના રોજ ભારતના તત્કાલિન રાષ્ટ્રપતિ ડૉ. રાજેન્દ્રપ્રસાદ દ્વારા અનુચ્છેદ ૩૫ (એ) ને ભારતીય બંધારણમાં જોડી લાગુ કરવામાં આવ્યો હતો.
- અનુચ્છેદ ૩૫ (એ) બંધારણીય સુધારા તરીકે નહીં પણ રાષ્ટ્રપતિના આદેશ અનુસાર બંધારણમાં જોડવામાં આવ્યો હતો.
- અનુચ્છેદ ૩૫ (એ) જમ્મુ કાશ્મીર વિધાનસભાને જમ્મુ કાશ્મીરના નાગરીકોની વ્યાખ્યા કરવાનો અને તેનો પ્રાપ્ત અન્ય અધિકારો નક્કી કરવાનો વિશેષ અધિકાર આપે છે.

**અનુચ્છેદ ૩૭૦ અંતર્ગત જમ્મુ કાશ્મીરને આપવામાં આવેલ વિશેષ દરજ્જાઓ :**

- જમ્મુ કાશ્મીરના નાગરિકો પાસે બેવડી નાગરિકતા.
- જમ્મુ કાશ્મીરને અલગ ઝંડાનો અધિકાર.
- ભારતના રાષ્ટ્રધ્વજ અને પ્રતીકોનું અપમાન જમ્મુ કાશ્મીરમાં અપરાધ ગણાતો નથી.
- જમ્મુ કાશ્મીરમાં દેશની સુપ્રીમ કોર્ટના તમામ આદેશો લાગુ થતાં નથી.
- ભારતીય સંસદ જમ્મુ કાશ્મીરને ધ્યાને રાખી રક્ષા, સંચાર અને વિદેશી બાબતોના જ કાયદાઓ બનાવી શકે છે.
- જમ્મુ કાશ્મીરમાં રક્ષા, સંચાર અને વિદેશી બાબતો સિવાયના કેન્દ્ર સરકારના કોઇપણ કાયદાઓ લાગુ પડતાં નથી.
- જમ્મુ કાશ્મીરમાં કેન્દ્ર સરકારના અન્ય કાયદાઓ લાગુ કરવા માટે જમ્મુ કાશ્મીર વિધાનસભાની સહમતી જરૂરી છે.
- જમ્મુ કાશ્મીરમાં દેશની નાણાંકીય ઇમરજન્સી અંગેનો અનુચ્છેદ ૩૬૦ લાગુ થતો નથી.
- જમ્મુ કાશ્મીરમાં જમીન કાયદો, અલ્પસંખ્યાકો માટે અનામત RTI, RTE જેવા કાયદાઓ લાગુ થતાં નથી.
- જમ્મુ કાશ્મીર વિધાન સભાનો કાર્યકાળ ૬ વર્ષનો છે.
- જો કોઇ કાશ્મીરી યુવતી અન્ય રાજ્યના યુવક સાથે લગ્ન કરે તો તેની કાશ્મીરી નાગરિકતા રદ થશે અને યુવતીની કાશ્મીરની સંપતિ પરનો હક્ક નાબૂદ થશે.
- જો કોઇ પાકિસ્તાની યુવક સાથે કાશ્મીરી યુવતી લગ્ન કરે તો તે યુવકને કાશ્મીરની નાગરિકતા મળે છે.
- દેશના અન્ય કોઇપણ રાજ્યના ઉમેદવારો જમ્મુ કાશ્મીર રાજ્યની સરકારી નોકરી માટે અરજી કરી શકતા નથી.

**રાષ્ટ્રપતિ રામનાથ કોવિંદ દ્વારા બંધારણીય આદેશ કરી બંધારણના અનુચ્છેદ ૩૭૦ના ખંડ એક સિવાયના તમામ ખંડો રદ કરવામાં આવ્યા બાદ જમ્મુ કાશ્મીરને મળતા અધિકારો :**

- જમ્મુ કાશ્મીરના નાગરિકો પાસેથી બેવડી નાગરિકતાનો અંત આવ્યો હવે તેઓ માત્ર ભારતના જ નાગરિક કહેવાશે.
- જમ્મુ કાશ્મીરને અલગ ઝંડાના અધિકારનો અંત આવ્યો હવે માત્ર ભારતનો ત્રિરંગો જ રાષ્ટ્રધ્વજ.
- ભારતના રાષ્ટ્રધ્વજ અને પ્રતીકોનું અપમાન જમ્મુ કાશ્મીરમાં અપરાધ ગણાશે.

- જમ્મુ કાશ્મીરમાં દેશની સુપ્રીમ કોર્ટના તમામ આદેશો લાગુ થશે.
- જમ્મુ કાશ્મીરમાં રક્ષા, સંચાર અને સ્વદેશી બાબતો સહિતના કેન્દ્ર સરકારના તમામ કાયદાઓ લાગુ થશે.
- જમ્મુ કાશ્મીરમાં દેશના કોઇપણ નાગરીક જમીન મકાન જેવી તમામ સંપતિ ખરીદી શકશે.
- જમ્મુ કાશ્મીરમાં અલ્પસંખ્યાકો માટે અનામત, RTI, RTE જેવા કાયદાઓ લાગુ થશે.
- જો કોઇ કાશ્મકીરી યુવતી અન્ય જરાજ્યના યુવક સાથે લગ્ત કરે તો તેની કાશ્મીરી નાગરિક્તા રદ થશે નહીં અને સંપતિ પણ તેની પાસે જ રહેશે.
- જો કોઇ પાકિસ્તાની યુવક સાથે કાશ્મીરી યુવતી લગ્ન કરે તો તે યુવકને કાશ્મીરની નાગરિકતા મળેતી હતી જે હવે મળશે નહીં
- દેશના અન્ય કોઇપણ રાજ્યના ઉમેદવારો જમ્મુ કાશ્મીર રાજ્યની સરકારી નોકરી માટે અરજી કરી શકશે.
- જમ્મુ કાશ્મીર વિધાન સભાનો કાર્યકાળ ૫ વર્ષનો રહેશે.

Vivekanand Academy Gandhinagar